Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૮૧
તા.૦૫-૦૮-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૩ શ્રાવણ સુદ - ૧૩
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૧૨ સૂર્યાસ્ત : ૦૭:૧૯

તાપમાન: ડીસા ૩૨.૦ | અમદાવાદ ૩૩.૩ | ગાંધીનગર ૩૩.૫ | વડોદરા ૩૨.૫ | સુરત ૩૦.૪ | નલિયા ૩૧.૨

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# પુરપીડીતોના દુ:ખને સમજવા આવ્યો છું : રાહુલ ગાંધી

## ધાનેરાના પુરઅસર ગ્રસ્ત વિસ્તારોની રાહુલ ગાંધીએ મુલાકાત લીધી : રાહુલ ગાંધીની કાર પર પથ્થરમારાની ઘટનામાં ભાજપનો હાથ હોવાનો કોંગ્રેસનો આક્ષેપ : કોંગ્રેસ દ્વારા ધાનેરા પોલીસમથકમાં ફરિયાદની તજવીજ


એન.કે.મોદી





તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં આવેલ વિનાશક પુર બાદ દેશ અને રાજયમાંથી નેતાઓની પુર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવાની દોડ જામી છે ત્યારે કોંગ્રેસના રાષ્ટ્રિય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પુર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી જેમા થાવર હેલીપેડ ઉતરાણ કર્યા બાદ માલોત્રા ગામમાં પુરના પાણીમાં મૃત્યુ પામેલા પ્રજાપતિ પરિવારને મળ્યા હતા અને ત્યારબાદ રાજપુત વાસમાં પણ પુરના કારણે મૃત્યુ પામેલા લોકોના કુંટુંમ્બીજનોની મુલાકાત લીધી હતી. અને તેમને આશ્વાસન આપ્યું હતું. બાદમાં માર્કેટયાર્ડની મુલાકાત લેવા પહોચતા માર્કેટયાર્ડના ચેરમેન ભગવાનદાસ પટેલ તેમજ વેપારીઓએ તેમનો વિરોધ કરી મોદી મોદીના નારા લગાવ્યા હતા. બાદમાં રાહુલ ગાંધીએ લાલચોક ખાતે જાહેરસભા સંબોધી હતી. તેમા ભાજપના ૧૦ જેટલા કાર્યકરો એ કાળા ઝંડા બતાવી ઉગ્ર વિરોધ કર્યો હતો. જેના કારણે રાહુલ ગાંધીએ પ્રવચન આપતા થોડી મોનીટો માટે રોકાઈ જવું પડ્યું હતું. જોકે, ૧૦ જેટલા કાર્યકરોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. જેમાં ૩ થી ચાર કાર્યકરોને પોલીસ દ્વારા માર પણ મારવામાં આવ્યો હતો. ત્યારે રાહુલ ગાંધી માત્ર ૧૦ મીનીટમાં સભા પતાવી હેલીપેડ જવા રવાના થયા હતા. ત્યાંજ ૨૦૦ મીટરના અંતરે રાહુલ ગાંધીની ગાડી પર કોઈ અજાણ્યા શખ્સો દ્વારા પથ્થરમારો કરવામાં આવ્યો હતો. જેને લઈ ચકચાર મચી જવા પામી હતી.

ધાનેરાની પુરઅસરગ્રસ્ત વિસ્તારોમાં મુલાકાત લઈ જાહેરસભા સંબોધી અને સભા સ્થળેથી ૨૦૦ મીટરના સ્થળે પહોચ્યા હશે ત્યાં કોઈ અજાણ્યા ઈસમે રાહુલ ગાંધીને લઈ જતી ગાડી પર પથ્થર માર્યો હતો જોકે ગાડીમાં પહેલી સીટ પર રાહુલ ગાંધી બેઠેલા હતા અને પાછળની સીટમાં ભરતસિંહ સોલંકી, અશોક ગેહલોત, સિધ્ધાર્થ પટેલ હતા અને જ્યારે કોઈ શખ્સે પથ્થરમાર્યો ત્યારે ગાડીની આજુબાજુની ફરતે રહેલા એસ.પી.જી.ના કમાન્ડરના હાથ પર લાગી કાચ તોડી ગાડીની અંદર પહોંચ્યો હતો. જેમાં અંદર બેઠેલાને સામાન્ય ઈજા થઈ હતી. અને ત્યારબાદ રાહુલ ગાંધી હેલીપેડ જવા તાત્કાલીક રવાના થયા હતા. આ ઘટનાથી ધાનેરા તેમજ રાજય અને દેશભરમાં ચકચાર મચી ગઈ હતી.

### રાહુલ ગાંધી ઉપર હુમલો થતાં ભાજપનો ચહેરો ખુલ્લો પડ્યો

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની કાર પર આજે બનાસકાંઠા જિલ્લામાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમ્યાન થયેલા હુમલાના ગુજરાત કોંગ્રેસથી લઈ દિલ્હીના કોંગ્રેસ સુધી ઘેરા પ્રત્યાઘાતો જોવા મળ્યા હતા. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓએ તો રાહુલ ગાંધી પર પથ્થરમારો કરાવવાના હુમલા માટે ભાજપને જવાબદાર ઠરાવી તેને આડા હાથે લીધુ હતું. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અભિષેક મનુ સિંઘવીએ ભાજપની આકરી નિંદા કરતા અને હુમલાને વખોડતા જણાવ્યું હતું કે, ભાજપ તેની ગંદી રાજનીતિ માટે ગમે તે હદ સુધી જઈ શકે છે અને ગમે તે કરી શકે છે. ભાજપને દેશની સંસ્કૃતિ અને લોકશાહી વ્યવસ્થાની પડી નથી. રાહુલ ગાંધી પર હુમલો કરાવી ભાજપની ચાલ, ચરિત્ર અને ચહેરો ખુલ્લા પડી ગયા છે. અભિષેક મનુ સિંઘવીએ રાહુલ ગાંધી પર ભાજપે કરાવેલા હુમલાને વખોડતા જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી આજે ધાનેરા વિસ્તારમાં તેમની પૂરગ્રસ્તોની મુલાકાત દરમ્યાન કારમાં પસાર થતા હતા ત્યારે સીમેન્ટની ઇંટ વડે તેમની પર જોરદાર હુમલો કરાયો. જેમાં કારનો કાચ તૂટી ગયો અને એસપીજી જવાનને ઈજા પહોંચી. સદ્‌ભાગ્યે રાહુલગાંધીને કોઈ ઈજા પહોંચી ન હતી પરંતુ રાહુલ ગાંધી પર હુમલાની આ ઘટના સામાન્ય કે હળવાશથી ના લઈ શકાય કારણ કે, ભાજપ એવુ ઈચ્છી રહી છે કે તેમના સિવાય પૂરગ્રસ્ત વિસ્તારોમાં જાણે કોઈ મુલાકાત જ ના લે અને પૂરપીડિતોને સાંત્વના ના આપે કે તેઓની વ્યથા ના સાંભળે. ભાજપની આ તાનાશાહી અને સરમુખત્યારશાહી લોકતાંત્રિત દેશમાં ચાલી શકે નહી. ભાજપને તેની ગંદી રાજનીતિમાં ભારતીય સંસ્કૃતિ કે લોકશાહી વ્યવસ્થાની પડી નથી. રાહુલ ગાંધી પર ભાજપે આ પ્રકારે અત્યંત ઘૃણાસ્પદ હુમલો કરાવતાં તેની ચાલ, ચરિત્ર અને ચહેરો ખુલ્લા પડી ગયા છે.

### કોંગ્રેસના કાર્યકરોનો ઉગ્ર વિરોધ

રાહુલ ગાંધી પર થયેલા હુમલા અને ભાજપ દ્વારા કરવામાં આવેલા સુત્રો ચ્ચાર બાદ ફરીયાદ નોધાવા માટે પોલીસ પાસે આવ્યા હતા પરંતુ તેમના પર પણ પોલીસે લાઠી ચાર્જ કર્યો હતો કોંગ્રેસના નેતાઓનો પોલીસ પર આક્ષેપ છે કે પોલીસની પણ ભાજપ સાથે મીલી ભગત છે તેઓએ જણાવ્યું હતું કે જ્યારે રાહુલ ગાંધી માર્કેટયાર્ડમાં મુલાકાત લેવા પહોંચ્યા ત્યારે ભાજપના નેતાઓ અને કાર્યકરો દ્વારા પોલીસની હાજરીમાંજ મોદીના નારા લગાવી રાહુલ ગાંધી નો વિરોધ કર્યો હતો. પરંતુ તે સમયે પોલીસે આંખ સામે બંધુજ જોઈ કોઈની સામે કાર્યવાહી કરી નહી અને ત્યારબાદ સભામાં કાળાવાવટા ફરકવા અને ગાડી પરના પથ્થરમારાનો બનાવ બન્યો હતો.

### ફરીયાદ નોધાવા આવેલા કોંગ્રેસના કાર્યકરો પર પોલીસે લાઠી ચાર્જ કર્યા



ભાજપના કાર્યકરોએ કાળા વાવટા ફરકાવી તેમજ સુત્રોચાર કરી વિરોધ દર્શાવ્યો હતો. તેમજ રાહુલ ગાંધીની ગાડી પર જે હુમલો થયો હતો. તેની ફરીયાદ નોધાવા માટે કાર્યકરો પ્રાંત કચેરીમાં રહેલા પોલીસ સ્ટેશનમાં ગયા હતા પરંતુ ત્યાં થરાદ ડીવાયએસપી ઉમેશભાઈ પટેલે લાઠી ચાર્જ કરવાનું શરૂ કર્યુ હતું. અને તેમા ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈના પુત્ર સંજયભાઈ દેસાઈને ચહેરાના ભાગ પર તેમજ અન્ય કેટલાક કાર્યકરોને ઈજા થઈ હતી જેના કારણે કાર્યકરોએ ભારે વિરોધ કર્યો હતો અને હાયરે ભાજપ હાય હાય હાય રે મોદી હાય હાય અને હાયરે પોલીસ હાય હાય ના નારા લગાવ્યા હતા.

### રાહુલ પરનો હુમલો નિંદનીય : નીતિન પટેલ

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પર બનાસકાંઠામાં પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત દરમ્યાન થયેલા હિંસક હુમલાને રાજયના નાયબ મુખ્યપ્રધાને પણ નિંદનીય ગણાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કોઈનો પણ વિરોધ કરવો હોય તો વિવેકપૂર્ણ રીતે કરવો જોઈએ. કાંકરીચાળો કે પથ્થરમારો કોઈપણ પ્રકારે યોગ્ય ના કહી શકાય. નાયબ મુખ્યપ્રધાને રાહુલ ગાંધી પર હુમલા અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, અમે રાહુલ ગાંધીને બુલેટપ્રુફ કારની સુરક્ષા આપવાનું કહ્યું હતું પરંતુ તેમણે ખાનગી કારમાં પ્રવાસનું મુનાસીબ માન્યુ. અલબત્ત, તેમની કાર પર જે પ્રકારે હુમલો થયો તે યોગ્ય નથી. કોઈપણ રાજનેતા હોય કે વ્યકિત હોય તે આવી પરિસ્થિતિમાં મુલાકાતે આવે ત્યારે કોઈને તેમને રજૂઆત કરવી હોય તો કરી શકે છે, તેમનો વિરોધ કરવો હોય તો પણ વિવેકપૂર્ણ રીતે કરી શકાય. આ પ્રકારે કાંકરીચાળો કે પથ્થરમારો કોઈપણ પ્રકારે યોગ્ય કે વાજબી ના કહી શકાય. તેમણે હુમલાની નિંદા કરી હતી.કાર્યવાહી કરી નહી અને ત્યારબાદ સભામાં કાળાવાવટા ફરકવા અને ગાડી પરના પથ્થરમારાનો બનાવ બન્યો હતો.

### બુલેટ પ્રુફગાડી આપી હતી પરંતુ તેમને ઈન્કાર કર્યો હતો : એસ.પી

જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરે મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે રાહુલ ગાંધી હેલીપેડ પર ઉતર્યા ત્યારથી પોલીસ પ્રોટેક્સનને ધ્યાનમાં લઈને બુલેટપ્રુફ ગાડી પુરી પાડવામાં આવી હતી પરંતુ રાહુલ ગાંધી તેમાં બેઠાનહી અને પાર્ટીની માણસની ફોરચ્યુનર ગાડીમાં બેઠા હતા અને વધુમાં પોલીસ સુરક્ષા ધ્યાનમાં લઈને રાહુલ ગાંધીને પોલીસ તરફથી બાજુમાં રહેલા લોકોને મળવા જવા પણ મનાઈ ફરમાવી હતી. પરંતુ તેઓ પોલીસ પ્રોટેક્શનની બહાર જઈ મળવા ગયા હતા.

### પોલીસ ભાજપ સાથે મળેલી છે : અર્જુન મોઢવાડીયા

ગાડી પર પથ્થરમારાનો બનાવ બન્યા બાદ તાત્કાલીક રાહુલગાંધી થરાદ જવા રવાના થયા હતા પરંતુ ઘટના ઉગ્ર બનતા કાર્યકરો એ પોલીસ આગળજ ફરીયાદ લેવા કહ્યુ હતું. તે બાબતે મોઢવાડીયાએ જણાવ્યું હતુ કે પોલીસ તંત્ર અને ભાજપ બંને મળેલા છે જેના કારણે આ બનાવ બનવા પામ્યો છે હાલના તબ્બકે કોંગ્રેસના નેતાઓની માંગ છે કે જેને ગાડીપર હુમલો કર્યો તેમના તમામ વિરૂધ્ધ ૩૦૭ મુજબ કેસ દાખલ કરી કાર્યવાહી કરવામાં આવે.

### ચાર શખ્સો સામે પોલીસ ફરીયાદ

રાહુલ ગાંધી તેમના કાફલા સાથે ફોરચ્યુનર ગાડી નં.જીજે૮એઈ ઉપર કોઈ શખ્સોએ પથ્થર મારો કર્યો હતો જે અંગે પાર્થિવ રાજસિંહ પ્રવિણસિંહ કઠવાડીયા, રહે.અમદાવાદ અને લાલજી દેસાઈ રહે.અમદાવાદવાળાઓએ ધાનેરા પોલીસ મથકે જયેશ દરજી, મોડસિંગ રાવ, મુકેશ પ્રાગજીભાઈ ઠક્કર તથા ભગવાનદાસ હાજાભાઈ પટેલ સામે પોલીસમાં ફરીયાદ આપી હતી. જેમાં ભાજપના કાર્યકરોએ પૂર્વ આયોજીત કાવતરૂ ઘડી કોઈનો જીવ જોખમમાં મુકાય તે રીતે પથ્થરમારો કર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.

## રાહુલ ગાંધીની સભામાં લાલચોક ખાતે કાળા વાવટા ફરકાવી વિરોધ કરતા ૧૦ જેટલા ભાજપના કાર્યકર્તાઓની અટકાયત

# કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી કાંકરેજની મુલાકાતે

## પૂરગ્રસ્તોને વધુ સહાયની હૈયાધારણા : થરા - રૂની નજીક કેનાલનું નિરિક્ષણ કર્યું : રૂની પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યા

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકામાં બનાસનદી નર્મદા કેનાલના સંયુક્ત ઘોડાપૂરે તારાજી સર્જયાના એક સપ્તાહ બાદ પરિસ્થિતિ થાળે પડી રહી છે ને સેવાભાવી સંસ્થાઓએ લોકોના ઉમદા સહયોગથી આ વિસ્તારની પ્રજા દુ:ખની કપરી પરિસ્થિતિમાં પ્રફુલ્લીત બની છે રાહત સહાયનું પણ ઘોડાપૂર ઉમટયું છે. રાજય સરકાર તો છેલ્લા પાંચ દિવસથી બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુરથી ચાલીને કેન્દ્રીય વરિષ્ઠ મંત્રીઓને વિવિધ વિસ્તારની જવાબદારી પણ સોપવામાં આવીને સરકાર દ્વારા કેશ ડોલ્સ સમગ્ર બનાસકાંઠા પાટણ જિલ્લામાં ચૂકવવાની જાહેરાત બાદ કોંગ્રેસના અગ્રણીઓ પણ પૂરની પરિસ્થિતિ પછી સતત વિસ્તારોની મુલાકાત લઈ લોકોને આશ્વાસન આપી રહ્યા છે. ત્યારે ગઈકાલે કોંગ્રેસ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી, ગુજરાત પ્રભારી અશોક ગહેલોત, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર સહિતના આગેવાનોએ કાંકરેજ તાલુકાના જૈન યાત્રાધામ રૂની ખાતે પહોચ્યા હતા જયાં તેઓ ખારીયા ગામના એક જ પરિવારના ૧૭ લોકોના મૃત્યુ થયા તે પરિવાર સહીત અન્ય પૂરગ્રસ્ત લોકોને મળી આશ્વાસન આપ્યું હતું. કાંકરેજ તાલુકાના થરા, તાણા શિશુમંદિર હેલીપેડથી મોટર માર્ગે આગળ વધી રહ્યા હતા. ત્યારે કબેટલાક તત્વોએ થરા - તાણા - રોડ પર કાળા વાવટા બતાવવા પ્રયત્ન કરેલ. ધાનેરામાં થયેલ પથ્થર મારાના પગલે થરા - રૂની વચ્ચે ચુસ્ત


યશપાલસિંહ ટી.વાઘેલા

અનુસંધાન પાના નં.૬

# બનાસકાંઠામાં હોનારતનું પુનરાવર્તન રોકવા સરકાર પુરના માર્ગે નદી બનાવશે

## ધાનેરાથી વાવ સુધીનો ૧૦૦ કિ.મી.નો જળમાર્ગ બનશે : શંકરભાઈ ચૌધરી

રાજકોટ

ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ અને રાજસ્થાન તરફના પ્રચંડ પુરના કારણે ભારે વિનાશ વેરાના ભવિષ્યમાં આવી ઘટના બને તો તેની અસર ન થાય અથવા નહિવત થાય તે માટે સરકારે લાંબા ગાળાનું આયોજન વિચાર્યુ છે તે મુજબ પુરના માર્ગને જળમાર્ગ તરીકે જ વિકસાવવાની સરકારની ગણતરી છે. બનાસકાંઠા જિલ્લાના ધાનેરાથી વાવ સુધીના ૧૦૦ કિ.મી. જેટલા માર્ગ પર પુરના અતિ રૌદ્ર સ્વરૂપના



કારણે કલ્પનાતિત નુકશાન થયુ છે. માર્ગમાં આવતા ખેતરોમાં ધોવાઈ ગયા છે આ માર્ગે ગામો વસેલા હોવાથી નુકશાની વધુ થઈ છે. ભવિષ્યમાં ફરી પુર આવે તો લોકોના જાનમાલને નુકશાન ન થાય તે માટે સરકાર પુરના સમગ્ર માર્ગને નદીનું સ્વરૂપ આપવા માંગે છે. આ માર્ગની નજીકમાં ૨૦૦ થી ૨૫૦ ગામડાઓ આવેલ છે. સામાન્ય રીતે સરકાર નવા ડેમ બનાવવાનું વિચારતી હોય છે પરંતુ વિશિષ્ટ સંજોગોને ધ્યાને લઈને સરકાર વહેણના માર્ગને પુરતી ઉંડાઈ અને પહોળાઈ સુધી લઈ જઈને નદી બનાવવાનું લાંબા ગાળાનું આયોજન વિચાર્યુ છે. જો માર્ગને નદીનું સ્વરૂપ આપી દેવામાં આવે તો પુર નુકશાન કર્યા વગર પસાર થઈ શકે.

વાવના ધારાસભ્ય અને રાજયના આરોગ્ય મંત્રી શ્રી શંકર ભાઈ ચૌધરી કહે છે કે પુરના માર્ગને નદીમાં ફેરવવાનું લાંબા ગાળાનું આયોજન વિચારાધીન છે. કુદરતી આપતિનો પ્રજાએ ખૂમારીથી સામનો કર્યો છે. ૬૦ હજાર લોકોને કામચલાઉ સ્થળાંતર કરાવાયેલ. ૧૦ હજાર લોકોને

અનુસંધાન પાના નં.૬

## સૂર્યોદય - ૬.૧૨ સૂર્યાસ્ત - ૭.૧૯

## તિથિદર્શન
શ્રાવણ સુદ-૧૩ શનિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ શ્રાવણ સુદ : તેરસ શનિવાર નક્ષત્ર : પૂર્વષાઢા રાત્રે ૧૧.૩૫ પછી ઉત્તર ષાઢા યોગ:વિષ્કુંભ કરણ: કૌલવ આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### સુખાર્થિનઃ કુતા વિદ્યા નાસ્તિ વિદ્યાર્થિનઃ સુખં સુખાર્થી વા ત્યજેદ્વિધાં વિદ્યાર્થી વા ત્યજેત્સખં

'સુખની ઈચ્છાવાળાને વિદ્યા ક્યાંથી મળે? તેવી જ રીતે સાચા અર્થમાં જ વિદ્યાર્થી છે તેના નસીબમાં સુખ હોય જ ક્યાંથી? અર્થાત્ વિદ્યાર્થી અને સુખને બારમો ચંદ્ર છે. જો સુખની આશા કે અપેક્ષા હોય એવા વિદ્યાર્થી તો 'ભણવા' ને દૂરથી જ 'રામ- રામ' કરવા જોઈએ. જેને વિદ્યાની ઈચ્છા રાખવી હોય તેણે સુખનો મોહ છોડી દેવો જોઈએ.'

વિદ્યા- અભ્યાસ એ સાધના છે. વિદ્યા પ્રાપ્ત કરવા માટે નિશ્ચિત પરિશ્રમ કરવો જરૂરી છે.'વાંચન' કરવું એને માટે ઊંઘ લીધા વિના એક આસને બેસી રહેવું પડે, એમ એક આસને બેસવા માટે ખોરાક ઓછો લેવો પડે, ભૂખ્યા રહેવાનું તપ કરવું પડે.

પ્રાચીનકાળમાં રાજાઓના પુત્ર પણ જિંદગીના પ્રથમ પચ્ચીસ વર્ષે આશ્રમ- તપોવનમાં કઠોર તપ કરી જાતે પરિશ્રમ કરી, સ્વાશ્રય દ્વારા રોજિંદી પ્રવૃત્તિ કરી ગુરુ પાસેથી બધા જ પ્રકારની વિદ્યા તાલીમ- કેળવણીનું શિક્ષણ પ્રાપ્ત કરતા, પછી જ 'રાજ્ય કારભાર' માટે તૈયાર થતા.

જે વિદ્યાર્થી તમામ સુખ- સુવિધા સાથે ભણે છે એને વિદ્યા પ્રાપ્ત થતી નથી. એટલે કે જેણે ખરેખર અભ્યાસ કરવો જ છે એને તમામ મોજશોખ, એશ- આરામ, સ્વચ્છંદતાનો ત્યાગ કરવો જ પડે, તો જ ભણવામાં મન પરોવાય.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) લાગણી ઘવાય તેવા બનાવો બને. ધીરજ-મક્કમતાથી સંકટનો સામનો કરવો હિતાવહ.**
**વૃષભ : (બ.વ.ઉ.) વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. નવિન કાર્યમાં સફળતા મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) સ્વમાનભંગના ભોગ બનવું પડે. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**કર્ક : (ડ.હ.) મહેનતથી કાર્ય સિધ્ધિ મલે. પ્રતિકૂળતામાંથી બહાર આવી શકશો.**
**સિંહ : (મ.ટ.) વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. આરોગ્યને સંભાળવું.**
**કન્યા : (પ.ઠ.ણ.) હિતશત્રુઓથી સાવધ રહેવું. નાણાંભીડ અનુભવવી પડે.**
**તુલા : (ર.ત.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. ધંધાકીય કાર્યમાં સફળતા મળે.**
**વૃશ્ચિક :(ન.ય. ) અકસ્માતથી સંભાળવું. નાણાંભીડમાં રાહત અનુભવાય.**
**ધન : (ભ.ફ.ધ.) ગૃહવિવાદના ભોગ બનવું પડે. માનસિક તનાવ જણાય.**
**મકર : (ખ.જ.) ધીરજના ફળ મીઠા મળે. મનનું ધાર્યું થાય નહીં.**
**કુંભ : (ગ.શ.સ.) નવિન આયોજન પાર પડે. કૌટુંબિક પરેશાની દૂર થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) આર્થિક નવા આયોજનો પાર પડે. જીવનસાથી સાથે આનંદ-પ્રમોદનો પ્રસંગ બને.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

સંદેશ જગતના બેતાજ બાદશાહ લોર્ડ ટોમ્સનની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ૫-૬-૧૮૯૪ ના રોજ ટોરેન્ટો (કેનેડા) માં થયો હતો. જગતભરના જુદા જુદા દેશોમાં બધા મળીને ૮૩ દૈનિકો, ૧૩૮ સામયિકો ઉપરાંત ૭ પુસ્તક પ્રકાશન સંસ્થાઓ, ૧૯ મુદ્રણ કંપની, ૩ બ્લોક બનાવતી કંપની, ૧૦ પ્રદર્શન કંપની, ૩ પ્રવાસ એજન્સી, ૧૫વીમાં કંપનીઓ, ૧૧ હોટલો, ૧૪ બોઈંગ વિમાનો, ૧૦ ટ્રેડીંગ કંપની, ૭ રેડીયો સર્વિસ અને ૧૬ ટેલીવીઝન કેન્દ્રોનુ પોતાની માલીકીનું અજોડ સામ્રાજ્ય ધરાવનાર આપ્રામાણિક પુરૂષાર્થી માનવીનું ૫-૮-૧૯૭૬ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૧૦૦૧૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ....!!!

**તા ૦૪.૦૮.૨૦૧૭ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ (૧૦૧૧૧) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૧૦૧ પોઈન્ટના પ્રથમ અને ૧૦૦૧૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૧૭૩ પોઈન્ટ થી ૧૦૨૦૨ પોઈન્ટ, ૧૦૩૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૩૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ACC લિમિટેડ (૧૮૨૭) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૦૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૭૯૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૪૪ થી રૂ.૧૮૬૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૬૧ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) યસ બેન્ક (૧૮૨૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૧૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૮૦૮ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૮૪૭ થી રૂ.૧૮૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) HDFC બેન્ક (૧૭૯૫) :- રૂ.૧૭૭૬ પ્રથમ તેમજ રૂ.૧૭૬૧ ના બીજા સપોર્ટથી બેન્ક સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૮૦૮ થી રૂ.૧૮૧૮ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) તાતા સ્ટીલ (૫૮૩) :- સ્ટીલ સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૫૯૭ થી રૂ.૬૦૯ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૫૬૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) એકસિસ બેન્ક (૫૧૦) :- રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૪૯૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક...!! બેન્ક સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૨૩ થી રૂ.૫૩૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) રિલાયન્સ ઇન્ડ (૧૬૩૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રિફાઇનરી સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૫૧ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૬૧૧ થી રૂ.૧૬૦૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૬૬૦ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૩૪) :- રૂ.૧૨૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૬૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૨૧૨ થી રૂ.૧૨૦૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૬૧ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) HCL ટેક્નોલોજી (૮૯૪) :- ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૧૩ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૮૭૭ થી રૂ.૮૬૪ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) ભારત પેટ્રો ( ૫૨૨ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબઁ જોં ઓઇલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૩૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૧૦ થી રૂ.૪૯૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૫૪૧ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) હિન્દ પેટ્રો (૪૩૯) :- રૂ.૪૪૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૬૪ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૪૧૪ થી રૂ.૪૦૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૭૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

# બનાસકાંઠાના પૂર અસરગ્રસ્તો માટે ડીસા જલારામ મંદિર બન્યું અદકેરૂં સેવાધામ

ડીસા

છેલ્લા ૫૦-૬૦ વર્ષોમાં ના જોઈ હોય કે ના અનુભવી હોય એવી ભારે વરસાદથી બનાસકાંઠામાં આવેલી પૂર હોનારતથી જાનહાનિ, પશુહાનિ, ખેતી નુકશાન અને રહેણાંક વિસ્તારને તેમજ ધંધા રોજગારને ભારે નુકશાન થયું છે. તાઃ ૨૨/૭/૨૦૧૭ ને શનિવારે રાતથી શરૂ થયેલો વરસાદ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં બરાબર સાત દિવસ સુધી ઓછાવધતા પ્રમાણમાં ચાલુ જ રહ્યો. રવિવારે વરસાદનું જોર વધ્યું. તાઃ ૨૩/૭/૨૦૧૭ ને રવિવારે ઉપરવાસ એટલે કે રાજસ્થાનમાં પણ વરસાદનું જોર વધતાં પાણીનો પ્રવાહ બનાસકાંઠા તરફ અવિરત આવવા લાગ્યો. સીપુ અને દાંતીવાડા ડેમ ભરાતાં જ તેના દરવાજા ખોલવા પડ્યા અને પાણીએ વિનાશ વેરવાનું ચાલુ કર્યું. ધાનેરા, ડીસા, કાંકરેજ, દિયોદર, વાવ, થરાદ, રાધનપુર, હારિજ, સમી સહિત તમામ તાલુકાઓમાં મુશ્કેલી વધવા લાગી. પાલનપુર, ધાનેરા, થરા, પાટણનાં જલારામ મંદિરોએ સેવાકેમ્પો ચાલુ થયા. ડીસા જલારામ મંદિરે પણ પ્રથમ દિવસથી જ એટલે કે સોમવાર તાઃ ૨૪/૭/૨૦૧૭ થી પૂર અસરગ્રસ્તો માટે ભોજન અને રહેવાની વ્યવસ્થા કરી દેવાઈ. રેશનકીટ, વાસણકીટ, ફૂડપેકેટ, ભોજનાલય ઉપર ભોજન વ્યવસ્થા, દવાની વ્યવસ્થા, ધાબળા, કપડાં વગેરેની સગવડથી ડીસાનું જલારામ મંદિર અદકેરૂં સેવાધામ બન્યું.ડીસા જલારામ મંદિર ખાતે જ બીજા માળે ભાજપ દ્વારા પણ કંન્ટ્રોલરૂમ શરૂ કરાયો. શ્રી સદગુરુ સેવાસદન રાજ- કોટ, સ્ત્રી સમાજ ડીસા, લોહાણા **અનુસંધાન પાના નં.૬**

# બનાસકાંઠા અને પાટણ જિલ્લાના પુર અસરગ્રસ્તોની વ્હારે બ્રહ્માકુમારી વિદ્યાલય



ડીસા

અધ્યાત્મ સંસ્થા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા પુર અસરગ્રસ્ત ગામડાઓની સેવાર્થે સરાહનીય કામગીરી કરેલ છે. બ્રહ્માકુમારીઝ મિડીયાના શશીકાન્ત ત્રિવેદીના જણાવ્યાનુસાર વરસાદથી ગ્રસ્ત બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અતિ સંવેદનશીલ ગામડાઓ જેવા કે ખારીયા - રૂણી અ ભદ્રેવાડી - ટોટાણા - સુદ્રોસણા વગેરે અનેક ગ્રામ્ય વિસ્તારોમાં માનવમાત્રને જરૂરીયાતો પુરી પાડવા ડીસા - ધાનેરા - શિહોરી - રાધનપુર - પાલનપુર સેવા કેન્દ્રોના બ્રહ્માકુમારી સુરેખાબેન - ભારતીબેન - હસુબેન સથે વિવિધ ૧૦ ભાઈ - બહેનોના ગ્રૃપે રાત - દિવસ જોયા વગર મદદ કરેલ છે જેમાં ડો સેજલબેન સાથે રહી મેડીકલ દવાઓ - જમવાના પેકેટ - પાણી - અનેક ગ્રામ્ય જનતાને કપડાઓ બુટ - ચપ્પલો પહોચાડેલ તથા દરેક સેવા કેન્દ્રો પર મૃતાત્માઓની સદગતી માટે વિશેષ શાંતિની શક્તિનુ દાન રાજયોગ તપસ્યા દ્વારા આપવામાં આવેલ તથ હતાશ લોકોના જીવનમાં મનોબળ વધે તે અર્થે બ્રહ્માકુમાર - ભઈ - બહેનો દ્વારા જ્ઞાન યોગથી ઈશ્વરીય સંદેશ આપેલ.

# અંબાજી નજીક છ ફૂટ લાંબો અજગર મળી આવતા ચકચાર



અંબાજી

હાલ ચોમાસાની સીઝન ચાલી રહી છે ત્યારે અનેક જંગલી જાનવરો માનવ વસ્તીમાં જોવા મળી રહ્યા છે ત્યારે આજે અંબાજીના કૈલાસ ટેકરી પંથકમાંથી ૬ ફુટ લાંબા અજગરને પકડી પડાયો છે અંબાજીમાં છેલ્લા ૧૦ એક વર્ષથી રહેતા અને ધોબીનાં વ્યવસાય સાથે સંકળાયેલાં તથા સાંપ પકડવાનો વ્યવસાય ન કરતાં હોવા છતાં કમલેશ સાંખલાએ અઝગરને આબાદ રીતે ઝડપી જંગલમાં મુકી દેવાની કાર્યવાહી કરી હતી જોકે છેલ્લા દોઢ એક માસમાં આઠથી દશ જેટલાં લાંબા અઝગરોને આ કમલેશે માનવ વસ્તીમાંથી પકડી દુર જંગલમાં અને માઉન્ટ આબુની ઘાટી ઓમાં મુકી દેવાયા હતા. આ કમલેશ સાંખલાએ હમણાં સુધી ૩ થી ૪ હજાર જેટલાં વિવિધ જાતીનાં સાંપને પકડી લોકોનાં જીવબચાવવાની કામગીરી આ સાંખલા દ્વારા કરાઇ છે. જોકે આ કમલેશ સાંખલા દ્વારા પકડાતાં સાંપનાં કોઇ પ્રકારનું ચાર્જ કે પૈસા લેતાં નથી ફક્ત માનવ જાતી ની સુરક્ષા સાથે જાનવર ની પણ સુરક્ષા રહે તે પ્રકાર ની કામગીરી કરી રહ્યા છે. જો કે આ અજગરનો અંબાજી મંદિરના વહીવટદાર આર.કે પટેલ તથા હીસાબી અધીકારી જી.એલ પટેલ એ પણ નિહાળ્યો હતો ને અજગર પકડનાર કમલેશ સાંખલાની કામગીરીને બીરદાવી હતી.

## વાવ વિધાનસભા યુવક કોંગ્રેસ દ્વારા સુઇગામના કાંણોઠી ગામે મેડીકલ કેમ્પ યોજાયો



વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

તાજેતરમાં આવેલા વિનાશક પૂર અને અતિ ભારે વરસાદથી સુઈગામ- વાવ પંથકના નીચાણવાળા ગામોમાં ભારે તારાજી સર્જાઈ છે. ત્યારે સુઈગામ તાલુકાના કાંણોઠી ગામે પાણીના પૂરથી ભારે નુકશાન થયું છે. હજુ પણ ગામમાં પાણીનો ભરાવો હોઈ મચ્છરોનો ઉપદ્રવ વધી જવાથી રોગચાળો ન ફાટે તેના આયોજનના ભાગરૂપે કાંણોઠી ગામે વાવ વિધાનસભા યુવક કોંગ્રેસ દ્વારા મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ.રમેશભાઈ દેસાઈએ સેવા આપી હતી. જેનો લાભ બહોળી સંખ્યામાં લોકોએ લીધો હતો. જે પ્રસંગે ગુ.પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રમુખ ગુલાબસિંહ રાજપુત, વાવ તા. યુવક કોંગ્રેસ પ્રમુખ ભૈરવદાન ગઢવી, ક્રિષ્ણાજી, ધીરજ મીણાજી તેમજ બહોળી સંખ્યામાં યુવક કોંગ્રેસના કાર્યકરો હાજર રહી સેવા આપેલ.

## ભીલડી ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા સહાયનું વિતરણ

પ્રતિનિધિ ભીલડી

બનાસકાંઠામાં થયેલ ભારે વરસાદના કારણે બનાસ નદીકાંઠા કાંકરેજ તાલુકામાં તારાજી સર્જાઈ. જેમાં કેટલાય પરિવારોની ખાદ્યસામગ્રી પણ પાણીમાં તણાઈ જવા પામી છે. ત્યારે ભીલડી ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા એક જ દિવસમાં ભીલડી, છત્રાલા, બળોધર, પેપળુ, વાહરા, વિરૂવાડા, શેરગઢ, તાલેગંજ, ખેંટવા, નેસડા, મુડેઠા વગેરે ગામોમાંથી ૨૦૦ મણ જેટલી બાજરી એકત્ર થઈ હતી અને એક ટ્રેક્ટર ભરીને ૨૦૦ મણ બાજરી કાંકરેજ તાલુકાના ગામોમાં પહોંચાડવા રવાના થયા હતા. ક્ષત્રિય ઠાકોર સેનાના ૨૨ ગામોના કાર્યકરો, ટ્રેક્ટર ભરીને લોકોને મદદરૂપ થવા માટે રવાના થયા હતા.

## સામઢીમાં દશામાની મૂર્તિનું ગામ તળાવમાં વિસર્જન


ચંદુભાઈ મકવાણા

પ્રતિનિધિ સામઢી

બનાસકાંઠા જિલ્લાના ગામડાઓમાં દુઃખડા હરનારી મા દશામાના વ્રતનો મહિમા જળવાયેલો છે. વ્રતધારીઓ દસ દિવસ ઉપવાસ રાખી પૂજા- અર્ચના થકી દશામાના ગુણલા ગાયા હતા. ત્યારબાદ છેલ્લા દસમા દિવસે ઘરે સ્થાપેલ દશામાની મૂર્તિનું નદી કે તળાવમાં વિસર્જન કરી વ્રતની પૂર્ણાહુતિ કરાઈ હતી. ત્યારે પાલનપુર તાલુકાના સામઢી ગામે પણ વ્રતધારીઓએ દસ દિવસ દશામાની પૂજા- અર્ચના કરી હતી. ત્યારબાદ રાત્રિ જાગરણ બાદ માતાજીની મૂર્તિ ભારે હૈયે ગામ તળાવમાં પધરાવી વ્રતનું સમાપન કર્યું હતું.

## જિલ્લાની શાળાકીય અંડર-૧૯ ક્રિકેટ ટીમનો પસંદગી કેમ્પ યોજાયો


ભરત સુંદેશા

ડીસા

ગુજરાત સરકારના રમતગમત વિભાગ ગાંધીનગર દ્વારા રમતગમત વિભાગ પાલનપુર અને ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરિટેબલ એકેડેમી દ્વારા રમતગમત પરિષદ પાલનપુર દ્વારા ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ઉપર સ્કુલ બૉય અન્ડર-૧૯ બનાસકાંઠા જિલ્લાની ક્રિકેટ ટીમનો પસંદગી કેમ્પ યોજાયો. આ પસંદગી કેમ્પમાં જિલ્લાની કુલ (૧૨) શાળાઓના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં મુખ્ય પસંદગી સમિતિમાં શૈલેષ મકવાણા (ગાંગુલી) (એનઆઈએસ) ક્રિકેટ કોચ તેમજ સરદાર પટેલ હાઈસ્કુલના વ્યાયામ શિક્ષક રાહુલ પરમાર(કન્વીનર)ની રાહબરી હેઠળ કેમ્પ યોજાયો હતો. આ પ્રસંગે એકેડેમીના મુખ્ય ક્રિકેટ કોચ વિપુલ આલ, જિલ્લા રમત ગમત અધિકારી ગોયા, આદર્શ હાઈસ્કુલના હરેશભાઈ પવાયા, ઈશ્વરભાઈ રાવલ, સાંઈબાબાના રણજીતભાઈ ધૈરાવ, પરેશ પંચીવાલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પસંદગી કેમ્પ બ.કાં. જિલ્લાની શાળાઓમાંથી ૬૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# બીજાના આંસુ લુછવાનો પ્રયાસ સાચી માનવતા : રાજરક્ષિતવિજયજી મ.

ડીસા

દીપકમાં ઘી પુરતો માનવ હકીકતમાં તો પોતાને માટે જ પ્રકાશને સલામત બનાવી દેતો હોય છે. બસ, એ જ ન્યાયે બીજાને સુખી બનાવવાના પ્રયાસ કરતો માણસ હકીકતમાં તો પોતાના સુખને અકબંધ કરી દેતો હોય છે. કુદરતના આ ગણિત ઉપર જો આપણને શ્રદ્ધા બેસી જશે તો પછી સુખના સંગ્રહની બુદ્ધિ નહિં પરંતુ સદુપયોગની બુદ્ધિ જાગીને જ રહેશે. શ્રીવાસુપૂજ્ય જિનાલય મહાવીર સોસાયટીમાં પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ જણાવ્યું કે, બીજાના આંસુને લુછવાનો પ્રયાસ કરવો એ જ સાચી માનવતા છે. આજે મંદી મોંઘવારી, મંદવાડમાં સેંકડો મધ્યમ વર્ગ કુંટુંબો ઝડપાઈ ગયા છે. ખાનારા ઘરમાં છ હોય અને કમાનારો એક હોય એવા સમયે જો માંદગીના બિછાને કમાનારો પડી જાય તો આખું ઘર અન્નના કણ માટે વલખા મારતું હોય છે. અશાંતિની ઘરમાં હોળી સળગે છે. આવા સમાચાર તમોને મળે તો વધુમાં વધુ પૈસો તે કુટુંબના સભ્યોના આંસુ લૂછવામાં વાપરશો તો બેડો પાર થઈ જશે. જે ગરીબોની દુવા લે છે તે ડૉક્ટરની દવા ખાવી ન પડે. દુવાનું પુણ્ય તમારા તમામ પ્રોબ્લેમો ખતમ કરે છે. આરોગ્યની પ્રાપ્તિ કરાવે છે. ઘરમાં શાન્તિનું સ્થાપન કરે છે. તમારી વિદાય પછી પણ તમારું નામ લોકજીભે રમતું રહે છે. વરસો વીતી ગયા છતાં પણ ત્રણ ત્રણ દુકાળ દૂર કરી સેંકડો જીવોને અભયદાન આપનાર ઉદાર જગડુશા આજે પણ જીવંત છે. દેશરક્ષા માટે કરોડોનું દાન મેવાડના રાણા પ્રતાપને આપનાર રાષ્ટ્રભક્ત ભામાશા હજુ પણ ભૂલાતા નથી. જો શ્રીમંત અને સત્તાધીશો ફેશન- વ્યસનના જલસાઓ બંધ કરીને પોતાની સંપત્તિનો પ્રવાહ ગરીબોમાં વહેવડાવે તો ભારત દેશ સોનાની ચીડીયા બન્યા વિના ન રહે! નવસારી નગરના લોકો પોતાના ઘરથી જ ઉદારતાની શરૂઆત કરે તો... તેના પડઘા ગુજરાત- ભારત અરે!! વિશ્વ સુધી પહોંચે ??...

## શિવભક્ત : મસ્તરામબાબાની વાર્તા



એક ગામ હતું. નદી કિનારે આવેલા આ ગામમાં એક સરસ મઝાનું શિવ મંદિર હતું. આ શિવ મંદિરમાં એક બાબા સેવા કરતા હતા. આ બાબાને ગામ લોકો મસ્તરામ બાબાના નામથી ઓળખતા. મસ્તરામ બાબા અનન્ય શિવભક્ત હતા.

એક દિવસ મસ્તરામ બાબા એક વહાણમાં બેસી અને બીજે ગામ જઇ રહ્યા હતા ત્યારે તેમની સાથે ગામના બીજા પણ ઘણા લોકો હતા. આ વહાણ બરોબર નદી કિનારેથી નીકળી અને વચ્ચો વચ્ચ પહોંચ્યું ત્યારે અચાનક વહાણ પ્રવાહમાં તણાવા લાગ્યું. તેથી હિમ્મત હારી ગયેલા વહાણ ચલાવનાર ખલાસીએ બધાયને જોર-શોરથી કહ્યું. સૌ ભગવાનને યાદ કરો. હવે તો વહાણ કદાચ ડૂબી પણ જાય અને આપણા સૌના મૃત્યુ પણ થાય તેવી હાલત ઊભી થઇ છે.

ખલાસીની આ વાત સાંભળી સૌ ગભરાયા કેટલાક રડવા લાગ્યા તો કેટલાક કાંપવા લાગ્યા. ત્યારે શિવભક્ત મસ્તરામ બાબા એક પોતાના કમંડલ વડે નદીનું પાણી ભરી ભરીને "ૐ નમઃ શિવાય" બોલતા બોલતા પાણી વહાણમાં નાખવા લાગ્યા. સૌ વિચારમાં પડી ગયા કે આ વળી મસ્તરામ બાબા શું કરે છે ? થોડીવાર થઇ ત્યાં વહાણ વળી સ્થિર થયું અને ફરી ખલાસીએ વહાણ ચલાવવા ઉપર કાબૂ મેળવી લીધો. ત્યારે ખલાસીએ ફરી કહ્યું કે, હવે ડરવાની જરૂર નથી. કિનારો નજીક છે અને વહાણ ફરી મારા કાબૂ હેઠળ છે. ત્યારે મસ્તરામ બાબાએ ફરી "ૐ નમઃ શિવાય... ૐ નમઃ શિવાય..." ના જાપ સાથે વહાણમાં રહેલું પાણી નદીમાં કમંડલ વડે ઠલાવવાનું શરૂ કર્યું. આ જોઇ મૃત્યુના ભયમાંથી બહાર આવેલા લોકોએ મસ્તરામ બાબાને પૂછ્યું, તમે પાગલ છો કે શું ? આવા કામ કરાય ? તમે વહાણમાં પાણી ભર્યું તેથી વહાણ ડૂબી ગયું હોત તો ? ત્યારે મસ્તરામ બાબાએ જવાબ આપ્યો, હું સમજ્યો કે ભગવાન શંકરને આપણે જે વહાણમાં બેઠા છીએ તે વહાણ નદીમાં ડૂબાડી દેવાની ઇચ્છા થઇ છે. જો તેમની એવી ઇચ્છા હોય તો આપણે તેને મદદરૂપ થવું જોઇએ. થોડીવાર પછી તેમને વહાણ ડૂબાડવાની ઇચ્છા ન હોઇ વહાણને કિનારા તરફ ધકેલ્યું તેથી તેને વહાણ ડૂબાડવાની ઇચ્છા નથી તેવું તારણ કાઢીને ફરી વહાણમાંથી પાણી કાઢી નદીમાં નાખી અને શિવજીને તેમના કામમાં મદદ કરી. ટૂંકમાં મારૂં તો કહેવું એટલું જ છે કે, આપણું જીવવું કે મરવું એ નક્કી કરવાની તાકાત આપણામાં નથી એ તો શિવજીની ઇચ્છા પ્રમાણે થાય છે. આપણે તેની ઇચ્છામાં આપણી ઇચ્છા મેળવવી જોઇએ અને સદાય શિવજીના શરણે રહેવું જોઇએ.

આજ શરણાગત્ ભક્તિનું સાચું લક્ષણ છે. મસ્તરામ બાબાની આ વાત સાંભળી સૌ તેના ચરણોમાં દંડવત્ પ્રણામ કરવા લાગ્યા.

**શ્રાવણ સત્સંગ**
**- કનકચંદ્ર સી. વ્યાસ**

# ડીસા સર્વોદય વિદ્યાલયમાં વર્ષાઋતુ ગીત સ્પર્ધાની ઉજવણી



ડીસા

શ્રી જે.ડી.અજબાણી વિવિધલક્ષી સર્વોદય વિદ્યાલયમાં સાંસ્કૃતિક તથા ઈતર સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તા.૨૨/૭/૧૭ ના રોજ ગુજરાતી શિક્ષક રાઠોડ પ્રવિણકુમારના માર્ગદર્શન હેઠળ નવજીવન બી.એડ્.કોલેજની તાલીમાર્થીઓ દ્વારા વર્ષાઋતુ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ડીસા તાલુકાની તમામ શાળાને આમંત્રિત કરવામાં આવેલ જે પૈકી દસ શાળાઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ્રકૃતિપ્રેમી નવીનકાકાએ હાજરી આપી અને વિદ્યાર્થીઓને ઋતુની પ્રાકૃતિક સમજ આપી શાળાના આચાર્ય જગદીશભાઈ પરમારે પણ સમગ્ર કાર્યક્રમનું ઉદ્બોધન કર્યું આ પ્રસંગે નિર્ણાયકોની મહત્વની ભૂમિકા તરી- કે સેંવતીભાઈ ત્રિવેદી અને રાહુલભાઈ જોષી દ્વારા સ્પર્ધાકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ નંબરે ગેલોત વિશાલ એચ.(સર્વોદય, ડીસા ) બીજા નંબરે નાકરાણીવૃત્તિ એન. (કે.બી. અગ્રવાલ, ડીસા) અને ત્રીજા નંબરે બે વિદ્યાર્થીનીઓ શાખલાનીયા કિંજલ બી.અને પંચાલ જવાલા એ. (એન્જલસ સ્કૂલ,ડીસા) રહ્યા હતા. વિજેતાને સર્ટીફિકેટ તથા ઈનામ આપી પોત્સાહિત કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.એડ્.ની તાલીમાર્થી ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મીઠી પાલડી દીપ સ્કૂલમાં રક્ષાબંધન પર્વની ઉજવણી


નવીન દોશી

(પ્રતિનિધિ) પાલડી મીઠી

-દર વર્ષે શ્રાવણ સુદ પૂનમના રક્ષાબંધન પર્વ ઉજવાય છે, આ પવિત્ર દિવસે બહેન ભાઇના કાંડે રક્ષા દોરી રૂપે રાખડી બાંધી અમર રહેવાના અમી આશીષ વરસાવે છે. ભાઇ બહેન પરસ્પર મીઠાઇ ખવડાવી મોં મીઠા કરાવે છે. આવા આ અવસરની તૈયારી રૂપે રાખડી બજારમાં આજે છેલ્લી ઘડીની ઘરાકી રહે છે.

તો વળી મીઠાઇ બજારમાં પેંડા, બરફી, રાબડીની ખરીદીમાં પણ તેજી રહેછે, શાળા કોલેજોમાં પણ રક્ષાબંધનના પુર્વ દિને જ રાખડી સ્પર્ધા અને રાખડી બંધનના કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવે છે, જેના ભાગ રૂપે દિયોદર ના મીઠી પાલડી મા આવેલ દીપ ઇંગ્લીશ સ્કુલ ખાતે ગઈ કાલ તા ૪/૮/૨૦૧૭ના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઇ હતી, શાળાના ભાઇઓની કલાઇ પર બહેનોએ રંગબેરંગી રાખડી બાંધી મીઠા મોં કરાવ્યા હતા. ભાઇઓએ પ્રેમથી બહેનોને ઉપહાર આપ્યા હતા. અંદાજીત ૩૦૦ જેટલા વિધ્યાર્થીઓએ આ કાર્યક્રમ ની ઉજવણી મા ભાગ લીધો હતો. તેમજ સ્કૂલ તરફથી દરેક વિધ્યાર્થીઓ ને રક્ષાબંધન પર્વનુ મહત્વ સમજાવવામા આવ્યું હતુ. ઉપરોક્ત સમગ્ર પ્રસંગનું સમ્પૂર્ણ આયોજન-સંચાલન સ્કૂલના પ્રિન્સિપાલ લક્ષ્મણસિંહ દરબારે કર્યું હતું.!!

## તંત્રી સ્થાનેથી ...

**કુદરત જ્યારે મુશ્કેલી વધારે છે, ત્યારે સમજદારી પણ વધારી દે છે.**

# રાજ્યમાં સ્વાઈનફ્લૂના ભરડાને પડકારવાના ઉચ્ચ સ્તરે પગલાં જરૂરી

રાજ્યભરમાં ભારે વરસાદના પગલે તેમજ સતત- ભેજયુક્ત વાતાવરણના કારણે સ્વાઈન ફ્લૂનો ભરડો વધી રહ્યો છે. તેમ છતાં આરોગ્ય વિભાગ દ્વારા આ બાબતે જરૂરી કવાયત કરવામાં નહિં આવે તો આ રોગનો પડાવ ઘેર ઘેર થઈ જશે તેવી દહેશત જણાય છે.

રાજ્યમાં છેલ્લા કેટલાય દિવસોથી અવિરત વરસાદ અને ભેજયુક્ત માહોલના કારણે તેમજ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગની સાથે સાથે સ્વાઈનફ્લૂ સહિત અન્ય રોગોએ માથું ઉંચક્યું છે, ખાસ કરીને શહેર અને ગામડાઓમાં ફેલાયેલી ગંદકી અને ચોમાસાના ભરાયેલા પાણીનો ત્વરિત નિકાલ કરવામાં ન આવતાં રોગચાળાના પંજામાં અનેક લોકો સપડાયા છે. ગરમીની ઋતુમાં ખાસ કરીને સ્વાઈન ફ્લૂ નિષ્ક્રિય હોય છે. પરંતુ એકદમ ઠંડા વાતાવરણમાં તેને પોષણ મળતાં સ્વાઈન ફ્લૂના કેસોમાં વધારો થઈ ચૂક્યો છે. માત્ર ગુજરાતમાં જ નહિં પરંતુ દેશભરમાં સ્વાઈન ફ્લૂ વાવાઝોડાની જેમ પ્રસરી ગયેલ છે. અમદાવાદ જેવા મહાનગરમાં સ્વાઈન ફ્લૂમાં ચિંતાજનક વધારો થયો છે. આરોગ્ય વિભાગના એક સર્વે મુજબ ગત જાન્યુઆરીથી ૩૧ જુલાઈ ૨૦૧૭ સુધીમાં સ્વાઈન ફ્લૂના લીધે ૨૧ જેટલા દર્દીઓએ જીવ ગુમાવ્યા, જ્યારે સાત મહિનામાં ૧૦૦ જેટલા સ્વાઈન ફ્લૂના દર્દીઓના કેસ નોંધાયા છે. ગત વર્ષે સ્વાઈન ફ્લૂ, ચિકનગુનિયા, તાવ, ઝેરી મેલેરિયા વગેરે રોગોથી લોકો ત્રસ્ત હતા. ઘેર ઘેર બિમારીના ખાટલા જોવા મળેલ. પરંતુ આ વર્ષે ચોમાસાના ભેજયુક્ત વાતાવરણના કારણે પરિસ્થિતિ ભારે વિષમ બની ચૂકી છે. જ્યારે સુરત શહેર સહિત દક્ષિત ગુજરાતમાં સ્વાઈન ફ્લૂમાં અત્યાર સુધી ૮ જણાના મૃત્યુ થયા છે. સુરત પાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન ઉપર ભારે કવાયત કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ અભિયાનના કારણે દેશભરની પાલિકાઓ અને ગ્રામ પંચાયતો હવે રહી રહીને 'સ્વચ્છતા' અભિયાનનું ભાન થયું છે, અગાઉ કોઈ વડાપ્રધાને સ્વચ્છતા અભિયાન બાબતે વિચાર્યું પણ ન હતું.

સુરતમાં અત્યાર સુધી સ્વાઈન ફ્લૂના ૪૧ દર્દીઓ નોંધાયા છે. જેઓ શહેરની જુદી જુદી હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. નવસારી ખાતે સ્વાઈન ફ્લૂના બે કેસ નોંધાયા છે. વલસાડમાં ખૂબ જ ભેજયુક્ત માહોલના પરિણામે સ્વાઈન ફ્લૂથી બે જણાના મોત થયા છે અને ત્રણ કેસ હાલમાં નોંધાયા છે.

જ્યારે વડોદરા શહેરમાં સ્વાઈન ફ્લૂની ૧૨૭ શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી ૬૭ પોઝિટિવ હતા. અત્યાર સુધી ત્રણના મોત થયાં છે. જો કે આ સપ્તાહે ૨૩ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ત્રણ દર્દીઓની હાલત અતિગંભીર જણાય છે. ગત ગુરૂવારે રાજકોટ સિવીલ હોસ્પિટલની લેબોરેટરીમાં કેટલાક સેમ્પલ પરિક્ષણ માટે આવ્યા છે. જેમાંથી એક પચ્ચીસ વર્ષની યુવતીને, એક ૪૫ વર્ષની મહિલાને અને એક ૫૧ વર્ષના પ્રૌઢનો સ્વાઈન ફ્લૂનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આમ આરોગ્ય વિભાગ દ્વારા ખૂબ જ તકેદારીના પગલાં ભરવામાં આવી રહ્યા છે. જો કે સાથે સાથે જનતાએ હાલના ભેજયુક્ત વાતાવરણમાં બહારની ખાણીપીણીથી દૂર રહેવું વ્યાજબી લેવાશે. સ્વાઈન ફ્લૂનો પંજો છેક ગાંધીનગર સુધી ફેલાયો છે. પાંચ દર્દીઓ ગાંધીનગરની સિવીલમાં સારવાર હેઠળ છે. આ વર્ષે સ્વાઈન ફ્લૂના ભરડાથી ૩૪ નાગરિકોના મોત થયા છે. આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઈન ફ્લૂને પડકારવા માત્ર પ્રયત્નો ચાલશે નહિં... ભારે કવાયત કરવી જ પડશે!

## ઉજ્જીવન ફાયનાન્સિયલ સર્વિસનો નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રથમ ત્રિમાસિક ગાળાની કુલસંકલિત આવક ૮.૯૦ ટકા વધી રૂ.૩૫૮.૬૪ કરોડ થઈ

બેંગાલુરુ

ઉજ્જીવન સ્મોલ ફાયનાન્સ બેન્કની ૧૦૦ ટકા માલિકીની પેટાકંપની ઉજ્જીવન ફાયનાન્સ સર્વિસિસ લિમિટેડે ૩૦ જૂન, ૨૦૧૭ના રોજ પૂરાં થયેલા ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર કર્યા હતાં.બિઝનેસ કામગીરીની માહિતી-ઊ૧ નાણાં વર્ષ ૨૦૧૭-૧૮ દર્શાવેલી તમામ નાણાકીય વિગતો સંકલિત આં-કડા દર્શાવે છેકુલ લોન બૂક રૂ.૬,૪૫૯.૨૭ કરોડ, નાણા વર્ષ૧૭ના પ્રથમ ત્રિમાસિક ગાળાની તુલનાએ ૧૦.૪૦ ટકાની વૃદ્ધિ, નાણાંવર્ષ ૨૦૧૭ના ચોથા ત્રિમાસિક ગાળાની તુલનાએ ૧.૨૫ ટકાનો વધારો૩૦ જૂન, ૨૦૧૭ના રોજ મેનેજડ પોર્ટફોલિયો રૂ. ૩૪૮.૫૭ કરોડ ચોખ્ખી લોન બૂક રૂ.૬,૧૧૦.૭૦ કરોડ, નાણાં વર્ષ ૨૦૧૭ના પ્રથમ ક્વાર્ટરની તુલનાએ ૯.૯૫ ટકાની જ્યારે નાણાંવર્ષ ૨૦૧૭ના ચોથા ક્વાર્ટરની તુલનાએ ૪.૦૮ ટકાની વૃદ્ધિડિસ્બર્સમેન્ટ રૂ.૧,૭૦૧.૯૨ કરોડ, નાણાં વર્ષ ૨૦૧૭ના પ્રથમ ત્રિમાસિક ગાળાની તુલનાએ ૯.૪૧ ટકાનો ઘટાડો,નાણાં વર્ષ ૨૦૧૭ના ચોથા ત્રિમાસિક ગાળાની તુલનાએ ૨૦.૯૭ ટકાનો વધારોત્રિમાસિક ગાળા દરમિયાન ૧.૭૬ લાખ નવા ઋણધારકોનો ઉમેરો, કુલ ઋણધારકોની સંખ્યા ૩૬.૨૫ લાખજાન્યુઆરી-જૂન, ૨૦૧૭ના સમયગાળા દરમિયાન નવા કારોબારમાં કલેક્શનની ક્ષમતા ૯૯.૭૬ ટકાના સામાન્ય સ્તરેપૂર્વવત બની.

સિક્યોર્ડ પોર્ટફોલિયો માર્ચ, ૨૦૧૭ના રૂ.૧૧૭ કરોડથી વધીને રૂ.૧૫૦ કરોડ થયોજીએનપીએ ૬.૧૬ ટકા તથા એનએનપીએ ૨.૩૦ ટકા નોંધાઈ નવેમ્બર-જાન્યુઆરી સમયગાળાની હાર્ડ કોર એનપીએને આવરી લેવા માટે રૂ.૪૩ કરોડની વધારાની જોગવાઈ સહિત નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટેની જોગવાઈ રૂ.૧૫૦ કરોડ પ્રોવિઝન કવરેજ રેશિયો ૬૪ ટકા આ ત્રિમાસિક ગાળાનાકલેક્શનના ટ્રેન્ડને ધ્યાનમાં રાખીને અમે આ ત્રિમાસિક ગાળા માટે નોંધપાત્ર જોગવાઈ રાખી છે. નવેમ્બર, ડિસેમ્બરતથા જાન્યુઆરી ત્રિમાસિક ગાળાની મુશ્કેલ એનપીએ માટે રૂ. ૧૫૦ કરોડની રકમ સાથે અમે ૧૦૦ ટકાની જોગવાઈ કરી છે.

***આઝાદીને ભવ્યતા સાથે ગ્રાન્ડ હ્યાત મુંબઈમાં ઉજવો***

## સ્વતંત્રતા દિવસની સારી ઉજવણી, ગ્રાન્ડ આ રજાને યાદગાર બનાવે છે

અમદાવાદ

રજાઓ માટે સપ્તાહના અંતની રાહ શા માટે જોવી? મુંબઈ ગ્રાન્ડ હયાત ખાતે અમારા અનિવાર્ય ગેટવે પેકેજ સાથે મજા કરો, જેમાં ખોરાક અને પીણાઓ, મનોરંજન અને સ્વાસ્થ્ય સબંધિત ઓફરીંગ તથા જીવનશૈલી પર આકર્ષક ડિસ્કાઉન્ટનો પણ સમાવેશ થાય છે અને બાળકોની પ્રવૃતિઓ, એ પણ મુંબઈની મધ્યમાં મેળવો ૧૧મીથી ૨૦મી ઓગસ્ટ ૨૦૧૭ સુધી. તમારા નજીકના લોકો સાથે કોઈપણ અડચણરૂપ મુસાફરી અને ભીડભાડ વગર મુંબઈ શહેરમાં જ એક ભવ્ય જીવનની મજા માણો. ખોરાક, પીણાઓ અને સ્પા પર ૫૦ ટકા સુધીની છૂટ સાથોસાથ, જ્યારે વિનામુલ્યે સવારનો રોજિંદો નાસ્તો, વધારામાં બંને તરફી એરપોર્ટની મુસાફરી, રૂમ જોવા માટે સાતુત્ય અપગ્રેડ, બાળકોના રૂમ માટે અડધી કિંમત અને સમગ્ર પરિવાર માટે પ્રવૃતિઓની યજમાનીનો સમાવેશ થાય છે.સંપૂર્ણ આનંદદાયક અને મજબુતીનો અનુભવ કરવા માટે મનોરંજન તથા સ્વસ્થ્યના આરામદાયી અનુભવ પણ કરી શકશો. અમારી સ્પા ટ્રીટ્મેન્ટ્સ પર ૫૦ ટકાની છૂટ સાથે તમારી જાતને પંપાળો અથવા ક્લબ ઓએસિસ ફિટનેસ સેન્ટર એન્ડ સ્પા ખાતે, તમારી માવજત કરાવો. ભવ્યતમ રજાઓ માં મુંબઈના ચોમાસાને માણવાનો આ ઉત્તમ સમય છે અથવા એક વૈભવી વેકેશન લો કારણ કે નવા શહેરની ખુશમતાને શોધવા માટે કંઈક સંતોષકારક તમને ત્યાં મળશે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## મોટોરોલા એ ભારતમાં એકસકલુઝીવ મોટોરોલા સ્ટોર્સ મોટોહબનો શુભારંભ કર્યો




મોટોરોલા એ ગ્રાહક અનુભવને અગ્રીમ પ્રાથમિકતા આપતા દેશભરમાં પોતાના એકસપરીમેંટલ રીટેલ સ્ટોર્સનો શુભારંભ કર્યો.એક અનોખા ઓપન લેઆઉટ સાથે મોટો હબ ગ્રાહકો માટે એક છત નીચે મોટોરોલાના ઊત્પાદો ના સંમ્પુર્ણ પોર્ટફોલિયો ને ખરીદવા એવં અનુભવ પ્રાપ્ત કરવામાં સક્ષમ બનાવશે. પ્રથમ મોટો હબ સ્ટોર્સ મોટેભાગે ગ્રેટ ઈન્ડિયા પ્લેસ , નોએડા, લોજિકસ મોલ , નોએડા, ક્ષિપ્રા મોલ ઈંદીરાપુરમ, એક્સેરિયા મોલ ,ડોમ્બીવલી , મુંબઈ, કોરમ મોલ , ઠાણે -મુંબઈ અને વિવિયાના મોલ ઠાણે મુંબઈ ખાતે શરુ કરવામાં આવ્યા છે.આ નાણાકીય વર્ષના અંત સુધીમાં મોટોરોલા દ્વારા પ્રમુખ સ્થાનો શીર્ષ ટીયર શહેરોમાં ૫૦ મોટો હબ્સ ખોલવાની યોજના છે. મોટોરોલામાં અમે અમારા ગ્રાહકોની જરુરીયાતોને સમજીએ છીએ અને તેમે સાર્થક મોબાઈલ અનુભવ ઉપલબ્ધ કરાવવા પર ફોકસ કરીએ છીએ. અમારુ માનવુ છે કે આ નવા રિટેલ ચેનલ મોટો હબ ના લોન્ચ સાથે અમે ગ્રાહકોને એક એવા માહોલ માં મોટોરોલાના તમામ ઉત્પાદો , અમારી ટેકનીક એવં ઉપકરણો સુધી પહોચ બનાવવાનો અવસર આપીએ છીએ.

## આરસીઆઈ માટે કન્ટાર આઈએમઆરબી દ્વારા આયોજિત સર્વેમાં જનરલ ઈન્ડિયન ટ્રાવેલની પસંદગીઓ અને ટાઈમશેર કન્સેપ્ટનો નવો ડેટા જાહેર થયો

વેકેશન અકે સચેન્જમાં ગ્લોબલ લીડર આરસીઆઈ દ્વારા નવા રિપોર્ટમાં ભારતીય પ્રવાસીઓનાં હાલના પ્રવાહો અનેઆદતો વિશે જણાવાયું અને ટાઈમશેર અંગેના હાલના વલણ વિશે જાણકારી મળી હતી. જ્યારે રજાઓની વાત આવે ત્યારે ભારતીય ટ્રાવેલર્સ રોજિંદીઘટમાળથી દૂર જવા માગે છે અને પોતાના સ્વજનો સાથે રહેવા માગતા હોય છે. આ તારણોમાં એ પણ જોવા મળ્યું કે વેકેશન ઓઉનરશીપ ૧૦માંથી૭ ગ્રાહકોને પસંદ હોય છે જેઓ હાલમાં ટાઈમશેર ધરાવતા નથી તેઓને આ કન્સેપ્ટ અપીલીંગ અને સંબંધિત લાગ્યો છે.કન્ટાર આઈએમઆરબી ફોર આરસીઆઈ દ્વારા આયોજિત આ રિપોર્ટમાં દિલ્હી, લુધિયાણા, કોલકાતા, મુંબઈ, હૈદરાબાદ, બેંગાલુરૂ અને એવાઅન્ય મોટા શહેરોમાં ઉંડાણપૂર્વક ૨૦૦૮ સેમ્પલ સાઈઝ સાથે ઈન્ટરવ્યૂ કરવામાં આવ્યા હતા. કુલ સેમ્પલ સાઈઝમાં ૩૧ ટકા ઉત્તર આપનારા લોકોટાઈમશેર ઓઉનર્સ હતા.જનરલ ઈન્ડિય ટ્રાવેલર્સ : જેઓ તાજગી અને અને સારો સમય ઈચ્છે છેઆ અભ્યાસમાં ભારતીય પ્રવાસીઓની ચકાસણી એ સમજવા માટે કરાઈ કે તેઓ કઈ રીતે તેમની રજાઓ માટે પ્રેરણા મેળવે છે અને કઈ તરફ ફરવાજવું તેના વિશે તેઓ નિર્ણય કઈ રીતે લે છે. જ્યારે રજા માટેનું સ્થળ નક્કી કરવામાં આવે ત્યારે પ્રવાસીઓ મનોરમ કુદરતી દશ્યો (૬૪ ટકા) જોવાનું, આરામદાયક સ્થળે પ્રવાસ (૫૫ ટકા) કરવાનું અને કિફાયત દર (૪૨ ટકા)માં પ્રવાસ કરવાના પરિબળો મુખ્ય રહ્યા હતા. પરિણામે, ગોવા, દિલ્હી અને કેરળ ભારતીય પ્રવાસીઓમાં સૌથીવધુ જાણીતા ડોમેસ્ટિક ડેસ્ટીનેશન્સ છે. વૈશ્વિક સ્તરે ભારતીય પ્રવાસીઓ સૌથી વધુ દુબઈ (૨૦ ટકા), થાઈલેન્ડ (૧૩ ટકા) અને સિંગાપોર (૧૨ ટકા)જાય છે.સર્વેમાં એ પણ જાણવા મળ્યું હતું કે ભારતીય પ્રવાસીઓ અંતિમ પળના નિર્ણય લેતા હોય છે અને ૧૦માંથી ચારથી વધુ લોકો તેમની રજાઓનું આયોજન ચાર સપ્તાહો કે તેનાથી ઓછા સમય માટે કરે છે.આ સર્વેમાં જોવામાં આવ્યું કે રજામાં સંતુષ્ટીનો દર ભારતીય પ્રવાસીઓમાં કેવો છે અને તેમાં ટાઈમશેર ઓઉનર્સ અને નોન ઓઉનર્સ વચ્ચેનોઅંતરાય નોંધપાત્ર જોવા મળ્યો હતો. જ્યારે સમગ્રપણે હોલિડે સેટિસફેક્શનની વાત આવી તો તેમાં ૫૫ ટકા ટાઈમશેર ઓઉનર્સે ૩૭ ટકા નોનઓઉનર્સની તુલનામાં ઘણા જ સંતુષ્ટ રહ્યા હતા.

## ક્વીઝ શોખીનો અમદાવાદમાં આયોજિત સ્વીડન-ઈન્ડિયા નોબેલ મેમોરિયલ ક્વીઝમાં પોતાના જ્ઞાનની ચકાસણી કરી શકશે

અમદાવાદ

અમદાવાદમાં નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન ખાતે ૮ ઓગસ્ટ, ૨૦૧૭ના રોજ સાંજે ૪.૩૦થી રાત્રે ૮વાગ્યા સુધી પ્રતિષ્ઠિત સ્વીડન-ઈન્ડિયા નોબેલ મેમોરિયલ ક્વીઝ ૨૦૧૭ના ક્વોલિફાઈંગ રાઉન્ડનું આયોજન કરવામાં આવ્યું છે.ઈન્ટર-કોલેજિયેટ ક્વીઝ કોમ્પીટીશન સ્વીડન-ઈન્ડિયા નોબેલ મેમોરિયલ વીકનો એક હિસ્સો છે જે મુંબઈમાં કોન્સ્યુલેટ જનરલ ઓફસ્વીડન અને એમ્બેસી ઓફ સ્વીડન, દિલ્હી દ્વારા ભારતમાં ઉપસ્થિત અગ્રણી સ્વીડીશ કંપનીઓના સહયોગથી યોજાય છે.કોલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં જાણીતી આ ઈવેન્ટમાં આયોજિત ક્વીઝ યુવા પ્રતિભાઓને નોબેલ પ્રાઈઝ, નોબેલ લોરેટ્સ અને તેમની ઉપલબ્ધિઓ વિશેના તેમના જ્ઞાનને ચકાસવાની તથા સ્વીડન, તેના લોકો અને સંસ્કૃતિ વિશેના સવાલોના જવાબ આપવાનીતક મળશે. ૨૦૦૮માં લોન્ચ થયા પછી સ્વીડન-ઈન્ડિયા નોબેલ ક્વીઝ વર્ષોથી અગ્રેસર બનતી રહી છે અને આ વર્ષે દેશભરના ૧૧ શહેરોમાં ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સામેલ થવાની અપેક્ષા છે.જાણીતા ક્વીઝ માસ્ટર કુનાલ સાવરકર કે જેઓ કૌન બનેગા કરોડપતિના કન્ટેન્ટ એડિટર તથા માસ્ટરમાઈન્ડ સેમી ફાઈનલિસ્ટ છે એવી આ ક્વીઝ તમામ અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ (ત્રણની ટીમમાં) તેમની કોલેજ કે સંસ્થાના પ્રતિનિધિ તરીકે સામેલ થઈ શકે છે.ક્વોલિફાઈંગ રાઉન્ડ્સનું આયોજન મુંબઈ, પૂણે, ઈન્દોર, કોલકાતા, ગૌહાટી, ભુવનેશ્વર, હૈદરાબાદ, બેંગાલુરુ, ચેન્નઈ અને નવીદિલ્હીમાં પણ થશે.અમદાવાદ રાઉન્ડના વિજેતાઓ શહેરનું પ્રતિનિધિત્વ નેશનલ ફાઈનલ્સમાં કરશે જે ઓક્ટોબરમાં નવી દિલ્હી ખાતે યોજાશે.નેશનલ ક્વીઝના વિજેતાઓને સ્વીડનની ઓલ એક્સ્પેન્સીસ પેઈડ ટ્રીપ મળશે જ્યા તેઓ પાર્ટનરીંગ કંપનીઓના મુખ્યાલયોની મુલાકાતલઈ શકશે,. તેમાં સામેલ થવા અને રોમાંચક ઈનામો મેળવવા માટે લિન્ક: www.facebook.com/swedenindia and follow on Twitter @Swedeninmumbai પર ક્લીક કરો.

## રેડિક્સ બ્યુટી દ્વારા બ્રાઈડલ કોમ્પિટિશન અને ફેશન શોનાં ફ્યુઝનની શહેરમાં રજૂઆત



અમદાવાદ

શહેરમાં પ્રથમવાર બ્યુટી સલૂન્સ અને આનુષાંગિક સેવાઓ સાથે કાર્યરતઈવેન્ટ મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન રેડિક્સ બ્યુટી બ્રાઈડલ કોમ્પિટિશન અને ફેશન શોની ઈન્ડસ્ટ્રીના કેટલાકઅગ્રણીઓની ઉપસ્થિતિમાં ફ્યુઝન ઈવેન્ટ યોજી રહી છે. ૧૬ ઓગસ્ટના રોજ હોટેલ રોક રિજન્સી, લો ગાર્ડન સેલિબ્રિટીઝ જેમકે રશ્મી સચદેવા (મિસિસ. યુનિવર્સ અને જાણીતા બોલિવૂડ મેક એપ આર્ટીસ્ટ કંચન મહેરા ઉપસ્થિત રહેશે.અમને ગુજરાતમાં આ પ્રકારની ઈવેન્ટ કરતા ખુશી થાય છે કે જેમાંગુજરાતના ૩૦૦ ટોચના બ્યુટી સલૂન્સ ટોચની ૨૦ મોડેલ્સ સાથે સામેઅપ અંગે કંચન મહેરાનો સેમીનાર પણ યોજાશે અને તેમાં બ્રાઈએક્સેસરીઝ, રેડ કાર્પેટ થીડી મેકઅપ અને ઈન્ડો યુરોપીયન એચડી બ્રાઈડલ મેકએપ જેવા વિષયો આવરી લેવાશે. અમે ફેશન શો રેમ્પ વોકનું આયોજન પણ મોડેલ્સ દ્વારા કરીશું અને આ સાથે બ્રાઈડલ કોમ્પિટીશન અને બ્રાઈડલ રેમ્પ વોક પણ યોજાશે. અમારા તમામ ઈનામો અને વિજેતાઓની ઘોષણા ઓડિયન્સ પોલ દ્વારા કરવામાં આવશે.'અમારા મોડેલ્સ અને નવોદિતોને તૈયાર કરવા માટે અને માહિતી આપવા માટે યોજી છે જેનાથી તેઓ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરી શકશે.'



અંબિકા યુવક મિત્રમંડળ, અબજીબાપા લેકવ્યુ, વસ્ત્રાલ દ્વારા બનાસકાંઠામાં પૂરપીડિતો માટે સેવાકીયકામગીરી કરવામાં આવી. દવાઓ, ફૂડ પેકેટ, કપડા તથા કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## લોપામુદ્રા રાઉત, કરણવાહી અને શાન્તનુ મહેશ્વરી અમદાવાદને ખતરોં કે ખિલાડીનો સ્વાદ ચખાડે છે.

**રોહિત શેટ્ટી દ્વારા હોસ્ટ કરવામાં આવેલ, પાવર્ડ બાય જીપ કમ્પાસ, ખતરોં કે ખિલાડી દર શનિવાર અને રવિવાર રાત્રે ૯:૦૦ કલાકે કલર્સ પર દર્શાવવામાં આવે છે.**



ડર સાથે લડવા માટે વ્યક્તિએ એની સામે આવવું પડે છે, અસંખ્ય સામના કરવા પડે અને હિંમત દાખવવી પડે છે તથા તેના પર વિજય મેળવવા વિસ્ફોટ તરીકે નિર્ધાર કરવો પડે છે.૧૨ આશંકિત પ્રતિસ્પર્ધીઓને સ્પેનની વાટ પકડી છે જ્યાં તેઓને કઠોર હવામાન પડકાર કરશે અને કટોકટીપૂર્ણ સ્ટંટસ મુશ્કેલીના મીટર પર તેઓને નાણશે જે ભારે ઉંચો સ્કોર ધરાવનાર હશે. વર્ચસ્વ ધરાવનાર ગોડ ઓફ એક્શન રોહિત શેટ્ટી જીવલેણ લક્ષ્યો આંકી તથા નખ કાતરતા કરી મુકે તેવા એક્ટસ વડે પ્રતિસ્પર્ધીઓ માટે ડગલેને પગલે ડરની પુનઃવ્યાખ્યા કરનાર છે જે દર્શકો માટે રૂધિરાભીરણ તીવ્ર બનાવી દેનાર ચકડોળ સમાન હોવાની ખાતરી છે.જોકે રોહિતના કમાન્ડ પર છે તેવા આ ક્ષુલ્ક મરજીવાઓની પોતાની અલગ જ કહાણીઓ છે.રિત્વિક ધનજાની, કરણ વાહી અને રવિ દૂબેના તોફાની કટાક્ષો, શિબાની દાંડેકર, ગીતા ફોગાટ અને મોનિકા ડોગરાની અસામાન્ય મિત્રતા, મનવીર ગુજ્જરનો ડેવીલ-મે-કેર એટિટ્યુડ, નિઆ શર્મા અને શાન્તનુ મહેશ્વરીના અંતહીન નખરાં, હીનાનો સંગીતમય ગુંજારવ, શાઈની દોશીની નિર્દોષતા અને લોપામુદ્રા રાઉતનો મેક-અપ માટેનો લગાવ આ સીઝનના સૌથી મોટા ચર્ચાના વિષય બને છે !

## એસ્સાર પોર્ટ્સે બેઈરા પોર્ટમાં નવું ૨૦ એમટીપીએની ક્ષમતા ધરાવતું કોલ ટર્મિનલ વિકસાવવા મોઝામ્બિક સરકાર સાથે કન્સેશનસમજૂતી કરી

મુંબઈ

એસ્સાર પોર્ટ્સે બેઈરા પોર્ટ પર જાહેર ખાનગી ભાગીદારી (પીપીપી) પ્રોજેક્ટના ભાગરૂપે કોલસાનું નવું ટર્મિનલ વિકસાવવા મોઝામ્બિક સરકાર સાથે ૩૦ વર્ષની કન્સેશન સમજૂતી કરી છે. પ્રોજેક્ટનો અમલ ડિઝાઈન, બિલ્ડ, ઓન, ઓપરેટ એન્ડ ટ્રાન્સફર (ડીબીઓઓટી) આધારે થશે અને આ પ્રોજેક્ટનો અમલ પેટાકંપની ન્યૂ કોલ ટર્મિનલ બેઈરા, એસએ (એનસીટીબી એસએ) કરશે, જે એસ્સાર (જે ૭૦ ટકા હિસ્સો ધરાવશે) અને પોર્ટોસ ઈ કેમિન્હોસ દા ફેરો દા મોસામ્બિક (સીએફએમ, જે ૩૦ ટકા હિસ્સો ધરાવશે) વચ્ચેનું સંયુક્ત સાહસ હશે. પ્રોજેક્ટ ૧૦-૧૦ એમટીપીએનાં બે તબક્કામાં મોઝામ્બિકની કોલસા સંચાલન ક્ષમતામાં ૨૦ એમટીપીએનો વધારો કરશે. મોઝામ્બિક પાસે અંદાજે ૨૩ બિલિયન ટનથી વધુ કોલસાની અનામતો છે, જે સાથે મોઝામ્બિક ભારત, ચીન, જાપાન અન કોરિયા સહિતના દેશોની સ્ટીલ અને પાવર ઈન્ડસ્ટ્રીઝની કોલસાની માગને પૂર્ણ કરીને વૈશ્વિક સ્તરે અગ્રણી કોલસાનું નિકાસકાર બન્યું છે. એનસીટીબી પાસે ટેટ રિજનમાં મોઝામ્બિકના કોલ માઈનિંગ ક્ષેત્ર માટે સમર્પિત રેલ કનેક્ટિવિટી છે. તાજેતરમાં સીએફએમે તેની ક્ષમતા વધારીને ૨૦ એમટીપીએ કરી છે. આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ૨૭૫ મિલિયન ડોલરના ખર્ચે વિકસાવવામાં આવશે તથા અત્યાધુનિક, મર્ચન્ડાઈઝ અને પર્યાવરણને અનુકૂળ સિસ્ટમ સાથેવિકાસશીલ ડેડિકેટેડ બર્થ ધરાવશે. એક વખત કામગીરી શરૂ થયા પછી ડાઉનસ્ટ્રીમ ઉત્પાદન તથા સપ્લાયર અને સર્વિસ ઈન્ડસ્ટ્રીમાં વિસ્તરણ મારફતેદેશના નાગરિકો માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીમાં નોંધપાત્ર વધારો થશે.

એસ્સાર પોર્ટ્સ વિશેએસ્સાર પોર્ટ્સ ભારતમાં સૌથી મોટી પોર્ટ કંપનીઓ પૈકીની એક છે, જેની હાલની ક્ષમતા ૧૪૦ એમટીપીએ છે. આગામીથોડાં વર્ષોમાં તેની ક્ષમતા વધીને ૧૯૪ એમટીપીએ થશે. એસ્સાર પોર્ટ્સ હઝિરા, વાડીનાર, પરાદીપ, સલાયા અને વિશાખાપટ્ટનમમાં પાંચ ઓપરેશનલ પોર્ટ ટર્મિનલ ધરાવે છે.

## સાધુ વેયાવરચ-સુંદર વેયાવરચ ગુણી

ધંધુકા(ગુજરાતમાં ચાતુર્માસ માટે બિરાજમાન હતા મુનિરાજશ્રી ભુવનચંદ્રવિજયજી મ. મુનિરાજશ્રી ધનપાળવિજયજી મ. અને એક નાના મહારાજ..ત્યાં મુનિરાજશ્રી ભુવનચંદ્રવિ.બિમાર પડ્યા..સાધુવેયાવરચના પ્રખર પ્રેમી સિધ્ધાંત મહોદધિ, કર્મ સાહીત્ય નિષ્ણાત પૂ.આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનો પત્ર મુનિરાજશ્રી ધનપાળ વિજયજી મ.ને મળ્યો..''વ્યાખ્યાન બંધ રાખીને પણ મુનિશ્રી ભુવનચંદ્ર વિજયજીની સેવા-વેયાવરચ કરજો..''

આટલું પુરતુ ન લાગતા ગચ્છાધિપતિશ્રી આ પૂજ્યે સંસારી અવસ્થામાં રહેલા સાથે ભણતા મુમુક્ષુ જિતેન્દ્રને ખંભાતથી ધંધુકા ચિઠ્ઠી લખીને રવાના કરી મુનિવર્યોને જણાવ્યું ''જરૂર પડે તો ધીમે ધીમે વિહાર કરી ખંભાત આવી જવાનું રાખો ''..જૈનધર્મના દક્ષ વ્યાપારી શૂરા..

(જિતેન્દ્ર પછીથી બન્યા મુનિરાજશ્રી જયસુંદરવિજયજી. અને પછીથી આચાર્ય પણ એમની વાચનામાંથી સાંભળેલું)

**પ.શ્રી ગુણસુંદરવિજયજી ગણી.**

## ગુજરાતમાં અતિવૃષ્ટિથી ૨૦૦ પાંજરાપોળ-ગૌશાળા તારાજ: ૫૦,૦૦૦થી વધુ પશુઓના મરણ

<u>ઉદ્યોગપતિ મહેન્દ્ર સંગોઈની આગેવાની હેઠળ અહિંસા મહાસંઘની દાન માટે અપીલ</u>

ગુજરાતમાં અતિવૃષ્ટિના કારણે ૫૦,૦૦૦થી વધુ પશુઓના મરણ પામ્યા છે અને અંદાજે ૨૦૦ જેટલી પાંજરાપોળો અને ગૌશાળા તારાજ થઇ ગઇ છે. શેડ-ગોડાઉન તૂટી જતાં કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.કચ્છના વિધાનસભ્ય તારાચંદ છેડાએ પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફરીને કરેલી મોજણીના આધારે આ અંદાજ તૈયાર કર્યો છે. આથી મુંગા જીવોને પાળતી અસરગ્રસ્ત સંસ્થાઓને બેઠી કરવાના ઉદેશથી અહિંસા મહાસંઘના બેનર હેઠળ જીવદયા ક્ષેત્રે કાર્ય કરચા અગ્રણી મહેન્દ્ર સંગોઇએ પ્રત્યેક સંસ્થાને રૂ. ૫-૫ લાખનું અનુદાન કરવાનો સંકલ્પ કર્યો છે અને ઓછામાં ઓછા ૫૦ પાંજરાપોળોને આ મદદ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે.દરેક અસરગ્રસ્ત પાંજરાપોળોમાં શેડ અને કમ્પાઉન્ડ વોલનું કામ થઇ શકે એ માટે રૂ. ૫-૫ લાખની મદદની જરૂરત છે. જો દરેક ઉદ્યોગપતિ આ રીતે સંસ્થાને દત્તક લે તો આભ તૂટી પડ્યું છે તેવી પરિસ્થિતિમાં થોડીક રાહત મળી શકે છે.મહેન્દ્ર સંગોઇ પોતે પોતાના ટ્રસ્ટમાથી માતબર રકમનું દાન કરવાના છે. આ કાર્ય ઝડપથી ઉપાડી લેવાની જરૂર છે કે જેથી વધુ નુકસાની ટાળી શકાય અને પશુઓને શાતા પહોંચાડી શકાય, એમ પણ તેમણે જણાવ્યું હતું. આચાર્ય કલાપ્રભ મહારાજે આ માટે ઘણી જહેમત ઉઠાવી છે. આથી જૈન સાધુ ભગવંતનોએ પણ આ કાર્યમાં હાથ લંબાવ્યો છે.

રામદેવ ગ્રુપની ચૅરમેન શ્રી મહેન્દ્ર સંગોઇ છેલ્લા ૩૦ વર્ષથી જીવદયા ક્ષેત્રે કાર્યરત છે. તેઓ અહિંસા મહાસંઘના ગુજરાતના મોવડી છે. ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર – એન્કરવાલા અહિંસાધામના મેનેજિંગ ટ્રસ્ટી છે. કચ્છી જૈન ફાઉન્ડેશનના સ્થાપક ટ્રસ્ટી છે. કેશવ સૃષ્ટિના ઉપક્રમે ભાઇંદરમાં ૨૦૦ એકરમાં ચાલતી પાંજરાપોળમાં પણ તેઓ ટ્રસ્ટી તરીકે અગાઉ સેવા આપી ચુક્યા છે.

## ન્યુયોર્ક વેજિટેરિયન વિઝન હેલ્થ એન્ડ વેલનેસ એક્સ્પોનું પેન પ્લાઝા પેવેલિયનમાં શનિ-રવિ ૯-૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ આયોજન

અમદાવાદ

વેજિટેરિયન વિઝન Elf કે જે એક નોન પ્રોફિટ સંસ્થા છે તે તેની સેવાઓની ૨૫મી વર્ષગાંઠની ઉજવણી બે દિવસીય ઈવેન્ટ 'વેજિટેરિયન લાઈફ એન્ડ હેલ્ધી લિવિંગ કન્વેન્શન'માં કરી રહી છે. આ ઈવેન્ટનું આયોજન ૯-૧૦ સપ્ટેમ્બર, ૨૦૧૭માં થવાનું છે. આ ઈન્ટરનેશનલ વેજિટેરિયન કન્વેન્શનનુંઆયોજન ૩૫૦૦૦ સ્કવેર ફૂટની જગ્યા ધરાવતા પેન પ્લાઝા પેવેલિયનમાં થઈ રહ્યું છે, જે ન્યુયોર્કની મધ્યમાં આવેલું છે અને પેન સ્ટેશનની આસપાસ છે.સંસ્થાની મુખ્ય ઈવેન્ટ વાર્ષિક ફૂડ ફેસ્ટિવલ હોય છે જેમાં જાણીતા વેજિટેરિયન્સ, પેનલ ડિસ્કશન્સનું આયોજન શાકાહાર માટેના વિચારોની આપલે અને તેનીજાગૃતિ ફેલાવવા તથા તેના લાભો વિશે જણાવવા કરવામાં આવશે. વેજિટેરિયન વિઝન સક્રિયપણે હોસ્પિટલ્સ, એરલાઈન્સ, રેસ્ટોરાં, એજ્યુકેશનલ સંસ્થાઓ, એનિમલ પ્રોટેક્શન ગ્રૂપ્સ, હેલ્થ કેર અને અન્ય તકો કે જેનાથી હેલ્ધી જીવનશૈલીનું મિશન ધરાવતી સંસ્થાઓ સાથે કામ કરે છે અને જીવનધોરણમાં સુધારો લાવવા પ્રોત્સાહન આપવા માટે કામ કરે છે.'આજે વિશ્વભરમાં ૩૭૫ મિલિયનથી વધુ લોકો શાકાહારી છે. જ્યારે અમે ન્યૂયોર્કસિટીમાં પ્રથમ ફેસ્ટિવલનું આયોજન કર્યું ત્યારે ૧૭૦૦૦ જેટલા લોકો હાજર રહ્યા હતા. ત્યારથી વેજિટેરિયન કન્વેન્શનની પ્રગતિ થતી રહી છે અને તેનુંઆકર્ષણ વધતું રહ્યું છે અને અનેકવિધ લોકો આવે છે.' દાયકાઓથી વેગન શાહે નોન પ્રોફિટ સંસ્થા વેજિટેરિયન લાઈફસ્ટાઈલના ફિઝિકલ અને સ્પિરિચ્યુઅલ લાભો વિશે જણાવવા માટે બનાવી છે..ફેમિલી માટેની હેલ્થ, વેલનેસ અને ફૂડ ઈવેન્ટમાં ડેમોન્સ્ટ્રેશન્સ, સ્પીકર્સ, ક્લાસીસ, ટેસ્ટીંગ્સ અને લાઈવ કલ્ચરલપર્ફોર્મન્સીસનું આયોજન સવારે ૧૦ વાગ્યાથી થશે. ટિકિટ એક દિવસ માટે ૧૫ ડોલરની તથા વીકએન્ડ માટે ૨૫ ડોલરમાં પ્રાપ્ય છે. ૧૫૦ એક્ઝિબિટર્સ અને નિષ્ણાતો આ શાકાહારની ઈવેન્ટમાં સામેલ થવાના છે અને તેઓ ક્રૂરતામુક્ત ભોજન અને જીવનશૈલીના લાઈફસ્ટાઈલ વિશે જણાવશે.જાણીતા રેસ્ટોરાં દ્વારા પ્લાન્ટ આધારિત, વિશ્વભરના વેગન અને વેજિટેરિયન તથા અગ્રણી શેફસ સામેલ થશે અને કૂકીંગ ડેમોન્સ્ટ્રેશન યોજશે. તેઓ દિવસદરમિયાન ટેસ્ટી સેમ્પલ્સ આપશે. પુખ્તો વિવિધ વેગન વાઈન્સનો ટેસ્ટ કરી શકશે તો બાળકો કિડ્સ કોર્નરમાં અનેક પ્રવૃતિઓ કરી શકશે.'વેજિટેરિયન વિઝન એક નોન પ્રોફિટ સંસ્થા છે જેની રચના ૧૯૯૨માં થઈ હતી જેનો હેતુ લોકોને શાકાહાર અપનાવવા પ્રોત્સાહન આપવા માટેનો છે, તેના લાભો વિશે જણાવવાનો છે અને વનસ્પતિ આધારિત ફૂડ અને ક્રૂરતામુક્ત ભોજનની માહિતી આપવાનો છે.

# ગ્રહોના ઉપાયથી કરો કિડની સંબંધિત રોગોનો ઉપચાર

કુંડળીમાં કેટલીક ગ્રહદશા કિડનીને લગતા રોગો માટે જવાબદાર હોય છે. કુંડળીનું છઠ્ઠુ ઘર અને શુક્ર કિડનીના કારક ગ્રહ છે. ૬ઠ્ઠા, ૭મા અને ૮મા ભાવમાં સતત પાપ ગ્રહ હોય તો કિડની સંબંધી તકલીફો રહે છે

ક્યારેક પથરી તો ક્યારેક ડાયાલેસિસ, કિડનીને લગતી અનેક બીમારીઓ અત્યંત સામાન્ય બની ગઈ છે. આમ તો કોઈ પણ બીમારી નાની હોતી નથી, પરંતુ વાત જો કિડનીની હોય તો ગંભીર બનવું જરૂરી બની જાય છે. આજે કેટલાય કિસ્સા કિડની ફ્લેયરના સામે આવી રહ્યાં છે. બેશક અશુદ્ધ ખાણી-પીણી કિડની સંક્રમણ કે પથરીનું કારણ બને છે, પરંતુ એ પણ સત્ય છે કે કિડની કિડનીને લગતા રોગો એ જ લોકોને પ્રભાવિત કરે છે જેમની કુંડળીમાં આ માટે જવાબદાર ગ્રહદશા હોય છે. આવો જાણીએ કે આપણી કુંડળીમાં કઈ-કઈ ગ્રહદશા છે જે કિડનીને લગતા રોગો માટે જવાબદાર હોય છે. આપણી કુંડળીનું છઠ્ઠુ ઘર અને શુક્ર કિડનીના કારક ગ્રહ છે. ૬, ૭ અને ૮મા ભાવમાં સતત પાપ ગ્રહ હોય તો કિડની સંબંધી તકલીફો રહે છે. કે પછી પાપકારી યોગ બની રહ્યું હોય એટલે કે છઠ્ઠા ઘરમાં કે આઠમા ઘરમાં કતરી યોગ બની રહ્યું હોય તો પણ આ સમસ્યા ઉદ્ભવે છે.

ગુરૂ અને ચંદ્રમા સપ્તમ ભાવમાં હોય કે સપ્તમ ભાવને જોઈ રહ્યાં હોય કે સપ્તમેશને જોઈ રહ્યાં હોય તો પણ વ્યક્તિ કિડની રોગો જેવા કે ઈન્ફેકશન, પથરી વગેરેથી પીડાય છે. મંગળ અને શુક્ર જળ રાશિમાં હોય અને ૪,૮, ૧૨ ભાવમાં હોય અને મંગળ, શુક્રની દશા ચાલી રહી હોય તો પણ કિડની સંબંધી સમસ્યા થાય છે. ચંદ્ર નબળો હોય તો આ સમસ્યા એટલી હદે ગંભીર બની જાય છે કે વ્યક્તિને ડાયલેસિસ પર નિર્ભર રહેવું પડે છે. અનેક કિસ્સાઓમાં તો કિડની ફેલિયરના કારણે જાતકનું મૃત્યુ પણ થઈ જાય છે. કુંડલીમાં કયો ગ્રહ કે દશા કિડની સંબંધિત રોગોનું કારણ છે એ જાણવું એટલા માટે જરૂરી છે કે આપણે આ માહિતીનો લાભ ઉઠાવી યોગ્ય સમયે આ રોગોથી બચવાના ઉપાયો કરી શકીએ. ઉક્ત ગ્રહદશાઓ અને તેમના ખરાબ પરિણામોથી બચવા કે ઓછામાં ઓછા તેમના પ્રભાવને ઘટાડવા માટે નીચે મુજબના ઉપાયો પર અમલ કરવો જોઈએ.

દુર્ગા સપ્તાતિનો વિધિવત પાઠ કરો. સતચંડી અનુષ્ઠાન કરાવવાથી શુક્ર સંબંધી તમામ પરેશાનીઓ દૂર થઈ જાય છે. દહીં, કપૂર, આદુનું દાન કરવું કે જળ પ્રવાહ કરવો જોઈએ. ગૌ પાલન કરો કે ગૌસેવા કરવાથી પણ લાભ થાય છે. આ ઉપાયો તમારા એ ગ્રહોને શાંત કરશે જે તમારી કિડનીને બીમાર પાડવા માટે જવાબદાર હોય છે. એવામાં તમે અનેક બિનજરૂરી પરેશાનીઓથી બચી શકો છો




## હાસ્યના હીલોળા

એક કોલેજીયન : હું નાળિયેરના ઝાડ પર ચઢી જાઉં તો એન્જિનયરીંગ કોલેજની છોકરીઓને જોઈ શકીશ

બીજો કોલેજીયન : હા, પણ ઉપર જઈને હાથ છોડી દઈશ તો મેડીકલ કોલેજની છોકરીઓને પણ જોઈ શકીશ !!

૯૯૯૯

એક માણસે પોતાના ખંડમાં ચારે તરફ પ્રાર્થનાઓ ચોંટાડી હતી, એ જોઈ એના મિત્રએ પુછયું : તું દરરોજ આટલી બધી પ્રાર્થના કરે છે?

ના, ના ભગવાનને પ્રાર્થના કરું છુ કે આ બધી વાંચી લે. મને પ્રાર્થના કરવાનો બહું કંટાળો આવે છે.

૦૦૦૦૦૦

શિકારી પોતાના દિકરા સાથે શીકાર પર ગયો. જંગલમાં એક ઉડતો બગલો આકાશમાં દેખાયો. શિકારીએ નિશાન તાકીને ફાયર કર્યું.. પણ છતાંય બગલો ઉડતો રહ્યો.. આથી શિકારી બોલ્યો, 'જીંદગીમાં પહેલી વાર એક ચમત્કાર જોઈ રહ્યો છું, બેટા એક મરેલો બગલો આકાશમાં ઉડી રહ્યો છે..

૦૦૦૦૦

મહેશે નરેશને પુછયું, તારો પગ કઈ રીતે ભાંગ્યો ?

નરેશ બોલ્યો, હાઈવે પર સરકારે છેલ્લા ચાર વર્ષમાં કેટલા એકસીડેન્ટ થયા એનું બોર્ડ મુકયું છે. ચાલુ સ્કૂટરે એ વાંચતો હતો એમાં કાર સાથે અથડાઈ ગયો.

૦૦૦

પપલુ: પપ્પા જમીનથી સુરજ કેટલે દુર છે ?

પપ્પા : મને ખબર નથી..

પપલુ : પપ્પા તમારા આ અજ્ઞાનને કારણે મને જો માર્ક ઓછા મળે તો પછી કહેતા નહીં..

૦૦૦૦



## મધુવન

**'નથી કરતો દીવાનપણાનો દાવો કોઈની આગળ**
**જગતના હોંશિયારો, કંઈક તો શીખો દીવાનાથી !**

શીર્ષક શે'ર માં અલીખાન ઉસ્માનખાન બલોચ સ્વ. 'શુન્ય પાલનપુરી' સાહેબ દીવાનાની વાત કરે છે. જગતના હોંશિયાર લોકો જ્યાં અને જ્યારે તક મળે ત્યારે બીજા આગળ પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરતા હોય છે. પોતે કંઈક વિશેષ છે જગતનાં સઘળાં રહસ્યોનો ભેદ પામીને બેઠા છે એવો ગર્વ એમને હોય છે. કોઈએ કહ્યું છે કે હું કશું જ જાણતો નથી એ જાણવા માટે ઘણું બધું જાણવું પડે છે. આ શે'ર માં દિવાનાની વાત છે જે દુનિયાદારીથી જુદું વિચારે છે. આથી એ દિવાનગીનો દાવો કોઈ આગળ કરતા નથી.

**'જમાનો કરે છે દિવાનાની યાદી,**
**સરસ તક છે : ચાલો ઉમેરાઈ જઈએ '**

હરિપ્રસાદ મોહનલાલ સંઘવી 'દિલહર' સંઘવીના આ શે'ર માં શાયર દિવાનાની યાદીમાં ઉમેરાઈ જવાની વાત કરે છે. દીવાના કયારેય દીવાનાઓની યાદી કરવા બેસે જ નહીં આ તો જમાનો કરે છે. બુદ્ધિજીવી લોકો શું કરે એ નક્કી ન હોય. જ્યારે દીવાનાની યાદી બનતી હોય તો એમાં ઉમેરાઈ જવામાં શાણપણ છે.

**'દીવાનો છું, હુંમારી રીતથી સમજણ બતાવું છું**
**ચમન કયાં છે પુછે છે કોઈ તો હું રણ બતાવું છું'**

સ્વ.બરકતઅલી ગુલામહુસેન વિરાણી 'બેફામ' ગઝલસમ્રાટ સાચા અર્થમાં દીવાના છે અને દિવાનાની દુનિયા જગતથી જુદી હોય છે. એમનો જગતને જોવાનો દ્રષ્ટીકોણ અલગ હોય છે. કારણ કે એ બુદ્ધિના પીંજરામાંથી આઝાદીની હવામાં મુકતમને વિરહતું પંખી છે. દુનિયાદારીના બંધનો એને નડતા નથી. એ સુની જગ્યાને પણ વેરાન છે એવું કહેતા નથી. કોઈ મધુવન વિશે પુછે છે તો એ રણ તરફ અંગુલી નિર્દેશ કરે છે.

**ગણે ના ભીડને પણ ઘાસ તો બીજું કરે પણ શું ?**
**ફરે ના નિર્વસન ચોપાસ તો બીજુંકરે પણ શું ?**
**પડી છે કોઈને કયાં લેશ પણ એને સમજવાની,**
**દીવાનો ના કરે બકવાસ તો બીજું કરે પણ શું ?**

ગુજરાતી ગઝલના સિંહ સ્વ. અમૃત ઘાયલના આ મુકતકમાં દીવાનાનો આછેરો પરીચય થાય છે. દિલ વગર મળતા લાખો લોકોના સમુહનેટોળા સાથે, ઘાસ સાથે ભીડ સાથે સરખાવતો દીવાનો દિલથી મળતાં બે જણાની ગોષ્ઠીને મહેફીલ સાથે સરખાવે છે. દિવાનાને સમજવો એ બુધ્ધિ બહારનો વિષય છે.એને સમજવા માટે મગજ નહીં એક હૃદય જોઈએ. કારણ કે દિવાનાની વાતો અગોચરની હોય એવી હોય છે. સામાન્ય માણસોને એ પાગલપણું લાગે.

**'આકાશના તારાઓને ગણવા બેઠો**
**દિવાનાને એક વાત અમસ્તી સુઝી'**

'સ્વ.સૈફ પાલનપુરીના આ શે'ર માં દિવાનાનો પરિચય આપણને થાય છે. આજની વાત કરીએ તો માણસ પ્રકૃતિથી દુર થતો જાય છે. સૂર્યોદય, સુર્યાસ્ત, ખુલ્લા આકાશ નીચે સુવાનો આનંદ એના નસીબમાં હવે નથી.અહીં બાળકો જેવી ચેષ્ઠા સિતારાઓ ગણવાની મસ્તી એક દિવાનાને જ થાય છે અને એ તારા ગણવા બેસી જાય છે.

**'ખુશી ગમીથી અજાણ્યા થઈ જવાની એમાં સમજણ છે**
**કે જે દિવાનગી કહેવાય છે એ દિલનું ડહાપણ છે'**

ગુજરાતી ગઝલના બાદશાહ ગઝલ સમ્રાટ શાયર સમ્રાટ સ્વ.મરીઝના આ સરળ શબ્દો વાંચતાં જ સમજાઈ જાય તેવા છે. અંતે જોઈએ ડૉ.નસીમ નિક્તનો આ શે'ર.

**'નાય તોલ કે ઘર વર, હૈસીયત પે મરતી હૈ**
**ઈશ્ક મેં કોઈ લડકી, અબ કહાં દિવાની હૈ**

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## બંદરિયા ટેરેસમાં આવી ગઈ..

પાલતુ જાનવરો સાથે રમવાનો અને તેમની આળપંપાળ કરવાનો બચપણનો શોખ કયારેક આજેય ખડો થઈજાય છે. આ એક વાર્તા કોઈ કલ્પનાનો રસથાળ નથી પણ વાસ્તવિક બનેલી ઘટના છે.

રવિવારે બહાર જવાનું થાય.. અહમદશાહ બાદશાહની નગરી અમદાવાદીઓ માટે એક એવી અજાયબી છે કે જ્યાં અનેક આ શહેરના નાગરિકો રજાના દિવસોમાં ઘેર નથી હોતા જે શહેરમાં લટાર મારતા જોવા મળશે.

અમે એક રવિવારે લાલ દરવાજા થઈ ભદ્રકાળીના બજાર તરફ જવા નીકળ્યા એ દિવસે શરતચુકથી ટેરેસનો ગેટ ખુલ્લો રહી ગયો. ટેરેસમાં એક મોટું અને મોંઘું કપડાં ધોવાનું વોશીંગ મશીન તેમજ થોડા નાના નાના ફુલછોડના કુંડા રાખેલા છે.

બપોરના સમયે વાંદરા અને તેમની પત્નીઓ બંદરીયા લગભગ દરેક સોસાયટીમાં કુદાકુદ અને હુપાહુપ કરતા જોવા મળે છે. કેટલાક વાંદરા અને વાંદરીઓ ખોરાકની શોધમાં પણ દોડાદોડી કરતા જોવા મળશે. આવી એક બંદરીયા અમારી ગેરહાજરીમાં ટેરેસમાં આવી ગઈ. બસ માલિક વિનાના ઘરના ટેરેસમાં એ તો બીન્દાસ ફરવા લાગી. એકાદ બે કેળાં ઝાપટી લીધાં. પછી પેલા વોશીંગ મશીન પાસે મુકેલો કલોથ કલીપનો ડબ્બો ઉઠાવી ટેરેસ છોડવા જતી હતી ત્યાં અમારા ધાંધલ જેવા ભાણેજના હાથમાં લાકડી ઉઠાવી પડકારો કર્યો ત્યારે પેલી બંદરિયા ડબ્બો ખોલીને જોઈને ટેરેસમાંથી લાંબો કુદકો મારી સામેના ટેરેસમાં ગઈ.

ટેરેસમાં વગર ટેન્શને આવેલી એ બંદરિયાએ કોઈ આતંક મચાવ્યો નહીં માત્ર બે કેળાં ખાઈને સંતુષ્ટ થઈ એ સોસાયટી છોડીને ભાગી ગઈ...

**હંસામૃતવાલમીયા**
**અમદાવાદ**

## હોશિયાર કરચલો

ઘણા સમય પહેલાં એક ગીચ જંગલમાં એક સુંદર સરોવર હતું. જેમાં ઘણી માછલીઓ રહેતી હતી. માછલીઓ ઉપરાંત કરચલા, મગરમચ્છ અને અન્ય પ્રાણીઓ રહેતા હતા. આ સરોવરની નજીક એક દુષ્ટ અને ચાલાક બગલો રહેતો હતો. સરોવરમાં રહેતી માછલીઓ અને કરચલાં એનું ભોજન હતું. પરંતુ સમય જતાં બગલો વૃધ્ધ થયો હતો. હવે એનામાં શિકાર કરવાની શકિત નહોતી રહી.

એક દિવસ બગલાએ માછલીઓ અને કરચલાઓનો શિકાર કરવાનો ઉપાય શોધી કાઢયો. બીજા જ દિવસે બગલો સરોવરના કાંઠે આવીને રડવા લાગ્યો. એના આંસુ મગરના આંસુ હતા. બગલાને જોઈને સરોવરની માછલીઓ હેરાન થઈ ગઈ. કેટલીક માછલીઓએ ઉત્સુકતાવશ એની પાસે આવીને પુછવા લાગી, ''બગલાકાકા, શું થયું ? તમે કેમ રડી રહયા છો ? કઈ વાત બની કે તમે દુખી થઈ ગયા ?''

આટલી બધી માછલીઓને એકસાથે જોતાં બગલાના હૃદયમાં આનંદ વ્યાપી ગયો. પરંતુ એને ચહેરા પર આવવાના દીધો. પરંતુ દુખી સ્વરે કહ્યું, ''આજે હું ખુબ જ દુખી છું. આજ પછી હું તમને કયારેય જોઈ શકીશ નહી.''

''કેમ શું થઈ ગયું? એક માછલી બોલી, ''તમે આમ કેમ કહો છો. તમે ઈચ્છો ત્યારે અમને મળવા આવી શકો છો.!''

''આજ સવારે મારી એક જયોતિષ સાથે મુલાકાત થઈ. મને બતાવ્યું કે આ સરોવર ટુંક સમયમાં સુકાઈ જવાનું છે. અને એમાં રહેતા દરેક પ્રાણી તડપીને મૃત્યુ પામશે. આવું સાંભળીને મને ઘણું જ દુખ થયું.'' બગલો દુખી ચહેરે બોલ્યો.

બગલાની વાત સાંભળીને બધી માછલીઓ ગભરાઈ ગઈ. તેઓ બધી તરત પાણીમાં કુદીને સીધી પોતાની રાણી પાસે પહોંચી ગઈ. અને બગલાની વાત કહી સંભળાવી. એમની વાતો સાંભળીને રાણી માછલી પણ ગભરાઈ ગઈ. રાણી માછલીઓને કહ્યું કે આપણે બગલા સાથે આ અંગેની ચર્ચા કરવી હિતાવહ છે.

રાણી માછલી પોતાની સાથે થોડીક માછલીઓને લઈને સરોવરના કાંઠે બગલો જયાં રહેતો હતો ત્યાં આવી. રાણી માછલીએ બગલાને કહ્યું, ''માછલીઓએ બધી વાત મને કહી છે. જયોતિષની વાત ખરેખર ચિંતાજનક છે. અને તમે અમોને આ મુશ્કેલીમાંથી બહાર આવવાનો માર્ગ બતાવી શકો છો.''

આટલી બધી માછલીઓને એક સાથે જોઈને બગલાના મોંમા લાળ ટપકવા લાગી. ઘણી મુશ્કેલીથી પોતાના મન પર કાબુ રાખીને બગલો આંખો બંધ કરીને કાંઈક વિચારતો હોય તેવું નાટક કરવા લાગ્યો. થોડીવાર પછી પોતાની આંખો ખોલીને માછલી રાણી તરફ જોઈને કહેવા લાગ્યો, ''તમારા માટે બચવાનો એક માત્ર ઉપાય છે. આ જંગલના બીજા કિનારે એક બાજુ સરોવર આવેલું છે. હું બધાને એક એક કરીને તે સરોવરમાં લઈ જઈશ. જો તમને મારી પર વિશ્વાસ હોય તો તમારા પ્રાણ બચી શકે છે. તમને બધાને ત્યાં લઈ જતાં થોડોક સમય જરૂર લાગશે. એટલે તમારે ધીરજ રાખવી પડશે.''

માછલીઓની રાણી બોલી, ''અમને તમારી પર પુરો વિશ્વાસ છે. બગલાના ચહેરા પર લુચ્ચુ સ્મિત આવી ગયું. તે બોલ્યો, '' હવે તમે બધા અત્યારે જાવ. કાલે સવારે હું તમને એક એક કરીને બીજા સરોવરમાં લઈ જઈશ.''

બીજા દિવસે સવારે ઘણી બધી માછલીઓ સરોવરના કાંઠે આવી ગઈ. બધી માછલીઓમાંથી એક તંદુરસ્ત માછલીની પસંદગી કરીને તેને ચાંચમાં પકડીને બગલો ઉડયો. બીજા સરોવર નજીક. પરંતુ બગલો ચાલાક હતો. તે પેલી માછલીને સરોવરના બદલે એક પથ્થર પર લઈને આવ્યો અને ત્યાં એને સમજણ પડે તે પહેલાં જ મારીને ખાઈ ગયો. ત્યારબાદ તે પાછો સરોવરના કાંઠે આવ્યો જયાં અન્ય માછલીઓ એની રાહ જોતી બેઠી હતી. બગલાએ કહ્યું કે પહેલી માછલીને હું નવા સરોવરમાં મુકીને આવ્યો છું. પછી તે વારાફરતી એક પછી એક માછલીને પોતાની ચાંચમાં પકડીને પેલા પથ્થર પાસે આવતો. અને તેને મારીને ખાઈ જતો. બગલાનો આ રોજનો નિત્યક્રમ થઈ ગયો હતો.

એક દિવસ એક કરચલો બગલા પાસે આવ્યો ઓ બોલ્યો, '' કાકા, મારે પણ આ સરોવર છોડીને બીજા નવા સરોવરમાં જવું છે. મારે અહિંયા મરવું નથી.''કરચલાંને જોતા બગલાના મનમાં વિચાર આવ્યો કે રોજ રોજ માછલી ખાઈને કંટાળી ગયો છું. આજે મોં નો સ્વાદ બદલીએ. આવો વિચાર કરીને બગલાંએ કરચલાંને પોતાની પીઠ પર બેસાડીને ઉડવા લાગ્યો. થોડીવાર પછી બગલા કરચલાંને લઈને પેલા પથ્થર પાસે આવ્યો. કરચલાંએ ચારે બાજુ જોયું તો એને કોઈ જ સરોવરના દેખાયું પણ માછલીઓના હાડકાં દેખાયા. કરચલો બધુ સમજી ગયો કે આ બગલાએ માછલી ખાવાનો સરલ ઉપાય શોધી કાઢયો છે.

એટલે કરચલો તરત જ બગલાની ગરદન પર ચડીને નેને ભીંસમાં લીધો. કરચલો બોલ્યો, ''દુષ્ટ બગલા ! તું આ ભોળી માછલીઓને તારી જાળમાં ફસાવીને એમનો ખોરાક બનાવે છે.'' આપલું બોલીને કરચલાં એ બગલાની ગરદન તોડી નાંખી. થોડી વારમાં બગલો તડપીને મૃત્યુ પામ્યો.

કરચલો બગલાનું ડોકું લઈને પાછો પોતાના સરોવર પર આવ્યો અને બધી માછલીઓને એની દુષ્ટતાની વાત કહી. પોતાની સાથી માછલીઓના મૃત્યુ પર અન્ય માછલીઓને ઘણું થયું. પરંતુ એ વાતનો પણ આનંદ થયો કે કરચલાંની હોંશિયારીથી બાકીની માછલીઓના પ્રાણ બચી ગયાં.

**-કમલેશ કંસારા**

### લીલુંછમ ચોમાસુ

મારા મનનું ગીત એટલે રુપાળું લીલુછમ ચોમાસુ
પહેલી પ્રીત એટલે હૃદય ધડકતું લીલુછમ ચોમાસુ
બે હોઠ વચ્ચેનું સ્મીત જાણે હોય લીલુછમ ચોમાસુ
સ્વપ્નમાં પણ ન જાણ્યું હોય તેવું લીલુછમ ચોમાસુ
સાચવનારો ઘણું સાચવી જાણે લીલુછમ ચોમાસુ
વાપરનારો ઘણું બધું વાપરી જાણે લીલુછમ ચોમાસુ
જાણવાવાળો ઘણું બધું જાણી લે લીલુછમ ચોમાસુ
બળબળતા વૈશાખની ગરમી મીટાવે લીલુછમ ચોમાસુ
પશુ પંખીના કલરવની શાંતી હોય લીલુછમ ચોમાસુ
કુદરતી સૌંદર્ય સર્જાયજો હોય તે લીલુછમ ચોમાસુ
ઝરણાંનું ઝાંઝર ખળખળ રમતું હોય લીલુછમ ચોમાસુ
જીવજંતુના ઘણા ઉપદ્રવ વધે તો જાણો લીલુછમ ચોમાસુ
દેડકાના ડ્રાઉં.. ડ્રાઉં.. અવાજ સાથે આવે લીલુછમ ચોમાસુ
વનસ્પતી હરીયાળી બનાવે તે હોય લીલુછમ ચોમાસુ
વીજ કડાકા બંધ હોય ઝરમર વરસે તે લીલુછમ ચોમાસુ
વીરા અનુભવ વગર યાદ ના આવે લીલુછમ ચોમાસુ

**વીરાભાઈ સી.ચાવડા (કાણોદર)**

## બદલો

મધુવનમાં ઘણાં બધાં વૃક્ષો હતા. વૃક્ષો ખુબ જ ઘટાદાર શિતલ છાયાવાળા હતા. આ વૃક્ષો ઉપર જાત જાતના પક્ષીઓએ માળા બાંધેલા, પોપટ, ચકલી, કાબર, કબુતર, સુગરી, હોલો એવાં જુદાં જુદાં પક્ષીઓ તેમાં રહેતાં. તેમાં કેટલાક કાગડાના માળા પણ ખરા.

આ કાગડાના માળાઓમાં એક કાલુ નામનો કાગડો રહે. આ કાલુ કાગડો સ્વભાવે ખુબ વિચિત્ર. કોઈને સુખી જોઈ એ રાજી ન થાય. બીજાને કેમ દુઃખ આપવું એ જ વિચારો કર્યા કરે. બીજાનું ખાવાનું ખાઈ જાય, બીજાના માળાને નુકશાન કરે, બીજા પક્ષીઓના બચ્ચાંને હેરાન પરેશાન કરે.

કાલુ કાગડાની આ પ્રવૃત્તિઓથી પોપટ, ચકલી કાબર, કબુતર, સુગરી, હોલા વગેરે પક્ષીઓ તો ઠીક પણ ખુદ તેમની જાતીના બીજા કાગડાઓ પણ ભારે પરેશાન રહેતા. તેમાંય તેને જો કોઈ સમજાવવાનો પ્રયત્ન કરે કે 'તારે ખરાબ પ્રવૃત્તિઓ ન કરવી જોઈએ' તો બસ એનું તો આવી જ બને સમજાવવાનો પ્રયત્ન કરનારા પક્ષીને તે બધી જ રીતે નુકશાન કરવાનું તે શરૂ કરી દે.

કાલુની પત્ની સાલુ કાગડી સ્વભાવે સારી હતી. કાલુના કાળા કૃત્યોથી તે પણ ખુબ જ કંટાળી ગયેલી. પરંતુ કરે શું ? તે જો કંઈ કહેવા જાય તો તેને તો કાલુ પોતાની ચાંચ વડે પીંખી નાખતો. આથી તેણે તો કાલુને કંઈ પણ કહેવાનું સાવ બંધ જ કરી દીધેલું.

કાલુના આવા વર્તનથી ત્રાસેલા અન્ય પક્ષીઓએ કાલુ અને તેના પરિવાર સાથેનો નાતો જ તોડી નાખેલો. એટલું જ નહીં જે વૃક્ષ ઉપર કાલુનો માળો હતો તે વૃક્ષ ઉપર અન્ય કોઈ પક્ષી માળો પણ બાંધતું ન હતું. સૌ પક્ષીઓ સમજી ગયેલાં કે જો તેના માળાની આસપાસની વૃક્ષની ડાળી પર માળો બાંધશું તો રોજેરોજ કાલુ સાથે લમણાઝીંક કરવાનો વખત આવશે. આમ, સૌ પક્ષીઓએ તેની સાથે વ્યવહાર કરવાનું બંધ કરી દેતાં તે વધુનેવધુ ક્રોધી બનવા લાગેલો.

એક દિવસની વાત છે. મોટા ભાગના પક્ષીઓ ચણવા માટે પોતાના માળામાંથી નીકળી ગયેલાં. લગભગ માળાઓમાં માત્ર બચ્ચાંઓ જ હતા. કેટલાક માળામાં બચ્ચાં નાનાં હોવાથી તેમની માતાઓ પણ હતી. બપોરનો સમય થયેલો. કેટલાક પક્ષીના બચ્ચાં ઉંઘી રહ્યા હતા. ત્યારે અચાનક કાલુ કાગડો મીઠું પોપટના માળા પાસે જઈ ચડયો. જોયું તો તેનાં બચ્ચાં ભરપુર નિંદ્રામાં હતાં... કાલુએ જોરજોરથી કાં..કાં.. કર્યું.. મીઠુંના બચ્ચાં જાગી ગયાં. કાલુને જોઈ પ્રથમ તો ગભરાઈ ગયા. તેઓ હજુ કંઈક વિચારે ત્યાં તો કાલુએ પોતાની ચાંચ વડે માળાને ધક્કો માર્યો.. નાનાં બચ્ચાં સહિત માળો વૃક્ષ ઉપરથી જમીન ઉપર જઈ પડયો. માળા સહિત નીચે પડવાથી નાનાં બચ્ચાંને કંઈ ઈજા તો ન થઈ. પરંતુ કાલુના હુમલાથી તે ખુબ જ ગભરાઈ ગયાં. કંઈ બોલી ન શકયા.

કાલુ. કાં..કાં..... કરતો ફરી પોતાના માળામાં ચાલ્યો ગયો.તેને આમ કરવાથી ખુબ જ આનંદ આવ્યો. બીજા માળામાં રહેલાં બચ્ચાં, નાનાં બચ્ચાં તેમની માતાઓ આ જોઈ ખુબ જ ગભરાઈ ગઈ.પક્ષીઓમાં કોઈ આ કાલુ કાગડાની શાન ઠેકાણે લાવી શકે તેવું ન હોવાથી કાલુનો ત્રાસ દિવસે દિવસે વધવા લાગ્યો. પક્ષીઓ સાંજે દાણો પાણી એકઠાં કરી અને પાછા ફર્યા. ત્યારે મીઠુંના માળાની આ દશા જોઈ મીઠું તેની પત્ની વીલાપ કરવા લાગ્યા. ત્યારે સૌ પક્ષીઓ તેની પાસે આવ્યાં.. બચ્ચાં સુરક્ષિત છે એમ જાણી સૌએ તેને વિલાપ ન કરવા સમજાવવા લાગ્યા. પછી પક્ષીઓએ ફરી સુરક્ષિત સ્થળે માળો તથા બચ્ચાં લઈ જવા માટે મીઠુંને મદદ કરી.

**-દેવેન વ્યાસ ગીતાબેન વ્યાસ**
**(અંજાર)**

## નાનો વર્ધમાન

**ગતાંકથી ચાલુ**

'દાદાજીએ પછી શું ? વર્ધુએ વાત વચ્ચેથી કાપતાં પુછયું, દાદીનો ઈશારો જોઈને દાદાએ વાત વાળી લેતાં કહ્યું, બેટા, કંઈ નહીં..

'દાદાજી તમે મારાથી કંઈક છુપાવો છો..વર્ધુએ ખુબ માસુમિયતથી પુછયું.

દાદા તેના પ્રશ્નનો કંઈ ઉંમર આપે તે પહેલાં દાદીમા બોલી પડયાં.. બેટા એ મોટા માણસોની વાતો છે. તું એ જાણીને શું કરીશ ? ચાલો આપણે સામે જમવા જવાનું છે..

દાદી તમે પણ.. આપણે અહીં જમવા નથી આવ્યા. મારે તો આ મેળો જોવો છે.. એટલું બોલી વર્ધુએ પગ પછાડયો અને પછી દાદાજી તરફ ફરી બોલ્યો, દાદાજી મને કહોને આ બકરાને શું કામ શણગારી રહ્યા છે..?

દાદાજીને ઉત્તર આપ્યા વિના છુટકો નહોતો. તેમણે કહ્યું, બેટા બકરાની બલી આપવામાં આવશે.

બલિ એટલે શું ?

બેટા બલીનો અર્થ એ કે બકરાનું ડોકું કાપી ગામના મુખી દેવને ચઢાવશે અને પ્રસાદ રૂપે તેને ગ્રહણ કરશે મેળાની આ પુરાણી પરંપરા છે.

દાદાજી તમે આ શું કહો છો ? તમે હો અને આવો અન્યાય ? આ તો ઘોર પાપ છે. કોઈ નિર્દોષ ભોળા પ્રાણીને મારી નાખવું એ કયાંની રીત છે ? વર્ધુ દુઃખી થતાં બોલ્યો.

બેટા આ તો સદીઓથી ચાલી આવતી પરંપરા છે. તેને અમે કે તું અટકાવી ન શકે. જો આ વાતની મુખીને જાણ થશે તો એ નારાજ થશે.. દાદાજીએ વચ્ચે તેને અટકાવતાં કહ્યું.

એવામાં તેણે જોયું તો મુખી એક ચકચકની મોટી ખુલ્લી તલવાર લઈને ઉભા હતા. લોકો જોરજોરથી દેવનો જયજયકાર કરી રહ્યા હતા. તેવામાં વર્ધુ દાદાજીનો હાથ છોડાવીને મુખીની તરફ ભાગ્યો. દાદાજીએ બુમ પાડી.

'વર્ધુ બેટા કયાં જાય છે ? પાછો આવી જા..'

પણ વર્ધુ કયાં સાંભળે એમ હતો. તે મુખીની સામે જઈ ઉભો રહ્યો અને બોલ્યો, આ પાપ છે હું તમને એવું નહીં કરવા દઉં..

આ સાંભળતાં જ વાતાવરણમાં ખામોશી છવાઈ ગઈ. તું કોણ મને રોકવાવાળો ? મુખીએ ગુસ્સામાં પુછયું.

મારૂં નામ વર્ધમાન છે. શહેરથી આવ્યો છું. આ મારા દાદાજી છે. દાદાજી તરફ આંગળી ચીંધતાં બોલ્યો, ત્યાં સુધીમાં દાદાજી પણ નજીક આવી ગયા હતા. હવે વર્ધુએ કહ્યું, જુઓ મુખી તમે પણ મારા દાદાજી જેવા છો. હું બસ એટલું જ કહેવા માગું છું કે ગાંધીજી, મહાવીર સ્વામી અને મહાત્મા બુદ્ધના આ પવિત્ર દેશમાં અહિંસાનું પાલન થવું જોઈએ. હિંસા ન કરાય. આ બિચારા પ્રાણીની હત્યા કરીને તમને શું ફાયદો થવાનો ? એ પણ પરમ પિતા પરમાત્માનું સંતાન છે. જેમ તમે અને હું છીએ કોઈ પિતા પોતાના બાળકની બલી ન માંગે.. ધર્મના નામે અંધવિશ્વાસ છે. મેં તો ચોપડીઓમાં વાંચેલું કે મેળામાં રમતગમતની જાતજાતની હરીફાઈઓ થતી હોય છે. લોકો એકબીજાને મળે તે મેળો તેની આ વાતો સાંભળી લોકો સૌ દંગ રહી ગયા. જરા અટકીને વર્ધુએ પોતાની વાત આગળ વધારતાં કહ્યું, મુખી કોઈ તમારા દીકરાની હત્યા કરે તો તમને કેવું લાગે ?

મારા દિકરાને કોઈ આંગળી તો અડાડી જુએ... મુખીએ આંખ લાલ કરતાં કહ્યું..

જોયુ ંને કેવો ગુસ્સો આવી ગયો ? આ બકરો પણ તેની માંનું સંતાન છે. મારી તમને વિનંતી છે કે આ પ્રાણીને છોડી દો.. નહીંતર હું ફરી કયારેય આ ગામમાં પગ મુકીશ નહીં.. વર્ધુએ હાથ જોડીને કહ્યું.

ગામના મુખીને વર્ધમાનની વાત એવી લાગી જાણે કે બાલકૃષ્ણ સ્વયં ઉપસ્થિત થઈને કુરૂક્ષેત્રના મેદાનમાં જાણે ઉપદેશ આપતા ન હોય. તેણે તરત તલવાર એક બાજુ ફેંકી દીધી અને વર્ધુને તેડી લીધો. આ દ્રશ્ય જોઈને ગામલોકો જોરથી બોલ્યા..વર્ધુ બેટાની જય.. મુખીની જય..

બકરો વર્ધુની તરફ એવી રીતે જોઈ રહ્યો હતો. જાણે કહેતો હોય કે વર્ધુ ભાઈ તારો ખુબ આભાર.. નહીંતર આ લોકો તો હમણાં મને મોતના ઘાટ ઉતારી દેત..

વર્ધમાને દોડીને બકરાનું દોરડું છોડી તેને ખુલ્લો છોડી મુકયો.

દાદાજીમુખીને કંઈ કહે તે પહેલાં મુખીએ કહ્યું, અરે સાહેબ આજ સુધી તમે અમને આ પાપ કર્મ કરતાં રોકયા નહીં પણ તમારા પૌત્રે બચાવી લીધા. ખરેખર કોઈ પ્રાણીનીહત્યા કરવી તે પણ ધાર્મિક વિધિના નામે તેનાથી મોટો અપરાધ શું હોય ? હવે હું કયારેય એ કરીશ નહીં કે કોઈને કરવા દઈશ નહીં..

દાદા દાદીને પોતાના પૌત્ર વર્ધમાન માટે ખુબ ગર્વ થયો બીજે દિવસે વર્ધમાનના આ કામના સમાચાર મોટા અક્ષરે છાપાઓમાં પ્રગટ થયા. ટીવી ન્યુઝ ચેનલોમાં તેને આધુનિક યુગના સમાજ સુધારકની સંજ્ઞા આપી..

**-નટવર હેડાઉ**

### શ્રી ॥૧॥

ગણપતી હું પહેલાં નમું ને શારદા લાગુ પાય
ભુલ્યા અક્ષર બતાવશો કવિતા જીભડી ગાય
બનાસ અમારી માત તું કીધો કોપ તે કેમ
સિપુ સાથે છે ભળી મને તેથી પડીયો વેમ
માત અકારી થઈ હતી અને સ્નેહ ભુલી તું તારો
છોરૂ કંઈક સમાવીયા ના રહ્યો બચવા આરો
શ્રાવણ સુદ એકમને તારીખ ચોવીસને સોમવાર
સંવત છોત્તેરની સાલ હતી ને મહા થયોઉત્પાત
તારાજી તું સાથમાં લાવી ગાંડી થઈ બનાસ તું આવી
આબુમાં અતી મેઘ થયો ને પાણીનું આવ્યું પુર
દાંતીવાડે તે દબીને રાખ્યું પણ સીપુને ચડયું સુર
ભડથને ભાગતી આવી ગાંડી થઈ બનાસ તું આવી
ડીસાના ડોળા ફાટી રહ્યા ને સદરપુર સપડાય
સબ સ્ટેશને સંપાટે લીધું ભાંગીને ભુક્કો થાય
આરે ઉંબરીને આવી ગાંડી થઈ બનાસ તું આવી
થરામાં ઠેઠ તે ફટકો પડયો લોક પુછે કરી ફોન
ખરાખરીનો ખેલ તે માંડયો ખારીયા રૂની માય
રાણકપુર રાડ પડાવી ગાંડી થઈ બનાસ તું આવી
બાપ વિનાના છોરૂ થયાને છોરૂ વિનાની માત
માતને બેટી સાથે તણાયા ઢોરનો ના આવે પાર
કેનાલને કેડયમાં ઝાલી ગાંડી થઈ બનાસ તું આવી
ઝાડને ઓરડા ઉપર બેઠા લોક થઈને નીરાધાર
આધાર એક જ ઈશનો રહ્યો ઈનોધારાનો આધાર
ઘડી મરણની આવી ગાંડી થઈ બનાસ તું આવી
અણદપુરા શીયાને ઉણના હૈયામાં ના રહી હામ
ખેતર પાદરે ઢોરને ઢાંખર પાસ રહ્યુંને કાય
હૈયું હાથ પગબચાવી ગાંડી થઈ બનાસ તું આવી
પરમેશ્વરને પાયે પડીને માગું હું વારંવાર
આવા દાડા પ્રભુ કોઈને ના દેશો કરણી ના કીરતાર
જુગતી તારી જોવા જેવી ગાંડી થઈ બનાસ તું આવી
પોલીસને ટીમને સાથમાં લઈને પહેલો પહોંચ્યો પરમાર
મહાકાલ ક્ષત્રીય સુખદેવની સાથે સહાય કરે તત્કાળ
લોકોની મદદ બહુ આવી ગાંડી થઈ બનાસ તું આવી
કીર્તીને શંકર પાણીમાં ફરતા હૈયે દેતાં સૌને હામ
વિજય રૂપીને મોદીએ મોકલ્યા રૂપિયા પાંચસો કરોડ
જનતા સહુ વારે આવી ગાંડી થઈ બનાસ તું આવી
જલારામ ટ્રસ્ટને દેવ વાળીનાથમાં ભોજન ભાવથી થાય
ગરીબોના બેલે કૈક બન્યા છે ઓગડનો આધાર
અઘડો આધાર થઈ બેલી ગાંડી થઈ બનાસ તું આવી
ગામવાડાને બહુ વખાણ્યુ ને બનાસને હું બાળ
કેદાર કવિ કવિતા કરે છે ભુલને કરજો માફ
સરસ્વતી જીભ પર આવી ગાંડી થઈ બનાસ તું આવી

**કેદાર કવિ**

## બનાસકાંઠાના પૂર...

અનુસંધાન ૨ નુ ચાલુ..

મહાપરિષદ, આનંદ સત્સંગપરિવાર, ખમાસા જલારામ મંદિર અમદાવાદ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ભાજપ પરિવાર, લોહાણા મિલન અમદાવાદ, ડીસા નગરપાલિકા પરિવાર, માંડલ જીનીંગ એસોસીએશન, અમદાવાદ લોહાણા મહાજન વિચરતી જાતિ સમુદાય મંચ, રઘુવંશી લોહાણા સમાજ ડીસા, સ્ટેટ બેંક નિવૃત કર્મચારી મંડળ, તાલુકા પંચાયત ડીસા કર્મચારી મંડળ, આનંદ ગરબા ગૃપ ડીસા જેવી નાની મોટી સંસ્થાઓની સાથે સાથે દિનેશભાઈ અનડા, ગીરીશભાઈ છોટાલાલ ઠક્કર અને ધીરૂભાઈ પી. ઠક્કર (પાલનપુર), ભીખાભાઈ સોલંકી, ડૉ.સી.કે.પટેલ, કાંકરેજના પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ, લક્ષ્મણમામા(માંડલ), અશોકભાઈ ગઢિયા, વસંતભાઈ નથવાણી જેવા અનેક સજ્જનોના માર્ગદર્શન અને સહકારથી સેવાકેમ્પે વેગ પકડ્યો. જલારામ મંદિર ડીસાના પ્રમુખ કનુભાઈ આચાર્ય, મંત્રી શશીકાતભાઈ ડી. ઠક્કર, ટ્રસ્ટીઓ ભગવાનભાઈ બંધુ, નરેશભાઈ આચાર્ય, જગદીશભાઈ પૂજારા, જસુભાઈ તન્ના, પિયુષભાઈ આચાર્ય સહિત સૌની મહેનત અને નિષ્ઠાવાન કાર્યકરો સુરેશભાઈ દેવવાળા, આર.ડી.ઠક્કર, ઈશ્વરભાઈ રાવળ, જલારામભાઈ દેવવાળા, નિલેષભાઈ ઠક્કર, અતુલભાઈ ઠક્કર, રાજુભાઈ ત્રિવેદી, મણીભાઈ પટેલ, જીગરભાઈ પટેલ, દિલીપભાઈ એન. ઠક્કર, દીપકભાઈ તન્ના, પ્રહલાદભાઈ સહયોગવાળા, પરેશભાઈ જીવરાણી, અમૃતલાલ એન. ઠક્કર, જયેશભાઈ આચાર્ય, મહેશભાઈ ઉદેચા, તુષારભાઈ હાલાણી, દેવચંદભાઈ એન. ઠક્કર, પુનીતભાઈ ઠક્કર, દિનેશભાઈ દીપવાળા, આનંદભાઈ ઠક્કર, રજનીભાઈ કુવરવાળા, પ્રવિણભાઈ નાઈ, બાબીભાઈ પંચાલ, ચંદુભાઈ એ.ટી.ડી., વસંતભાઈ દેવવાળા, જયેશભાઈ દેસાઈ, ડૉ.રીટાબેન પટેલ, બાબુભાઈ પ્રાઈમવાળા, મહેશભાઈ જીવરાજભાઈ ઠક્કર જેવા અનેક નામી અનામી કાર્યકરો કામે લાગ્યા. પ્રથમ દિવસથી જ અસરગ્રસ્તો માટે વિનામુલ્યે ભોજનાલય ખુલ્લુ મુકાયું. અંદાજે દસ હજાર માણસોએ આ વ્યવસ્થાનો લાભ લીધો. ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, મંત્રીઓ શંકરભાઈ ચૌધરી, કેશાજી ચૌહાણ, કેન્દ્રિય મંત્રી હરિભાઈ ચૌધરી, ભાજપ આગેવાનો ભીખુભાઈ દલસાણિયા કે.સી.પટેલ, દુષ્યંતભાઈ પંડ્યા, બનાસકાંઠા જિલ્લા ભાજપના તમામ આગેવાનો, વિવિધ સેવાભાવી સંસ્થાઓના આગેવાનો, લોહાણા મહાપરિષદના પ્રમુખ પ્રવિણભાઈ કોટક અને તેમની ટીમ, ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી અને તમામ કોર્પોરેટરો સહિત અનેક મહાનુભાવોએ આ સેવાકેન્દ્રની મુલાકાત લઈ જલારામબાપાનાં દર્શન કરી તમામ કાર્યકરોને પણ અભિનંદન આપ્યા. લોહાણા સમાજની રાજ્ય- દેશ- વિદેશની સંસ્થાઓ અને મહાનુભાવોએ પણ ફોન કે મેસેજથી ખબર અંતર પૂછી નાની મોટી આર્થિક મદદ કરી કાર્યકરોની શક્તિમાં વધારો કર્યો. સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ડીસાના જલારામ સેવા કેન્દ્રની સાચા અર્થમાં નોંધ લેવાઈ અને અસરગ્રસ્તોને પૂરતી મદદ પણ મળી શકી. ભગવાનભાઈ બંધુ, શશીકાતભાઈ ડી. ઠક્કર અને સુરેશભાઈ દેવવાળાએ પ્રથમ દિવસથી જ વ્યવસ્થિત આયોજન કરી સમગ્ર સેવાકેમ્પને સફળતા મળે તે રીતે પ્રશંસનીય આયોજન કર્યું.

### બનાસ નદીના..

પાના નં.૮ ચાલુ

પરીજનો ગબ્બર નાં દર્શનાર્થે જવા નિકળ્યા હતા. અંબાજીની આ મુલાકાત દરમીયાન તેમને માતાજીને પ્રાથના કરી હતી કે રાજ્ય ભરમાં આવો પ્રકોપ ન થાય અને બનાસકાંઠા જીલ્લો સતવરે બેઠુ થાય જ્યારે રાહુલ ગાંધી આજે બનાસકાંઠા મુલાકાતે છે ત્યારે વિજય રૂપાણી એ તે બાબતે જણાવ્યુ હતુ કે રાહુલગાંધી બનાસકાંઠાની અસરગ્રસ્ત પ્રજા વચ્ચે રાજકારણ ન કરે.થતાં આગામી રાજ્ય સભાની ચુંટણીમાં ત્રણે સભ્યો ભા.જ.પા.નાં વિજય બને તેવી આશા વ્યક્ત કરી હતી અને બેગલુરૂ ગયેલાં ગુજરાતનાં ધારાસભ્યો બાબતે જણાવ્યુ હતુ કે સોનીયા ગાંધીએ પુત્ર પ્રેમમાં કોંગ્રેસ ડુબાડી છે. જ્યારે અહેમદ પટેલ પોતાના વિજયને લઈ ગુજરાતનાં કોંગ્રેસી ધારાસભ્યોને ડુબાડશે.

### પૂરગ્રસ્ત ગામોમાં ..

પાના નં.૮ ચાલુ

સરકારના સંકલનમાં ભારતીય જનતા યુવા મોરચા દ્વારા લોકોના આરોગ્ય માટે મેડીકલ કેમ્પોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામડી, કારેલી, કુંડાળીયા, રાધાનેસડા, ભાખરી, સપરેડા, આદ્દુઆ, કલ્યાણપુરા, વાછરડા, ભાટવરવાસ, ખરડોલ, અસારા, માંડકા, ભાચલી, ડેડાવા, મોરીખા, ધરાદરા અને વાવડીનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે જાહેર કરેલા બનાસકાંઠા અને પાટણ જિલ્લા માટેના વિશેષ રાહત પેકેજથી પરિસ્થિતિ ઝડપથી થાળે પડી રહી છે. ત્યારે જિલ્લામાં બાળકોનું શિક્ષણ ન બગડે અને વિશેષ કરીને લોકોનું આરોગ્ય સચવાય તે માટે જરૂરી તમામ પ્રયત્નો કરવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે. આ પ્રસંગે ભારતીય જનતા યુવા મોરચાના ગુજરાત પ્રદેશ ડૉ.ૠત્વીજ પટેલ તેમની સમગ્ર યુવા ટીમ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

### બનાસ નદીના..

પાના નં.૮ ચાલુ

ભોગ ના લે માટે દરેકે તકેદારી ખુબ રાખવી જરૂરી છે જેમાં ખાસ કરીને નદી કિનારા આજુબાજુના ગામોના લોકોને તેમના બાળકોની ખાસ કાળજી રાખવાની જરૂર છે.

### ખારીયા ગામના..

પાના નં.૮ ચાલુ

રાત્રે ૧૦.૩૦ કલાકે ગામમાં પૂર આવતા અફરાતફરી સાથે દોડમદોડ મચી ગઈ હતી. ચારેકોર પાણી આવ્યાનો શોરબકોર સંભળાતો હતો. આથી મારા પરિવારના બાળકો, મહિલાઓ તથા ભાઈઓને મારા નવા બની રહેલા મકાનના વરંડા ઉપર મોકલી દીધા હતા. ઘરમાંથી માત્ર મોબાઈલ જ સાથે રાખ્યો હતો. બાદમાં જોતજોતામાં પૂરના પાણી આઠથી દશ ફુટ ચડવા લાગ્યા હતા. તેની સામે પરિવારજનોને ન ગભરાવવાનું જણાવી હૈયા ધારણા આપી શાંતિથી બેસી રહેવા સુચના આપી હતી. જો કે મોબાઈલથી બે ત્રણ જણને ફોન કર્યો હતો. પરંતુ એક તરફ વરસાદ ચાલુ હોઈ તેમજ પાણીનો પ્રવાહ વધુ હોઈ મદદ મળી શકી ન હતી. વરસાદના કારણે નાના બાળકો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા હતા અને રડ્યા કરતા હતા. બીજા દિવસે બપોર સુધી ભુખ્યા અને તરસ્યા વરંડા ઉપર બેસી રહ્યા હતા. પરંતુ હિંમત હાર્યા ન હતા. જો કે બહુચરાજીના એદલા ગામે મારા સાળાને ફોન કરતાં તેઓ ચાર પાંચ માણસોને લઈને વહેલી સવારે પાંચ વાગે ખારીયા ગામે આવ્યા હતા. પરંતુ પાણીનો પ્રવાહ વધુ હોઈ તેઓ મદદ કરી શકે તેમ ન હતા. પરંતુ બપોર ત્રણ વાગે પાણી ઓછુ થતાં દોરડા વડે પરિવારના તમામ સભ્યોને બહાર કાઢી એદલા ગામે આશરો આપ્યો હતો. પરંતુ આ પૂરમાં અમારા પશુઓ, દાગીના, અનાજ સહિત તમામ ચીજવસ્તુઓ તણાઈ ગઈ હતી.

### કાંકરેજ તાલુકાના..

પાના નં.૮ ચાલુ

પરિષદના અધ્યક્ષ ડો.પ્રવિણભાઈ તોગડિયાએ પૂરગ્રસ્તની રાહત છાવણી બનેલા થરા નગરની મુલાકાત લીધી હતી જેમાં સમસ્ત ભરવાડ ગોપાલક સમાજની ગુરૂગાદી એવા ઝાઝાવડા વાળીનાથ મંદિરે દર્શન કરી મહંતશ્રી ઘનશ્યામ પુરીજી ગુરૂ શિવપુરીજી મહારાજ સાથે પૂરગ્રસ્ત સ્થિતિ તથા અન્ય માહિતી મેળવી હતી.તેમણે કૃષ્ણ ગૌશાળા સહિત જૈનસંઘના અગ્રણીઓની સેવાઓનો અહેવાલ મેળવી સંતોષ વ્યક્ત કર્યો હતો.

### નડાબેટ બોર્ડરે ...

પાના નં.૧ ચાલુ

બંદોબસ્ત ગોઠવાયેલ હતો. રાહુલ ગાંધી નર્મદા નહેર અને રૂની ગામનું નિરિક્ષણ કરેલ રૂની ગોડીયા જૈન પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રાહુલ ગાંધીએ સારી સહાય મળે તે માટે રાજ્ય લોકસભામાં રજુઆત કરીશ તેવું આશ્વાસન આપ્યું હતું. રૂની ગામે અમુક લોકોએ નારા બોલાવવા પ્રયત્ન કરેલ તેઓ સફળ થયેલ નહી.

### બનાસકાંઠામાં...

પાના નં.૧ ચાલુ

પાણીમાંથી ઉગારીને (રેસ્કયુ) બચાવી લેવાયા છે. જયાં ખેતરો ધોવાઈ ગયા છે ત્યાં નવી માટી નાખીને ઠીકઠાક કરવા પ્રયાસ કરાશે. મુખ્યમંત્રી શ્રી વિજયરૂપાણી પોતે પાંચ દિવસ રોકાઈને અસરગ્રસ્તો વચ્ચે ફર્યા છે. તેમણે બનાસકાંઠા અને પાટણ જિલ્લાના અસરગ્રસ્તો માટે રૂ. ૧૫૦૦ કરોડનું પેકેજ આપ્યુ છે તે માટે પ્રજાવતી તેમનો આભાર માનુ છું. સરકારથી જે થઈ શકતુ હતુ તે બધુ જ કર્યુ છે. લોકોને સરકારની કામગીરીથી સંતોષ છે.

### રાધનપુરના મસાલી...

પાના નં.૮ ચાલુ

ફસાઈ જવાથી તેનું કમકમાટી ભર્યું મોત થવા પામ્યું હતું. ગામ લોકોને ઘટનાની જાણ થતાં તાત્કાલિક પહોચી ગયા હતા. અને તરવૈયાઓની મદદથી ભારે શોધખોળ બાદ છેક નીચેથી લાશ હાથ લાગી હતી. મૃતકનું પોસ્ટમોર્ટમ રાધનપુરની રેફરલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું હતું.

### સૌતમલા ગામ...

પાના નં.૮ ચાલુ

હતી.આ અંગે ભીલડી પોલીસ સ્ટેશને પુનમાભાઈ હરીભાઈ માજીરાણાએ જાણ કરતા પોલીસે અકસ્માત મોત ગુનો નોંધી લાશનું પોસ્ટ મોર્ટમ સી.એસ.સી.માં કરાવી લાશ વારસદારને સોંપી હતી.ગામના આશાસ્પદ યુવકનું મોત થતાં ગામમાં શોકની લાગણી ફેલાઈ હતી.

# ઘુસણખોરી અટકાવવા માટે બનતા તમામ પ્રયાસ કરાયા

નવીદિલ્હી

નાણામંત્રી અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સરહદના રસ્તે જમ્મુ કાશ્મીરમાં ઘુસણખોરી કરવાના પ્રયાસોને વધારી દીધા છે પરંતુ મોટા સ્તર પર અમારા જવાનો પાકિસ્તાનની તમામ ખતરનાક ચાલને નિષ્ફળ કરી રહ્યા છે. જેટલીએ લોકસભામાં નિવેદન કરતા કહ્યું હતું કે, ઘુસણખોરીના પ્રયાસોને નિષ્ફળ કરવાના ક્રમમાં પાકિસ્તાનના જવાન મોટી સંખ્યામાં માર્યા ગયા છે. તેમણે ઉમેર્યું હતું કે, પશ્ચિમી સરહદ ઉપર ભારતીય સેનાનું પ્રભુત્વ છે. સરહદ પારથી ઘુસણખોરીને રોકવા માટે બનતા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. લોકસભામાં ભૈરોપ્રસાદ મિશ્રાના પુરક પ્રશ્નના જવાબમાં જેટલીએ કહ્યું હતું કે, આજે અંકુશરેખાને સંપૂર્ણપણે સુરક્ષિત રાખવા માટે જવાન તૈનાત કરવામાં આવ્યા છે. પશ્ચિમી સરહદ ઉપર ભારતીય સેનાનું પ્રભુત્વ રહ્યું છે. સરહદપારથી ઘુસણખોરીને રોકવા માટે આગામી દિવસોમાં પણ અન્ય તમામ પગલા લેવામાં આવશે. ભારતીય સેના જમ્મુકાશ્મીરની સાથે સાથે પંજાબમાં પણ ઘુસણખોરીના પ્રયાસોને રોકવામાં સફળ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, પાકિસ્તાને છેલ્લા કેટલાક સમયમાં ઘુસણખોરીના પ્રયાસોને તીવ્ર બનાવ્યા છે. બીજી બાજુ આ વર્ષે ભારતીય સેનાએ અસરકારક કામગીરી અદા કરી છે.

જમ્મુ કાશ્મીરમાં આ વર્ષે હજુ સુધી ૧૧૬ ત્રાસવાદીઓના મોત થઈ ચુક્યા છે. અબુ દુજાના અને આરીફ લીલહારી ઠાર થયેલા ૧૧૫ અને ૧૧૬માં ત્રાસવાદી તરીકે હતા. સત્તાવાર આંકડા મુજબ ૧૧૪ ત્રાસવાદીઓનો ૩૧મી જુલાઈ સુધી ખાત્મો કરવામાં આવ્યો હતો જ્યારે ૨૦૧૬માં આ ગાળા સુધી ૯૨ ત્રાસવાદીઓનો ખાત્મો થયો હતો. જુલાઈ ૨૦૧૭માં ૨૨ ત્રાસવાદીઓનો ખાત્મો કરવામાં આવ્યો છે. ૨૦૧૨-૧૩માં ક્રમશઃ જમ્મુ કાશ્મીરમાં ૭૨ અને ૬૭ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આ આંકડો પહેલી ઓગસ્ટ સુધીનો દર્શાવવામાં આવ્યો હતો. એનડીએના શાસન દરમિયાન મોતનો આંકડો સતત વધ્યો છે. ૨૦૧૪માં ૧૧૦, ૨૦૧૫માં ૧૦૮ અને ૨૦૧૬માં ૧૫૦ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. આ વર્ષે માર્યા ગયેલા આતંકવાદીઓનો આંકડો પહેલાથી જ વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ના આંકડાને પાર કરી ગયો છે. જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓનો ખાત્મો બોલાવવા માટે રણનીતિ અપનાવવામાં આવી રહી છે. ગયા વર્ષે માર્યા ગયેલા ૧૫૦ ત્રાસવાદીઓના આંકડાને આ વર્ષે પાર કરી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

## નિફ્ટી બાવન પોઈન્ટ ઉછળી ૧૦૦૬૬ની સપાટીએ

# સેંસેક્સ ૮૭ પોઈન્ટ ઉછળી ૩૨,૩૨૫ની સપાટી ઉપર

મુંબઈ

શેરબજારમાં આજે ફરી એકવાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૮૭ પોઈન્ટ ઉછળીને ૩૨૩૨૫ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી બાવન પોઈન્ટ ઉછળીને ૧૦૦૬૬ની સપાટીએ રહ્યો હતો. બંને ઈન્ડેક્સ સાપ્તાહિક રીતે આંશિકરીતે ઉંચી સપાટીએ રહ્યો હતો. આઈઓસીએ બે લાખ કરોડની માર્કેટ મૂડીનો આંકડો પાર કરી લીધો છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનની માર્કેટ મૂડી આજે બે લાખ કરોડના આંકડાને પાર કરી ગઈ હતી. આઈસીઆઈસીઆઈ બેંક, લાર્સન એન્ડ ટુબ્રો, ભારતી એરટેલ સહિત અનેક કંપનીઓની માર્કેટ મૂડીમાં પાર કરી દેવામાં ઈન્ડિયન ઓઈલે સફળતા હાસલ કરી હતી. આ શેરમાં આજે સૌથી વધુ ઉછાળો રહ્યો હતો. તેના શેરમાં ૧૦ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. શેરબજારમાં તેજી અને નુકસાનમાં રહેનાર શેરોની વાત કરવામાં આવે તો અનેક શેરમાં તેજી રહી હતી. ૧૩૮૮ શેરમાં ઘટાડો અને ૧૧૯૮ શેરમાં તેજી રહી હતી. કુલ ૧૭૨ શેરમાં યથાસ્થિતિ જોવા મળી હતી. માર્કેટની એકંદરે સ્થિતિ નકારાત્મક રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૦.૬ ટકા અને નજીવા ફેરફારની સ્થિતિ રહી હતી. શેરબજારમાં તેજી માટે કેટલાક પરિબળો જવાબદાર રહ્યા છે. નિફ્ટી ૧૦૦૦૦થી ઉપરની સપાટીએ રહ્યો છે. શરૂઆતમાં ઘટાડો નોંધાયા બાદ તેજી નોંધાઈ હતી. મેટલ, ઓઈલ એન્ડ ગેસ, બેંકિંગ સેક્ટરમાંતેજી જોવા મળી હતી. જ્યારે ફાર્મા સેક્ટરમાં સેક્ટરલ ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સમાં મોટાભાગના શેરમાં ઘટાડો રહ્યો હતો. યુરોપિયન બજારમાં ઉતારચઢાવ સાથે કારોબારની શરૂઆત થઈ હતી. નિષ્ણાતો માની રહ્યા છે કે, આરબીઆઈ દ્વારા ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરાતા તેની સીધી અસર જોવા મળી હતી.

હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ (ડબલ્યુપીઆઈ) આધારિત ફુગાવો જુન મહિનામાં ઘટીને હવે ૦.૯૦ ટકાની ચાર મહિનાની નીચી સપાટી પર પહોંચી ગયો છે. ડબલ્યુપીઆઈનો આંકડો ફેબ્રુઆરી મહિના બાદથી સતત ઘટી રહ્યો છે. મે મહિનામાં ૨.૧૭ ટકાની પાંચ મહિનાની નીચી સપાટી પર ફુગાવો રહ્યો હતો.હાલમાં જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે ઘટાડાનો પ્રવાહ જારી રહ્યો છે.બટાકા, શાકભાજી અને કઠોળ જેવી ચીજવસ્તુઓની કિંમત જુન મહિનામાં સૌથી વધારે ઘટી ગઈ છે. છે. બટાકાની કિંમતમાં ૪૭ ટકા સુધીનો જંગી ઘટાડો થયો છે. આવી જ રીતે કઠોળ અને શાકભાજીની કિંમતમાં ક્રમશ ૨૫ ટકા અને ૨૧ ટકા સુધીનો ઘટાડો થયો છે.

# સ્થાનિક બજાર ભાવ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) | દુન તીબાર ૫ કી. | ૮૨૦૦ | ઓરેન્જ | ૫૬૦૦ | વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| **ચાંદી ચોરસા** | **૩૮૫૦૦-૩૯૦૦૦** | દુન તીબાર ૧ કી. | ૮૨૦૦ | દાવત અપ્સરા | ૫૦૦૦ | વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| રૂપુ કાચું | ૩૮૫૦૦-૩૯૦૦૦ | હાથી ૧૧૨૧ | ૬૮૦૦ | જીરાસર ચંદન | ૨૮૦૦ | વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| સોનુ તોલો | ૨૯૦૦૦-૨૯૩૦૦ | બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ | ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ | વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| **તેલ બજાર** | | નર્મદા મગ પોલીસ | ૫૮૦૦ | મગદાળ સમરદીપ | ૭૨૦૦ | સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **રાધે પામોલીન** | **૮૯૦-૯૦૦** | મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ | મગમોગર રીયલ | ૮૦૦૦ | **ખોળ બજાર** | |
| પામોલીન | ૮૮૫-૯૫૦ | નર્મદા મગ મોગર | ૬૫૦૦ | અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ | દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| સોયા રીફાઈન | ૧૨૧૦-૧૨૨૦ | મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ | મગ | ૫૭૦૦ | મોરબી ખોળ | ૧૨૫૦-૧૨૮૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૧૦-૧૨૭૦ | નર્મદા અડદદાળ | ૮૫૦૦ | અંગુર તુવેરદાળ | ૬૦૦૦ | જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| સીંગતેલ૧૫ કી. | ૧૬૦૦-૧૬૩૦ | અડદદાળ નર્મદા પ્રી. | ૮૦૦૦ | અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ | ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| સીંગતેલ ૧૫ લી. | ૧૫૦૦-૧૫૨૦ | દુન દેહરાદુન દુબાર જુના | ૭૦૦૦ | ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ | મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૯૦ |
| સીગતેલ ૫ લી. | ૫૦૦ | દુન દહેરાદૂન મીની દુબારજુના | | કિસાન તુવેરદાળ | ૬૨૦૦ | જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| તિરૂપતી કપા. | ૧૨૬૦ | | ૫૦૦૦ | પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ | **પરચુરણ** | |
| ૫ લીટર | ૪૧૦ | દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ | પરખ સ્પેશીયલ | ૫૨૦૦ | સોજી | ૮૬૦ |
| વનસ્પતિ ઘી | ૧૦૦૦-૧૧૦૦ | દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ | લાલપરી તીબાર જુના | ૪૨૦૦ | મેંદો | ૮૬૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૩૦૦ | દુન કણકી જુની | ૩૦૦૦ | લાલપરી દુબાર જુના | ૩૮૦૦ | શ્રીફળ એમ. | ૮૮૦ |
| ૫ કે. કોપરેલ | ૮૪૦ | ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ | લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ | નિરમા સાબુ | ૫૨૫ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૦૦ | ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ | લાલપરી દુબાર નવા | ૩૯૦૦ | મેદી | ૬૦-૧૦૦ |
| **૧૫ લીટર સનફલાય** | **૧૧૮૦** | ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ | રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ | અજમો | ૧૫૦-૨૪૦ |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૨૦ | ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ | લાલમંદિર બાસમતી | ૩૬૦૦ | સાકરીયા | ૪૫૦૦ |
| ૫ લી. | ૩૭૦ | હાથી ૮૧૭ આખા નવા | ૭૭૦૦ | **ખાંડ બજાર** | | ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| ૨ લી. | ૧૫૭ | હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | | (બોરીના ભાવ) | | કોકમ ફુલ | ૧૮૦ |
| **ચોખા-દાળ બજાર** | | | ૫૮૦૦ | **ખાંડ એસ.** | **૩૮૫૦-૩૯૦૦** | એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| (૧૦૦ કીલોના ભાવ) | | તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ | **ખાંડ એમ.** | **૪૦૦૦** | મોરૈયો | ૬૫-૯૪ |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ | તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ | ખાંડએલ. | ૪૦૫૦-૪૦૦૦ | તલ | ૯૦-૧૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ | તુવરદાળ ખીડીયાર | ૫૮૦૦ | **ચા-બજાર** | | ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ | દાવત સીલેકટનવા | ૮૮૦૦ | સુરજ છાપ ચા | ૩૦૦ | સીંગદાણા | ૬૫-૮૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ | દાવત સુપર જુના | ૯૮૦૦ | હરણ છાપ ચા | ૨૨૦ | **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| ગેટવે એવરેડી | ૪૦૦૦ | દાવત દીલખુશ નવા | ૭૫૦૦ | **આખા મરચાં-હળદર** | | દુધી | ૪૦૦-૫૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૫૦૦ | દાવત દીલખુશ જુના | ૬૫૦૦ | હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ | સુકી ડુંગળી | ૧૫૦-૨૪૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ | દાવત દુબાર જુના | ૬૦૦૦ | હળદર આખી રાજાપુરી | | લસણ | ૮૦૦-૯૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ | દાવત રોઝાના જુના | ૫૫૦૦ | ગઠ્ઠા | ૧૦૦-૧૪૦ | ધાણા | ૯૦૦-૧૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ | દાવત ૭૦ જુના | ૪૧૦૦ | હળદર આખી સેલમ | ૯૦ | મરચાં | ૮૦૦-૧૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ | દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ | હળદર તળેલી સાંગલી | ૮૦ | લીબુ | ૩૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ | લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ | મરચા વન્ડર હાટ | ૨૦૫૦ | અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૨૩૦૦ | લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ | મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ | આદુ | ૧૦૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ | લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ | મરચા તેજા | ૧૮૦૦ | રીંગણ | ૫૦૦-૮૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ | લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ | મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ | ટામેટા | ૧૬૦૦-૨૦૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ | લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ | મરચા ટોમેટો | ૨૨૦૦ | ભીંડા | ૫૦૦-૮૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ | હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૫૦૦ | મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ | કોબી | ૨૪૦-૨૮૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ | હેરીટેજ તીબાર | ૭૨૦૦ | કાશ્મીરી | ૯૦ | વટાણા | ૯૦૦-૧૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ | હેરીટેજ દુબાર | ૫૫૦૦ | કાશ્મીરી મમરી | ૯૦ | ટીંડસા | ૭૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ | હેરીટેજ મીની દુબા | ૪૫૦૦ | સુપર પટની | ૧૦૫ | **ગવાર** | **૧૦૦૦-૧૨૦૦** |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ | કાયનાત પી | ૮૫૦૦ | સુપર રજવાડી | ૧૯૦ | બાદશાહ બટાકા | ૧૩૦-૨૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ | કાયનાત સુપર | ૮૦૦૦ | મરચા ડેડીકટ | ૧૨૫ | સાંગા બટાકા | ૧૨૦-૧૪૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ | કાયનાત | ૬૮૦૦ | મરચાં | ૫૮૦૦ | ચોળી | ૧૨૦૦-૧૬૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ | રાજા બાસમતી | ૪૦૦૦ | **ગોળ બજાર** | | તુરીયા | ૮૦૦-૧૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ | કુરૂક્ષેત્ર | ૫૮૦૦ | વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ | | |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ | એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ | | | | |

## ઢીંગલી

સુરજ સાથે ઉઠતી રાજ નાની ઢીંગલી
આખા જગમાં ભમતી રાજ નાની ઢીંગલી
આનંદોમાં રમતી રાજ નાની ઢીંગલી
બાલુંડાને ગમતી રાજ નાની ઢીંગલી
નિશાળ ભણવા જાતી રાજ !નાની ઢીંગલી
સખીઓ સાથે ગાતી રાજ !નાની ઢીંગલી
બેડે પાણી ભરતી રાજ !નાની ઢીંગલી
નવીન વાતો કરતી રાજ !નાની ઢીંગલી
બકરાં લઈને ફરતી રાજ !નાની ઢીંગલી
ચારો લીલો ચરતી રાજ !નાની ઢીંગલી
નદીયું વચ્ચે ન્હાતી રાજ !નાની ઢીંગલી
ધીમે ધીમે ગાતી રાજ !નાની ઢીંગલી
ઘરના સૌ જન બોલે રાજ !નાની ઢીંગલી
ભવની વાતો ખોલે રાજ !નાની ઢીંગલી
આખો દાડો થાકી રાજ !નાની ઢીંગલી
બાની સાથે સુતી રાજ !નાની ઢીંગલી

**મંગળ રાવળ સ્નેહાતુર**

## હંગામી છે

માણસ મંડળ હંગામી છે,
બધીય અટકળ હંગામી છે..
માસો, ગરમો ફઈ ભત્રીજો
બધીય સાંકળ હંગામી છે
માણો જીવો મોજ કરો બસ
બધાંય અન્ન જળ હંગામી છે
બીકના માર્યા પ્રભુ ભજે સૌ
બધાંય દેવળ હંગામી છે
ભગવા ઉપર લખું હવે શું ?
બધાં કમંડળ હંગામી છે..
સાંઈ તુંય મથી લે અંતે
બધીય ચળવળ હંગામી છે

**સાંઈરામ દવે**

## પ્રીતઘેલી પ્રિયા

તમે ગયાપણ તમારી યાદ મુકતા ગયા
નહોતી કોઈ છતાં ફરીયાદ મુકતા ગયા
રહેવું હતું બંધનમાં અમને
પણ તમે આઝાદ મુકતાં ગયા
તમે તો બચી ગયા પણ
અમને બરબાદ મુકતાં ગયાં

**સંકલન : ખટાણા અમરતભાઈ એલ.** (કમોડા)

## આવ્યું ચોમાસુ

આવ્યું ચોમાસુ વરસાદની હેલી લાવ્યું મોર પક્ષી કરે કિલ્લોલ
ખેડુતને પશુપાલક હરખાય ખેતરને શેઢા પાળા વેલાથી છલકાય
આવ્યું ચોમાસુ નદીનાળાં છલકાય જળથી
વરસયા મીઠા અમૃત જળ, ખેડુત ખેતી કરે છે હરખથી
વનવગડો ખીલ્યો ચારે કોર, બન્યા ધરા માત લીલી ચાદર
જાણે ફુલથી શણગારેલ સાડી આવ્યું ચોમાસું
મધુર વાય પવન લહેરકી ફરફર ફોરા વાદળથી પડે
હરખથી નાના બાળ નાય આવ્યું ચોમાસુ

**બાબુજી ઠાકોર**

## સ્વચ્છ ભારત

મારે ધરતી પર હરીયાળા જંગલ જોવો
નથી જોઈતું ક્રોકીંટનું જંગલ
મારે જોઈએ હરીયાળી વાડીઓ, બાગ
જીવસૃષ્ટીની સાંકળ ચાલતી રહે માટે
મારે નથી જોઈતા ઉદ્યોગના ધુમાડા
નથી જોઈતો નદીમાં ગટરના ગંદા પાણી
મારે શુદ્ધ હવા, પાણી, પર્યાવરણ જોઈએ
મારે જોઈએ જીવસૃષ્ટી તંદુરસ્ત
મારે જોઈએ વ્યસનમુકત ભારત
તિરંગા જેવું કેસરી, સફેદ હરીયાળું ભારત
મારે જોઈએ આવું મહાન ભારત

**રાજેશ બારૈયા (ભાવનગર)**

## જીંદગી

જીંદગી કી રાહો મેં બહોત સે પ્યાર મીલેંગે હમ
કયા હમ સે ભી અચ્છે હજાર દોસ્ત મીલેંગે ઉન
દોસ્તોં કી ભીડ મેં હમને ના
ભુલાના હમ કહા આપ કો બાર બાર મીલેંગે

**સંકલન :જયેશ એન.થાના, રાધેશ્યામ** (હરીપુરા-વાવ)

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

## હેપ્પી બર્થ-ડે મેઘ



**પિતા : મનીષ જોષી**
**માતા: વર્ષાબેન**
**દાદા : નિરંજનભાઈ**
**દાદી : સ્વ.રંજનબેન**
**જન્મ તારીખ :**
**૦૫-૦૮-૧૬**
**ઉ.વ.૧**
**સરનામું :૧૪, સપ્તગીરી સોસા.નં.૩ માંજલપુર, વડોદરા**
**મો. ૯૯૨૫૬૨૮૪૯૮**

## જન્મદિન મુબારક

**નામ :**........................ **પતિ/પિતા :**........................
**માતા :** ......................**જ.તા.** ................**ઉ.વ.**
**પરિચય:** ..................................................................
**સરનામુ :** ...............................................................
**મોકલનારની સહી :** ...................................................

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## પાંચોટના સબ પોસ્ટ માસ્તરની બદલી

ચાણસ્મા

મહેસાણા પોસ્ટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડિવીઝન કચેરી નીચે આવેલ પાંચોટ સબ પોસ્ટ ઓફિસમાં છેલ્લા ૪ વર્ષથી સબ પોસ્ટ માસ્તર તરીકે ફરજ બજાવતા સાગરભાઈ તેજાભાઈ દેસાઈની બદલી સાંથલ ખાતે કરવામાં આવી છે.

## રાધનપુર તાલુકાના કામલપુરની મુલાકાતે કેબિનેટ મંત્રી




પ્રતિ. રાધનપુર

રાધનપુર તાલુકાના કામલપુર ગામે રાજયના કેબિનેટ મંત્રી ગણપત વસાવાએ મુલાકાત લઈને અસરગ્રસ્તોને રૂબરૂ મળીએક બેઠક કરીને જાતમાહિતી મેળવી હતી અને ગામલોકોને થયેલ નુકશાન અંગે જાણકારી મેળવીને તાત્કાલિક સહાય ચૂકવવાની હૈયાધારણા આપી હતી. આ પ્રસંગે ઉંઝાના ધારાસભ્ય નારણભાઈ પટેલ ગામના અગ્રણી ગણેશભાઈ ચૌધરી સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા પાટણ જિલ્લાના પુરગ્રસ્ત વિસ્તારોમાં સહાય




પાટણ

રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા પાટણ જિલ્લાના પુરગ્રસ્ત રાધનપુર તાલુકાના ગામડાઓમાં આજે રાશનકીટ(૩૦ કિલોગ્રામ) (લોટ, ચોખા, દાળ, ખાંડ, ચા, મીઠું, તેલ વગેરે) નું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. ફાઉન્ડેશનની ટિમ દ્વારા ગામોની મુલાકાત કરી અસરગ્રસ્તોની યાદી બનાવી સ્થાનિક લોકો અને જામનગર તથા મુંબઈ રીલાયન્સની ટિમના સહયોગથી આ કામ થઈ રહ્યું છે. સમી, રાધનપુર, સાંતલપુર અને કાંકરજના પૂરપ્રભાવીત વિસ્તારોમાં સહાય પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

## રાધનપુરમાં શ્રીરામ સમિતિ દ્વારા ગૌમાતા માટે ઘાસ વિતરણ




પ્રતિ. રાધનપુર

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં વિનાશક પુરે તારાજી સર્જી છે. ત્યારે પશુધન માટે ઘાસચારાની તંગી થવા પામી છે. પુરના પાણીના લીધે ઘાસચારો કયાંય બચ્યો નથી. સમી - રાધનપુર - વઢીયાર પંથકના માલધારીઓ પોતાના જીવથી વહાલી ગૌમાતાને કચ્છના ઘાસના જંગલો તરફ લઈને પ્રયાણ કરેલ છે.

જેથી રાધનપુરમાં શ્રીરામ સમીતિ દ્વારા ગૌધન માટે લીલા તથા સુકા ઘાસચારાની સેવા છેલ્લા પાંચ દિવસથી ગૌભક્ત દાતાઓના સહયોગથી ચાલુ કરી જીવદયાનું ઉત્તમ કાર્ય કરેલ છે સમિતિના પ્રમુખ પ્રકાશભાઈ દક્ષિણીના જણાવ્યા અનુસાર રાધનપુરથી કચ્છ તરફ જતા ગૌધન માટે ઘાસચારાની સેવા પુરી પાડવામાં આવે છે.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| | થરા | બાજરી | ૧૯૦-૨૫૭ | બંટી | ૨૨૧-૩૩૫ |
| જીરૂ | ૨૮૫૦-૩૪૫૦ | ઘઉં | ૨૯૨-૩૦૧ | રાયડો | ૬૩૫-૬૯૪ |
| એરંડા | ૮૫૦-૮૭૨ | ગવાર | ૬૪૦-૬૪૪ | એરંડા | ૮૪૦-૮૭૬ |
| ગવાર | ૫૯૦ | તલ | ૧૧૧૦ | ઘઉં | ૩૧૫-૩૫૮ |
| ઘઉં | ૩૦૬-૩૨૮ | જુવાર | ૪૩૭ | જુવાર | ૪૦૦-૫૭૧ |
| બાજરી | ૨૧૦-૨૬૨ | મગફળી | ૪૫૧-૭૦૦ | બાજરી | ૨૧૦-૨૭૧ |
| જુવાર | ૪૧૦-૫૩૩ | | પાટણ | જવ | ૨૯૦-૩૦૦ |
| | ભીલડી | જીરૂ | ૨૨૦૦-૩૨૦૦ | અડદ | ૫૮૦-૬૭૦ |
| એરંડા | ૮૩૧-૮૪૬ | વરીયાળી | ૮૫૦-૧૧૩૫ | ગવાર | ૫૫૦-૬૪૧ |
| રાયડો | ૬૦૦-૬૪૦ | મેથી | ૪૧૨-૪૯૦ | | |
| રાજગરો | ૭૪૫-૭૫૭ | સુવા | ૮૨૧-૮૮૦ | | |

## રાધનપુરમાં જિલ્લા કલેક્ટર બે વાર નીકળ્યા પણ ગંદા પાણીનો નિકાલ નહી




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુરમાં છેલ્લા ચાર દિવસમાં ભારે વરસાદ થયો નથી તેમ છતાં એસ.ટી.સ્ટેન્ડ સામે આવેલ વીર સાવરકર શોપિંગ આગળ ગંદા પાણીનું તળાવ ભરાયું હોવાથી રાહદારીઓ અને વાહન ચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.દુકાનદારો પણ દુર્ગંધ મારતા ગંદા પાણીથી હાલાકી ભોગવી રહ્યા છે.મંગળવારે જિલ્લા કલેક્ટર આનંદ પટેલ અને સચિવ મનીષ ભાર્દવાજની ગાડીઓ સાયરન વગાડતી આ ગંદા પાણીમાંથી બે વાર નીકળી હતી.જેથી નાગરિકોને વિશ્વાસ બેસી ગયો હતો કે હવે આ ગંદા પાણીનો નિકાલ મિનિટોમાં થઈ જશે.પરંતુ આજે ચોવીસ કલાક વીતી ગયા હોવા છતા આ ગંદા પાણીનો નિકાલ થયો નથી.પાલિકા તંત્રને ઉચ્ચ અધિકારીઓ આવે કે જાય તેનાથી કાંઈ ફરક પડતો હોય તેવું લાગતું નથી.આ ગંદા પાણીને કારણે રોગચાળો પણ ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે આ ઉપરાંત કપચી નાંખેલ હોવાથી આ ગંદા પાણીમાંથી વાહન ચાલકો નીકળે ત્યારે નીચે પટકાય પણ છે.

## પાટણ જિલ્લામાં વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કાર્યરત થયેલી આરોગ્ય વિભાગની મેડીકલ ટીમો



પાટણ

પાટણ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા વરસાદને કારણે અસરગ્રસ્ત પામેલ તાલુકાઓમાં આરોગ્ય સેવાઓ અગ્રતાના ધોરણે પુરી પાડવામાં આવી રહેલ છે. પાટણ જિલ્લામાં તમામ તાલુકાઓમાં મેડીકલ કેમ્પ તેમજ પેરામેડીકલ સ્ટાફ અને આશા દ્વારા ઘરે - ઘરે ફરી સર્વેલન્સ ઉપરાંત કલોરીન ગોળી વિતરણ તેમજ આરોગ્ય શિક્ષણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

જિલ્લામાં અસરગ્રસ્ત તાલુકામાં કુલ ૧૩૩ મેડીકલ ટીમો કામ કરી રહેલ છે. જેમાંથી ૬૪ પટણ જિલ્લાની અને ૬૯ અન્ય જિલ્લા (મહેસાણા, અરવલ્લી, આણંદ, ગાંધીનગર, ધારપુર, ભાવનગર) ની ફાળવવામાં આવેલ છે. તેમજ ૯ મોબાઈલ વાન સાથેની ટીમો કાર્યરત છે. તેમજ ૩૫૪ પેરા મેડીકલ ટીમો મારફતે સેવા પુરી પાડવામાં આવી રહેલ છે. અને સર્વેલન્સ કામગીરી દરરોજ ચાલુ રાખવામાં આવે છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે તેમજ ગ્રામ્ય શહેરી વિસ્તારોમાં આરોગ્ય વિષયક સેવાઓના કુલ - ૨૨૭ મેડીકલ કેમ્પો કરી ૧૬૦૫૦ વ્યક્તિઓને સારવાર પુરી પાડવામાં આવેલ છે. જિલ્લામાં જોખમી પ્રસુતિવાળી માતઓ અને પ્રસુતિ એક માસમાં સંભવિત થનાર છે. તેનું લીસ્ટ ફિમેલ હેલ્થ વર્કર, આશા અને ૧૦૮ ઈએમઆરઆઈ પાસે ઉપલબ્ધ રાખવામાં આવેલ છે. અને તેનું મોનીટરીંગ પણ કરવામાં આવે છે. આ સમય દરમ્યાન ૧૮૪ પ્રસુતિની સેવાઓ સરકારી સંસ્થામાં અને ૧૪૩ પ્રસુતિની સેવાઓ ખાનગી સંસ્થામાં પુરી પાડેલ છે. તેમજ આરોગ્ય કાર્યકર અને આશા દ્વારા ઘરે ફરી કુલ ૪૫૦૦૦૦ કલોરીન ટેબ્લેટ, ૬૦૦૦ ઓઆરએસ પેકેટનું વિતરણ કરવામાં આવેલ છે. તેમજ પોરાનાશક કામગીરી અને આરોગ્ય શિક્ષણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. ભરાયેલ ખાડા - ખાબોચીયામાં બળેલ ઓઈલ તેમજ પાવડરનું ડસ્ટીંગ કરવામાં આવેલ છે.

## રોજગાર કચેરી, પાટણ દ્વારા પાટણ જિલ્લામાં ઓગસ્ટ-૨૦૧૭ દરમ્યાન નામ નોંધણી કેમ્પનું આયોજન

પાટણ

રોજગાર કચેરી, પાટણ દ્વારા પાટણ જિલ્લા માં વિવિધ તાલુકા મથકોએ નામ નોંધણી, રીન્યુરઅલ અને વ્ય વસાયી માર્ગદર્શન કેમ્પિનું આયોજન કરાયું છે. રોજગાર વાંચ્છુ ઉમેદવારોની નામ નોંધણી, રીન્યુસઅલ અને વ્યમવસાય માર્ગદર્શન આપવા માટે તા. ૦૬/૦૮/૨૦૧૭ ના રોજ તાલુકા પંચાયત કચેરી, હારીજ, તા. ૦૯/૦૮/૨૦૧૭ ના રોજ ગ્રામ પંચાયત કચેરી, સમી, તા. ૧૨/૦૮/૨૦૧૭ ના રોજ તાલુકા પંચાયત કચેરી, સિધ્ધપુર, તા. ૧૪/૦૮/૨૦૧૭ ના રોજ તાલુકા પંચાયત કચેરી, ચાણસ્મા, તા. ૧૭/૦૮/૨૦૧૭ ના રોજ ગ્રામ પંચાયત કચેરી, સાંતલપુર, તા. ૨૨/૦૮/૨૦૧૭ ના રોજ તાલુકા પંચાયત કચેરી, રાધનપુર અને તા. ૨૯/૦૮/૨૦૧૭ ના રોજ ગ્રામ પંચાયત કચેરી, વારાહી ખાતે કેમ્પેનું આયોજન કરવામાં આવેલ છે. જો જાહેર રજા હોય તો તે પછીના દિવસે નામ નોંધણી કેમ્પ યોજાશે.

નામ નોંધણી માટે આવનાર ઉમેદવારોએ એલ.સી. તથા જો જાતિમાં આવતા હોય તો સક્ષમ અધિકારીશ્રીનો જાતિ અંગેનો દાખલો તથા શૈક્ષણિક લાયકાતના તમામ

અસલ પ્રમાણપત્રો તથા પ્રમાણિત કરેલ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ તથા પાસપોર્ટ સાઇઝના બે ફોટોગ્રાફ સાથે લાવવાના રહેશે, ઈ-મેઈલ એડ્રેસ ફરજીયાત છે, તેમ જિલ્લા રોજગાર અધિકારી, પાટણની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પાટણના સરસ્વતી બેરેજની છલતીના પથ્થરો ઉખડતાં ગાબડાં

પાટણ

પાટણ સરસ્વતી જળાશય યોજનામાં ચાલુ સાલે ધસમસતા પાણીનું પૂર આવતાં તેન પગલે દરવાજા ખોલીને પાણી નદીમાં છોડવામાં આવ્યું હતું. જેમાં પાણીના ધસારાના લીધે વર્ષો જૂના પથ્થરો ઉખડી ગયા હતા અને જમીનથી અલગ થઈ ગયા છે. જ્યારે સાઈડના કેટલાક નાના પથ્થરો પાણીના પ્રવાહ સાથે તણાઈ ગયા હતા. જેને પગલે તુંરતમાંજ ફરીથી દુરસ્તી કામગીરી કરવાની જરૂર ઉભી થઈ છે.

પાટણનો સરસ્વતી જળાશય કેટલાક સમયથી જર્જરીત થયો હતો જેને ધ્યાને લઇ તાજેતરમાંજ બ્રિજ પર દરવાજાનું તેમજ સ્લેબનું દુરસ્તી કામ કરાયું હતું. કેટલીક ટેકનીકલ કામગીરી પણ કરાઇ હતી. તે પછી ચાલુ સાલે ધસમસતા પાણી આવતાં તમામ દરવાજા ખોલવા પડ્યા હતા અને પાણીનો નિકાલ કરાયો હતો.

હજારો ક્યુસેક પાણી એક સાથે છોડવામાં આવતાં વચ્ચેના ગેટ વિસ્તારમાં પાયાના રક્ષણ માટે અને જમીન ધોવાણ ન થાય તે માટે તળીયાના ભાગે પાથરવામાં આવેલા પથ્થરો આ વખતે ધોવાઈ ગયા હતા. જેના લીધે મોટા મોટા બે ગાબડાં છલતીના ભાગે પથ્થરના સ્લેબમાં પડી ગયા છે. પથ્થરો નીચે થઈને પાણી વહી જતાં પથ્થરો ઉખડી ગયા છે. જેના લીધે ઓવરબ્રિજના પાયામાં પાણી ધસી જાય તો નુકસાન થવાની ભીતી સર્જાઈ છે.

## કડીની વાણિજ્ય વેરા કચેરીનો ક્લાર્ક અને પટાવાળો લાંચ લેતાં પકડાયા

મહેસાણા

બાકી રિટર્ન મામલે રૂ.૪ હજારની લાંચ લેતાં કડી વાણિજ્ય વેરા કચેરીના જુનિયર ક્લાર્ક દિનેશ મગનભાઈ ચૌધરી અને પટાવાળા કેશર મંગળભાઈ પ્રજાપતિને રૂ.૪ હજારની લાંચ લેતાં એસીબીએ રંગેહાથ ઝડપી લીધા હતા.કડીની રુદ્રકુટીર સોસાયટીમાં રહેતા અને બુડાસણમાં થર્મોપ્લાન્ટ એલ્યુમિનિયમ પ્રોફાઈલનો ધંધો કરતા અલ્પેશકુમાર ભાઈલાલભાઈ પટેલને ૩ મહિનાનું વેટ રિટર્ન ભરવાનુ બાકી હોઈ વેપારીને રૂબરૂમાં નોટિશ આપી રૂ.૧૦ હજાર જેટલો દંડ ભરવો પડશે અને જો દંડ ના ભરવો હોય તો વચ્ચેનો રસ્તો કાઢી અડધી રકમ આપવા કહ્યું હતું. છેવટે ૪ હજારમાં નક્કી થયુ હતું.જે અંગે વેપારીએ ટોલ ફ્રી નંબર પર ફરિયાદ કરતાં ગાંધીનગર એસીબી પીઆઈ કે.આર. ડાભી સહિતની ટીમ શનિવારે કડી ભૂમિ કોમ્પલેક્ષ સહાયક વાણિજ્ય વેરા કમિશ્નર કચેરી પાસે ગોચ ગોઠવી સાંજે ૫.૧૮ વાગ્યાના અરસામાં જુનિયર ક્લાર્ક દિનેશ મગનભાઈ ચૌધરી (રહે. કુકસ)ના સુચવવાથી પટાવાળા કેશર મંગળભાઈ પ્રજાપતિ (રહે.નાનીકડી) વેપારી પાસેથી રૂ.૪ હજાર લેતાં પકડી લીધા હતા. બંને સામે મહેસાણા એસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## વિઠલાપુરમાં પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતાં બોગસ ડોક્ટર સામે તપાસ જરૂરી

ચાણસ્મા

બહુચરાજી નજીકના વિઠલાપુર ચોકડી પાસે એક ઉઘાડપગા ડોક્ટરે હાટડી માંડી છે.ધો.૧૦ નપાસ એ કહેવાતા તબીબ દ્વારા આ વિસ્તારમાંથી ૧૦ થી ૧૨ ગામના લોકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવી રહ્યાં છે.આમ છતાં આરોગ્ય વિભાગ દ્વારા નિયમિત હપ્તા મળતા હોઈ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

સ્થાનિક ગ્રામજનોમાં ઉઠેલી બુમ મુજબ, બહુચરાજી પાસેના વિઠલાપુર ચોકડી પાસે છેલ્લા ત્રણેક વર્ષથી એક ઉંટવૈધ ડોક્ટર દ્વારા દવાખાનું ખોલવામાં આવ્યું છે.જેમાં દેશી-વિદેશી બનાવટની દવાઓ તેમજ ઈન્જેક્શન પણ આપવામાં આવે છે.આ કહેવાતો તબીબ ધો.૧૦ નાપાસ છે.ડોક્ટરી અંગે કોઈપણ જાતનું સર્ટીફિકેટ ધરાવતો નથી.સૂત્રોના મતે, આ ઊંટવૈધના પિતા ડોક્ટર હતા અને તેમના નામના ઓથા હેઠળ આ શખ્સે વિઠ્ઠલાપુર ચોકડીએ હાટડી માંડી છે. અહીં આસપાસના ૧૦ થી ૧૨ ગામના અભણ અને અજાણ લોકો સારવાર માટે આવી રહ્યા છે.રોજ ૮ થી ૧૦ હજાર રૂપિયાની ધીકતી કમાણી કરતા આ શખ્સ હાઈ પાવરની ગોળીઓ અને હાઈડોઝના ઈન્જેક્શન પણ આપે છે.બાટલા ચડાવે છે.આ વિસ્તારના ગરીબ લોકોના ખિસ્સા ખંખેરતા આ શખ્સ સામે કોઈ જ કાર્યવાહી આજ દિન સુધી કરાતી નથી.હાઈવે પર જ દવાખાનું છે અને રોજબરોજ અનેક અધિકારીઓ અહીંથી પસાર થાય છે.તો જિલ્લા અને આરોગ્ય વિભાગના અધિકારીઓ આ બધુ જ જાણતા હોવા છતાં હપ્તાના સેંટિંગને કારણે આમજનતા સાથે ચેડાં કરવાનો જાણે પરવાનો આપ્યો હોય તેમ કોઈજ પગલાં લેવામાં આવતા ન હોવાનો બળાપો સ્થાનિક લોકોએ કાઠ્યો હતો.

આ તો માત્ર એકજ તબીબની વાત છે. આવા તો અનેક ઉંટવૈધો ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લેઆમ લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે.ત્યારે રાજયના આરોગ્ય મંત્રી દ્વારા આવા તત્વો સામે કડક હાથે પગલાં લેવામાં આવે તેવી માંગ છે.

## સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ તાલુકાઓમાં માં રૂ. ૨૧૭.૩૭ લાખના ખર્ચે નવિન ૨૩ યોજનાઓ થકી પાણીના નવા સ્ત્રોત ઉભા કરાશે

સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ તાલુકાના અંતરીયાળ ગામડાઓમાં પીવાના પાણી મળી રહે તે માટેના આયોજન અંગેની એક બેઠક જિલ્લા કલેકટર પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી

સાબરકાંઠા નર્મદાના નીર થકી પીવાના તેમજ સિંચાઇના પાણી ખેડૂતો તથા લોકોને મળી રહ્યા છે. ત્યારે આદિજાતિ વિસ્તારમાં છુટાછવાયા રહેતા લોકોને પીવાના પાણીની અછત ન વર્તાયિ તે હેતુથી જિલ્લા જળ અને સ્વચછતા એકમ ધ્વારા લોકોને પાણી મળી રહે તે માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.આ બેઠકમાં રૂ. ૨૧૭.૩૭ લાખના ખર્ચે તૈયાર થનાર નવિન ૨૨ યોજનાઓ ખાસ આદિજાતિ તાલુકાઓમાં અમલી બનશે આદિજાતિ તાલુકાઓના ગામડાઓમાં પાણી સમિતિ ધ્વારા લોકફાળાના સહયોગથી આ યોજનાનો લાભ મળશે.આ યોજનામાં પોશીના, વિજયનગર અને ખેડબ્રહ્માના ૨૦ જયારે ઈડરના પાંચગામડા, વોરાવાવ અને રતનપુર ગામનો સમાવેશ કરાયો છે.

## પાટણ જિલ્લામા રાહત કામગીરી પુર જોશમાં

પાટણ

પાટણ જિલ્લામાં ભારે વરસાદને કારણે ૧૬૪ ગામો વધુ અસરગ્રસ્ત બન્યા છે. અસરગ્રસ્તે લોકોની મદદ માટે રાજય સરકાર, કેન્દ્રન સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓિ કામગીરી કરી રહી છે. અત્યાર સુધીમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ૫,૧૩,૫૨૯ ફૂડ પેકેટ અને ૬,૪૮,૨૬૧ પીવાના પાણીના પાઉચ અને ૯,૪૪૬ અન્ય૧ રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું છે. ૩૮,૮૬૩ લોકોનું સ્થોળાંતર કરવામાં આવ્યું છે. વરસાદ બંધ થતાં જિલ્લા વહીવટીતંત્ર પાટણ દ્વારા જમીન ધોવાણ, મકાન, ઘરવખરી, પશુમૃત્યુના સર્વેની કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવી છે. પાટણ જિલ્લામાં રાજય સરકારના મંત્રીઓની સીધી દેખરેખ હેઠળ રાહત કામગીરી કરવામાં આવી રહી છે.પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે ૭ માનવ મૃત્યુ થતાં અત્યાર સુધીમાં ૩ વ્યતકિતઓને રૂ. ૧૮ લાખની સહાય ચુકવવામાં આવી છે. ૧૨૭૧ પશુ મૃત્યુ થતાં ૧૭૦ પશુઓના રૂ.૩૧.૩૦ લાખની સહાય ચુકવવામાં આવી. ૧૫,૫૪૭ વ્યકિતઓને રૂ.૭૧.૫૯ લાખની કેશડોલ્સની સહાય ચુકવવામાં આવી. ૯૨૮ વ્યકિતઓને રૂ.૩૩.૬૫ લાખની ઘરવખરીની સહાય ચુકવવામાં આવી. અત્યાર સુધીમાં ૧૨ ઝુંપડાં, ૩૪૩ કાચા મકાન અને ૮૨ પાકા મકાન એમ કુલ ૪૩૭ મકાનોનો નુકશાનીનો સર્વે પુરો કરવામાં આવ્યો છે. જેમાં સંપૂર્ણ નાશ પામેલ ૨ મકાનો અને અંશત નાશ પામેલ ૭ ઝુંપડાં, ૪ કાચા મકાન અને ૧૬ પાકા મકાન એમ કુલ ૨૭ લાભાર્થીઓને રૂ. ૨.૪૩ લાખની મકાન નુકશાનીની સહાય ચુકવવામાં આવી છે.પાટણ જિલ્લામાં અંદાજે ૧,૫૯,૨૫૦ હેકટર જમીનનું ધોવાણ થયેલ છે. તેની સર્વેની કામગીરી ચાલુ કરવામાં આવી છે. તેમ જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મહેસાણાઃ વિદેશ મોકલવા ૫.૫૦ લાખ લઈ ઠગાઈ કરતાં આધેડની આત્મહત્યા

મહેસાણા

મહેસાણાના વિસનગર લીંક રોડ પર આવેલી સવિનય સોસાયટીમાં રહેતા એક નિવૃત્ત ડ્રાઇવરે વિદેશ જવા રૂ.૫.૫૦ લાખ અને ડોક્યુમેન્ટ આપ્યા પછી શખસોએ વિશ્વાસઘાત કરી પૈસા પરત નહીં આપી ધમકીઓ ઉચ્ચારતાં ત્રાસથી કંટાળીને ઘરમાં રાત્રે પંખે ગળે ફાંસો ખાઇ જીવન ટૂંકાવી દીધું હતું. મૃતકના પુત્રએ એ ડિવિઝન પોલીસ મથકે ઠગાઇ કરનારા શખસ અને તેની પુત્રવધૂ સામે ફરિયાદ નોંધાવતાં પીએસઆઇ ડી.બી. રાઠોડે તપાસ હાથ ધરી છે.

મહેસાણામાં સ્પેશિયલ મિલ્ક ઓડીટ કચેરીમાં ડ્રાઇવર તરીકે નોકરી કરી ત્રણ વર્ષથી નિવૃત્ત કિશોરકુમાર જીવણલાલ બ્રહ્મભટ્ટ પુત્ર પ્રિયાંકની માનવઆશ્રમ સ્થિત દુકાનમાં મદદરૂપ થતા હતા. ત્રણેક માસ અગાઉ નીચા ભાટવાડાના તેમની જ્ઞાતિના દિનેશભાઇ ગુણવંતભાઇ બારોટ ઉર્ફે ગરમીએ આવીને કહેલું કે, હું અને દીકરાની વહુ વિદેશ મોકલવાનું વિઝા કન્સલ્ટીંગનું કામ કરીએ છીએ અને વિદેશ અને નોકરીની વાત કરી હતી.કિશોર-કુમારે તેમની પત્ની પદમાબેન બંનેને વિદેશ જવા માટે ડોક્યુમેન્ટ અને ટુકડે ટુકડે બેંકમાંથી ૫.૫૦ લાખ ઉપાડીને દિનેશ બારોટને આપ્યા હતા અને બાકીના પૈસા થોડા દિવસ પછીનું નક્કી થયું અને ૨૧ જુલાઇ સુધીમાં વિઝા અને નોકરી કામ પૂરું થઇ જશે તેવી વાત કરી હતી. પછી વિઝા ન આવતાં પૈસા અને ડોક્યુમેન્ટ પાછા માંગતા આ શખસે હાથ અધ્ધર કરી ફોન પર ધાકધમકી આપવાનું શરૂ કર્યુ હતું. છેલ્લે મંગળવાર રાત્રે ૧૧ વાગ્યે ફોન પર ધમકી ઉચ્ચારી હતી. બાદમાં ઘરે બધા સૂઇ ગયા હતા. જેમાં બુધવારે સવારે ૫-૩૦ વાગે પ્રિયાંકે જાગીને જોયું તો પિતા પથારીમાં ન હોઇ પ્રથમ માળે તપાસ કરતાં પ્લાસ્ટકીની દોરીથી પંખે ગળે ફાંસો ખાધેલ હાલતમાં લટકતા હતા. બુમાબુમ કરતાં આસપાસથી લોકો ભેગા થઇ ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ લઇ જતાં તબીબે કિશોરકુમારને મૃત જાહેર કર્યા હતા. તેમની લાશનું પીએમ કરી પરિવારજનોને સોંપાઇ હતી. આ બનાવ અંગે પ્રિયંકભાઇ કિશોરકુમાર બ્રહ્મભટ્ટે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નીચા ભાટવાડાના દિનેશ ગુણવતંભાઇ બારોટ તેમજ તેમના દીકરાની વહુ સંગીતા સામે આપઘાત માટે દુષ્પ્રેરણ તેમજ છેતરપિંડી અને ઠગાઇ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી.

## મહેસાણાઃ પોલીસની હેરાનગતિથી બચાવવા ટેક્ષીચાલક પાસે લાંચ લેતાં ૨ ઝબ્બે

મહેસાણા

કડીના નંદાસણ ચોકડી આગળ પોલીસની હેરાનગતિથી પેસેન્જર વાહનને બચાવવા રૂપિયાની માંગણી કરતા ૨ વચેટિયાઓને બુધવારે ગાંધીનગર એસીબીએ છટકું ગોઠવીને ઓડીયો-વીડિયો રેકોર્ડિંગ સાથે કડીના બે શખસોને રૂપિયા ૭૦૦ની લાંચ લેતાં રંગેહાથ પકડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.ક્ષી તરીકે ફરતા વાહનને પોલીસથી બચાવવા કડીના ૨ શખસો લાંચ માંગતા એસીબીના ટોલ ફ્રી નંબર ઉપર વાહન ચાલકે ફરિયાદ કરી હતી. જેને પગલે બુધવારે સવારે ૧૧-૩૦ વાગ્યાના અરસામાં ગાંધીનગર એસીબી પીઆઇ ડી.વી. પ્રસાદ, કે. આર ડાભી સહિતની ટીમ દ્વારા નંદાસણ ચોકડી પર છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં વાહન ચાલક પાસેથી રૂ.૭૦૦ની લાંચ લેતાં કડીના અકબર જાનમહમંદ ચૌહાણ અને યુસુફભાઇ મીયાભાઇ મલેક નામના ૨ ખાનગી વ્યક્તિને પકડી લેવાયા હતા.આ છટકાનું ઓડિયો અને વીડિયો રેર્કોડિંગ પણ કરાયું હતું. મુસાફરો ભરીને ફરતા ખાનગી વાહનચાલકને પોલીસની હેરાનગતિથી બચાવવા આ શખસોએ લાંચ માગી હતી. આ બંને શખસોને પકડીને મહેસાણા એસીબી કચેરીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઇ હતી.

# કાંકરેજના પાણીગ્રસ્ત ગામડાના લોકોને પીવાના પાણીના ફાંફા

## સાહેબ... સહાય ખૂબ આવી છે હવે ખમૈયા કરો : પીવાનું પાણી આપવાનું કહો : લોકોનાં ઘરો ભરાઈ ગયાં છે : કપડાં રસ્તે રઝળી રહ્યાં છે : મહિલાઓનો કકળાટ...

તાલુકા પ્રતિનિધિ થરા

બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારના કાંકરેજ તાલુકાના કેટલાંક ગામડાં બનાસ નદીના ઘોડાપૂર અને નર્મદા કેનાલના પાણીના કારણે પાણીગ્રસ્ત બન્યા હતા. જેમાં નદી તટ વિસ્તારના ગામડાઓમાં પાણી આવ્યા હતા. જેનાથી વિકટ સમસ્યા ઉભી થઈ તેના કરતાં વાહન વ્યવહાર માર્ગ ક્ષતિગ્રસ્ત ચારેબાજુથી થતાં લોકસંપર્ક તુટતાં ને વોટ્સઅપ-ફેસબુકને અફવાઓના મારા થકી બહુ ભયંકરતા બતાવવામાં આવી. જેના પગલે રાજ્યભરના જિલ્લાઓના ગામડા શહેરોની પ્રજા હચમચી ઉઠી છે ને સહાયનો ધોધ વહાવી રહી છે. ૨૦૦૧ ના ભયાનક ભૂકંપ કરતાં સહાયનો ધોધ વધુ વહેતાં હવે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના


યશપાલસિંહ ટી.વાઘેલા

ગામડાઓના સરપંચ સહિત આગેવાનોની હાલત બહુ ખરાબ બની છે. જેઓ જણાવે છે કે અમારા ગામમાં માત્ર દશ ટકા લોકોને સાચું નુકસાન છે. પણ હવે બધા જ ઉભા થયા છે. જો સહાય આપવી જ હોય તો આખા ગામને આપો નહીંતર અમારામાં અંદરોઅંદર વિવાદ થશે. તો કેટલીક મહિલાઓ નિર્દોષ ભાવે કહેતી હતી. સાહેબ, બધા પ્રકારની સહાય ખૂબ આવી છે. હવે ઘરમાં મુકવાની જગ્યા નથી. જો આપવું જ હોય તો પીવાનું શુદ્ધ પાણી આપો. લાઈટ ઝડપી ચાલુ કરાવો.. રસ્તા હજુ બંધ છે. આ બધું કરો હવે તો લોકો ધન ભૂખ્યા હોય તેવું લાગે છે. કુદરતનો ડર રહ્યો નથી. જેટલું આવે એટલું લેવું જ છે. આ મહિલાઓનો આક્રોશ સાચો લાગતો હતો. કપડાંના ઠેરઠેર ઢગલા કાદવમાં કે ગામના ગોદરે પડેલા જોવા મળતા હતા. ટુથબ્રશથી માંડીને બધું જ મળતું હતું. કેટલીક સેવાભાવી સંસ્થાઓ ગામડે જઈને બે ટાઈમ ગરમાગરમ જમાડી રહ્યા છે.

પૂરગ્રસ્ત વિસ્તારના લોકો કહે છે. હવે બહુ મળ્યું છે. માનવી ધન ભૂખ્યો થયો છે ક્યારેય નહી ધરાય... હવે હદ થઈ છે. જ્યાં પૂરની અસર નથી ત્યાં પણ લોકો રાહત સામગ્રીને સહાય. કેશડોલ્સ મેળવવા હોડ મુકી રહ્યા છે. ત્યારે નર્મદા કેનાલ તૂટતાં કાંકરેજ તાલુકાના થરા સહિતના મોટાભાગના ગામડા પીવાના પાણીની વિકટ સમસ્યા ભોગવી રહ્યા છે. પીવાનું પાણી જ આજે મુખ્ય સમસ્યા છે.

# બનાસ નદીના ખાડા જીવલેણ : યુવાન સહિત બેનો ભોગ લેવાયો

**નદી વિસ્તારના ગામડાંના લોકો બાળકો નદીમાં ન જાય તેની તકેદારી રાખે : નદીમાં ડૂબતા વ્યક્તિનો વિડીયો વાયરલ**




ભરત સુંદેશા

ડીસા

દાંતીવાડા અને સીપુ ડેમના ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે બંન્ને ડેમો 'ઓવરફલો' થઈ જતાં બબનાસનદી બે કાંઠે વહેવા લાગી છે. બે વર્ષ બાદ બનાસનદી ફરી સજીવન થઈ ઉઠતા ખેડૂતોમાં ઉલ્લાસ જોવા મળી રહ્યો છે. પરંતુ ઉપરવાસમાં વરસાદ બંધ થતા ડેમોમાં પાણીની આવક પણ ઓછી થતાં દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે પણ દાંતીવાડા ડેમમાં પાણીની આવક ચાલુ રહેતા એક દરવાજો ખુલ્લો રખાયો છે જેના કારણે બનાસનદીમાં હજુ એ પાણી વહી રહ્યું છે તેવા સમયે અબાલ - વૃધ્ધોને બનાસમાં નાહવાની ઘેલછા જાગે છે પણ બે વર્ષ સુધી કોરી ધાકોર પોલી બનાસ નદીના પટમાં લીઝધારકો દ્વારા મસમોટા ખાડા અને ઊંડી કોતરો પાડી દેવામાં આવી છે જે નદીમાં નાહવા પડતા લોકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે અત્યાર સુધી ડીસા નજીક બે લોકો એ જીવ ગુમાવ્યો છે જેમાંના એક વ્યક્તિનો તો ડુબતો વીડીયો પણ વાયરલ થયો છે. બે વર્ષ અગાઉ પણ બનાસ નદી એ અનેક લોકોનો ભોગ લીધો હતો ત્યારે આ વર્ષે સજીવન થયેલી લોક માતા વધુ કોઈનો અનુસંધાન પાના નં.૬

## મુખ્યમંત્રી જીલ્લા આપતિ વ્યવસ્થાપન કેન્દ્રની મુલાકાતે...





મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી છેલ્લા પાંચ દિવસથી બનાસકાંઠામાં હાજર રહીને પુર રાહત કામગીરી ઉપર નજર રાખી રહ્યા હતા. ગઈ સાંજે જ્યારે તેઓ ગાંધીનગર જવા માટે નીકળ્યા ત્યારે જીલ્લાના આપતિ વ્યવસ્થાપન કેન્દ્રની મુલાકાત લીધી હતી અને તેની સમગ્ર કામગીરીની સમીક્ષા કરી હતી. તેઓની સાથે રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી પણ જોડાયા હતા. તેઓએ કેન્દ્રના અધિકારીઓ તથા કર્મચારીઓની કામગીરીને બિરદાવી હતી. રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી પણ સતત આપતિ વ્યવસ્થાપન કેન્દ્રના સંપર્કમાં રહી કામગીરીને વેગ આપ્યો હતો.

## માં અંબાના દર્શન કરી મુખ્યમંત્રી રૂપાણી ગાંધીનગર પરત ફર્યા...


હિતેન્દ્ર અગ્રવાલ



અંબાજી

તાજેતરમાં પડેલાં ભારે વરસાદથી ગુજરાતભરમાં ભારે ખાનાખરાબી સર્જાઇ હતી. જેનાં પગલે બનાસકાંઠા જીલ્લામાં પણ વધારે અસર જોવા મળી હતી જેનાં પગલેં રાજ્યનાં મુખ્ય પ્રધાન વિજય રૂપાણી સતત પાંચ દિવસ પુરનાં અસરગ્રસ્તોની સાથે રહી તેમને વધુમાં વધુ સહાય થાય અને બનાસાકાંઠો જીલ્લો ફરી બેઠુ થાય તેવાં પ્રયત્નો મુખ્ય પ્રધાન વિજય રૂપાણીનાં દ્વારા કરાયા હતા અને પાંચ દિવસ પોતાની સમગ્ર કાર્યાલય બનાસકાંઠાને બનાવી હતી. આજે વિજય રૂપાણી પોતાના પાંચ દિવસ બનાસકાંઠાના પુર્ણ કરી પરત ગાંધીનગર ફરતાં પહેલાં આજે વહેલી સવારે પોતાના પરીવાર સાથે યાત્રાધામ અંબાજી ખાતેમાં અંબાને નત્તમસ્તક થવાં પહોંચ્યા હતા. જ્યાં મંદિર ટ્રસ્ટ દ્વારા તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કરાયુ હતુ અને નીજ મંદિર માં માતાજીની પુજા અર્ચના કરી કપુર આરતી ઉતારી હતી. આ પ્રસંગે મંદિર ટ્રસ્ટ દ્વારા માતાજી ની પ્રતીમા સ્મૂર્તી ચિન્હ સ્વરૂપે ભેટ અપાઇ હતી અને ત્યારબાદ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી માતાજી ની ગાદી ઉપર ભટ્ટજી મહારાજ પાસે રક્ષા પોટલી બંધાવી આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ તેમનાં એક મિત્ર હેતલરાજગુરુ સાથે પરીવાર સહીત માતાજી ની ધજા ચઢાવી હતી અને ત્યાર બાદ પોતે ગાંધીનગર જવા માટે રવાના થયા હતા અને તેમનાં ધર્મપત્ની તથા અનુસંધાન પાના નં.૬

## કુવાણામાં જમીન ધોવાણના સર્વે મામલે બે પરિવારો વચ્ચે ઉગ્ર ઝઘડો થતાં એકનું મોત


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

લાખણી તાલુકાના કુવાણા ગામે જમીન ધોવાણના સર્વે બાબતે માથાકુટ થતાં બંન્ને પક્ષના લોકો લાકડી ધોકા લઈ તુટી પડતાં આ દરમીયાન એક આધેડ ઈસમને મથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નીપજેલ લાખણી તાલુકાના કુવાણા ગામે ગુરૂવારે દરબાર ભમરજી ગમજી (ઉ.વ.૫૫) અને રૂડાભાઈ હોથીભાઈ રાજપુત વચ્ચે ગુરૂવારે જમીન ધોવાણના સર્વે મુદે ઝઘડો થવા પામેલ. અને બંન્ને પરીવારો વચ્ચે અથડામણ સર્જાયેલ. જેમાં વાઘેલા ભમરજી ગમજી માથાના ભાગે લાકડી વાગતાં તેઓને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેઓનું ઘટના સ્થળે મોત નીપજેલ. આ બાબતે મૃતકના ભાઈ હકજી ગમજી વાઘેલાએ ભરતભાઈ દેવાભાઈ રાજપુત, રૂડાભાઈ હોથીભાઈ રાજપુત, ભરતભાઈ તેજભાઈ રાજપુત, મનસુંગભાઈ હોથીભાઈ રાજપુત, ભલાભાઈ જેઠાભાઈ રાજપુત, હોથીભાઈ રૂપાભાઈ રાજપુત, વિહાભાઈ કલાભાઈ રાજપુત તમામ વિરૂધ્ધ ખુનના ગુન્હા અંગેની ફરીયાદ દીઓદર પોલીસ મથકે નોધાવેલ છે. જેની તપાસ દીઓદર પી.એસ.આઈ. આર.બી.વાધીયા ચલાવી રહેલ છે.બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચેલ.કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસ પેટ્રોલીંગ અને બંધોબસ્ત ગોઠવી દીધો હતો.

# સોતમલાના ગામ તળાવમાં ડૂબી જતા યુવકનું મોત

**યુવકના અકાળે મોતથી અરેરાટી**


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના સોતમલા ગામના માજીરાણા ધીરાભાઈ રેવાભાઈ (ઉ.વ.૨૫)ના ઘરની બાજુમાં આવેલ તળાવમાં ગુરૂવારની સાંજે તેમની ભેંસ તળાવમાં પડી હતી જેથી તળાવમાંથી ભેંસને બહાર કાઢવા તે કિનારે જતાં હતાં તેવામાં પગ લપસી જતાં તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેની જાણ ગામના બ.કાં.જિલ્લા ભાજપ કારોબારી સભ્ય વીરજીભાઈ કે.બારોટ અને સામાજીક કાર્યકર કનુભાઈ બારોટને થતાં તેમણે મોડી રાત સુધી તેની શોધ ખોળ પાણીમાં કરી પરંતુ લાશ મળી ન હતી.બાદમાં ડીસા મામલતદાર ઠાકોર, ના.મામલતદાર પારઘીએ થરા ગામેથી તરવૈયા દિનેશભાઈને બોલાવી મહા મહેનતે લાશ બહાર કઢાવી અનુસંધાન પાના નં.૬

### બનાસકાંઠા - પાટણ જિલ્લા માટે ૧૫૦૦ કરોડની રાહત પેકેજને આવકારાયું

પ્રતિનિધિ થરા

રાજ્ય સરકારે પૂરગ્રસ્ત બનાસકાંઠા અને પાટણ જિલ્લા માટે રૂા. ૧૫૦૦ કરોડની રાહત-સહાય પેકેજ જાહેર કર્યું છે. તેમાંય ખેડુતો અને વેપારીઓ માટે વિશેષ જોગવાઈ કરી છે. રાજ્ય સરકારના આ નિર્ણયને ભાજપ કિસાન મોરચાએ આવકાર્યો છે. જે માટે પ્રદેશ ભાજપ કિસાન મોરચાના પ્રમુખ બાબુભાઈ જેબલીયા, પ્રદેશ મહામંત્રી ફલજીભાઈ ચૌધરી, પ્રદેશ ઉપપ્રમુખ કિર્તિસિંહ વાઘેલાએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કાંકરેજ તાલુકાના પૂરગ્રસ્તોની મુલાકાત લેતા વિહિપના રાષ્ટ્રિય અધ્યક્ષ પ્રવિણ તોગડિયા


(યશપાલસિંહ ટી. વાઘેલા)

તા.પ્રતિનિધિ થરા

બનાસ નદીના ઘોડાપૂરે રાજ્ય સરકાર અને સેવાભાવી સંસ્થાઓ મહાનુભાવોને જિલ્લાના પછાત પણું જોવા આકર્ષ્યા હોય તેવો માહોલ ઉભો થયો છે.કાંકરેજ તાલુકાના બનાસ તટ વિસ્તારને કેટલાક આજુબાજુના ગામડામાં બનાસના ઘોડાપુર નર્મદા કેનાલે અથડાઈને ડાયવર્ટ થતાં પૂરના પાણી ૧૦ થી ૧૫ ફુટ જેટલાં ઘુસતા ૪૫ જેટલી માનવ જાન હાની ઉપરાંત પશુઓનાં મોત થયાં ઘરવખરી સહીત કૃષિ પાકને નુકશાન અને જમીન ધોવાણ થયું છે. જેના અહેવાલો ઈલેક્ટ્રોનિક પ્રિન્ટ મિડિયાએ જોરશોરથી પ્રસિધ્ધ કરતાં બધી દિશામાંથી લોકો પૂરરાહત સામગ્રી લઈને બનાસકાંઠામાં દોડી આવ્યા છે. ત્યારે વિશ્વ હિન્દુ અનુસંધાન પાના નં.૬

## પૂરગ્રસ્ત ગામોમાં શિક્ષણ અને આરોગ્યની સેવાઓને પ્રાથમિકતા અપાશે : શંકરભાઈ ચૌધરી

ડીસા

બનાસકાંઠામાં આવેલ આકાશી આફતસમી અતિવૃષ્ટિનો પ્રજાજનો મક્કમ મને સામનો કરી રહ્યા ત્યારે પ્રજાની સેવામાં રાજ્ય સરકાર પણ જરાયે પાછીપાની કરી રહી નથી. ગતરોજ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જિલ્લાને બેઠો કરવા, ૧૫૦૦ કરોડના પેકેજની જાહેરાત કરી છે તે સંજોગોમાં ઝડપભેર જિલ્લામાં પરિસ્થિતિને થાળે પડી રહી છે.



મુખ્યમંત્રીએ પાંચ દિવસના જિલ્લાના રોકાણ બાદ આજે જિલ્લામાંથી વિદાય લીધી છે ત્યારે રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરી સમગ્ર જિલ્લામાં પરિસ્થિત ઝડપથી થાળે પડે અને જનજીવન સામાન્ય બને તે માટે ગામડાઓ ખૂંદી રહ્યા છે.

બાળકોના શિક્ષણની સતત ચિંતા કરતા રાજ્યમંત્રી શંકરભાઈએ ગઈકાલે વાવ ખાતે બાળકોને શિક્ષણની કીટનું વિતરણ કર્યુ હતું. સાથે સાથે પૂરથી અસરગ્રસ્ત ૨૩ ગામોમાં રાજ્ય અનુસંધાન પાના નં.૬

# ખારીયા ગામના અપંગ મોભીએ સુઝબુઝથી ૩૦ જણના પરિવારનો જીવ બચાવ્યો

**કલાકો સુધી મોત સામે ઝઝુમ્યા પણ પાણીનો પ્રવાહ વધુ હોઈ કોઈ સહાય ન મળી**


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકાના ખારીયા ગામે તા. ૨૩ મી જુલાઈની દર્દનાક રાત ગ્રામજનો ક્યારેય ભુલી શકે તેમ નથી. ભારે વરસાદ અને પૂરના કારણે એક જ પરિવારના ૧૭ સભ્યોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

ત્યારે એ જ ભયાનક રાતે ખારીયા ગામના અપંગ પરંતુ હિંમતવાન ભૂપતસિંહ વાઘેલાએ ચારે બાજુ આઠથી દશ ફુટ પાણીથી ઘેરાયેલા પોતાના ૩૦ જણના પરિવારને સુઝબુઝથી પૂરમાંથી ઉગારી તેમનો જીવ બચાવ્યો હતો. તેઓએ સમસ્ત પરિવારને ઘરના વરંડા ઉપર ચડાવી દઈ કલાકો સુધી મોત સામે ઝઝુમ્યા હતા. પરંતુ પાણીનો પ્રવાહ વધુ હોઈ કોઈ સહાય મળી શકી ન હતી. પોતાની આપવીતિ જણાવતા ખારીયા ગામના ભૂપતસિંહ બળદેવસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે તા.૨૩ મી જુલાઈના રોજ અનુસંધાન પાના નં.૬

# રાધનપુરના મસાલી ગોકુળપુરામાં ડૂબી જવાથી યુવાનનું મોત

પ્રતિ. રાધનપુર

રાધનપુર તાલુકામાં ગુરૂવારે પાંચના ડુબી જવાના સમાચારની શાહી સુકાઈ નથી ત્યાં મસાલી ગોકુળપુરા ગામે અઢાર વર્ષીય મેહુલકુમાર નારણલાલ ચાવડા શુક્રવારે સવારે ૧૧ વાગ્યાના સુમારે ખેતરમાં જઈને ઘર તરફ આવતો હતો એ સમય દરમ્યાન રસ્તામાં પાણીનો ઉંડો ખાડો પસાર કરતા ગોથુ ખાઈને અંદર પડી ગયેલ અને અનુસંધાન પાના નં.૬


## બેસણું


સ્વ.ગોદડભાઈ અજુભાઈ દેસાઈ
(રજયા) સ્વ.તા. ૨-૮-૨૦૧૭, બુધવાર
મુ.પો.પમરૂ, તા. ડીસા

અમારા કાકાશ્રી ભુવાજી
**શ્રી ગોદડભાઈ અજુભાઈ દેસાઈ**
(રજયા) નું દુ:ખદ અવસાન તા. ૨-૮-૨૦૧૭ ને બુધવારના રોજ થયેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂં. સદ્‌ગતનું બેસણું તા. ૫-૮-૨૦૧૭ ને શનિવારના રોજ રબારી સમાજના રીત-રીવાજ મુજબ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

**સ્થળ : મુ.પમરૂ, તા.ડીસા જિ.બનાસકાંઠા**

લિ.
દેસાઈ મગનભાઈ ગોદડભાઈ (પુત્ર)
દેસાઈ અમરતભાઈ ગોદડભાઈ (પુત્ર)
દેસાઈ જીવાભાઈ દાંનાભાઈ (માજી સરપંચ)
દેસાઈ મફાભાઈ રાયમલભાઈ
દેસાઈ સ્વ.તેજાભાઈ ધુડાભાઈ
દેસાઈ બાબુભાઈ ચેલાભાઈ
દેસાઈ ભુરાભાઈ સરતાનભાઈ
દેસાઈ પરબતભાઈ ચેલાભાઈ
દેસાઈ ઈશ્વરભાઈ ધુડાભાઈ
(પી.એસ.આઈ., સુરત)
તથા - સમસ્ત રજયા પરિવાર-પમરૂ



## હાર્દિક અભિનંદન


**શ્રી વિજયભાઈ રૂપાણી**
મુખ્યમંત્રીશ્રી, ગુ.રાજ્ય


**શ્રી શંકરભાઈ ચૌધરી**
આરોગ્ય મંત્રીશ્રી, ગુ.રાજ્ય


**શ્રી કેશાજી ચૌહાણ**
રાજ્ય મંત્રીશ્રી, ગુ.રાજ્ય

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિને કુદરતી આપદામાં ગૌશાળા-પાંજરાપોળને ગુજરાત સરકારની ભેટ**

બનાસકાંઠા-પાટણ જિલ્લામાં આવેલ કુદરતી આફતમાં મદદરૂપ થવા બદલ તથા તમામ ગૌશાળા-પાંજરાપોળને પશુ દીઠ-૩ કિલો દાણ અને ૪ કિલો ઘાસ ૭ દિવસ સુધી તથા અન્ય મદદ આપવાનો નિર્ણય લેવા બદલ તથા અન્ય અસર ગ્રસ્તોને મદદરૂપ થવા બદલ લોકોના દુખે દુ:ખી અને લોકોના સુખે સુખી એવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી,મા.મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી અને શ્રી કેશાજી ચૌહાણ,ગૌ સેવા આયોગ ગાંધીનગરના ચેરમેન શ્રી વલ્લભભાઈ કથીરીયા આદીનો ગૌશાળા - પાંજરાપોળ સંઘ તથા બનાસકાંઠા જીલ્લા ગૌશાળા પાંજરાપોળ ફેડરેશન પરિવાર ખૂબ ખૂબ અનુમોદના કરે છે.તથા હૃદય પૂર્વક આભાર માને છે.

લિ.

**કે.પી.શાસ્ત્રી** – પ્રમુખશ્રી
**જયંતિલાલ બી.દોશી** – મેનેજીંગ ટ્રસ્ટી
**છત્રસિંહ ખેર** – મહામંત્રી
ગુજરાત રાજ્ય ગૌશાળા - પાંજરાપોળ સંઘ ગાંધીનગર

**ચીનુભાઈ શાહ** – પ્રમુખ
**બાલકુષ્ણ શાસ્ત્રી** – ઉપપ્રમુખ
**સુરેશભાઈ પરીખ** – મેનેજીંગ ટ્રસ્ટી
બનાસકાંઠા જીલ્લા ગૌશાળા પાંજરાપોળ ફેડરેશન